## પ્રકરણ – ૯

# આદિવાસી લોકમહાકાવ્યોની વર્ણનકલા

- ‘ભીલોનું ભારથ’ વર્ણનકલા
- કુંતી
- દ્રૌપદી
- સુભદ્રા
- હીરાપથ
- હિડિંબા
- ઈંદ્રાણી
- ‘રોમ સીતમાની વારતા’ વર્ણનકલા
- ‘ગુજરાંનો અરેલો’ લોકમહાકાવ્યની વર્ણનકલા
- ‘રાઠોર વારતા’ લોકમહાકાવ્યની વર્ણનકલા

# પ્રકરણ – ૯

# આદિવાસી લોકમહાકાવ્યોની વર્ણનકલા

ભીલ સમાજને સંસ્કૃતિ સાથે સંબંધ છે ત્યાં 'પૃથ્વીની ઉત્પતિકથા', 'જગદે', 'કોલરિયો', 'હંસદેવ', 'કરમીરો', 'દેવરો', 'રોમ – સીતમાની વારતા', 'ભીલોનું ભારથ', 'રાઠોર વારતા', 'ગુજરાંનો અરેલો', જેવાં લોક મહાકાવ્યોને વર્ષનાં ઋતુચક્ર સાથે જોડી શકીએ છીએ. આવાં લોકમહાકાવ્યો ફકત કથારસને સંતૃપ્ત કરવા માટે જ નથી આવતાં પરંતુ ભીલ જીવનની કોઈને કોઈ ધાર્મિક – સામાજિક પ્રણાલીને અને જીવનરીતિને ક્રિયાશીલ કરીને સંપન્ન બનાવવા માટે આવે છે. તે ભીલ સમાજના ધાર્મિક અનુષ્ઠાનોના સમયે તેમના ચોખ્ખા અને કોબરિયા ઠાકોરની જેવાં મેલાં ધાર્મિક અનુષ્ઠાન તહેવાર અને સામાજિક પ્રસંગોના ખાસ પ્રકારના વાતાવરણના પ્રભાવ તળે, ગાયક અથવા કથાવાચકના કંઠથી તથા દર્શક શ્રોતાઓના સહયોગથી પોતાનું કલામય સ્વરૂપ ધારણ કરે છે.

ઋતુચક્ર પ્રમાણે આવતા આયાનમાં આ લોકમહાકાવ્યો મહામાર્ગી બીજ જેવા ચોખ્ખા અને કોબરિયા ઠાકોરની જેવા મેલાં ધાર્મિક અનુષ્ઠાનોના સમયે તેમના સાધુ અને ભોથા (ઓઝા) દ્વારા તંબૂર, મંજીરા, સાંગ, વાંસળી, જેવા લોકવાદ્યો પર ગાવામાં આવે છે અને વારતા કહેવામાં આવે છે.

સાંગ નામના ચર્મવાદ્ય પર કોળી સમયે ગાવમાં આવતી કોબરિયા ઠાકોરની વારતા, ભૂત – પ્રેતનો વળગાડ દૂર કરવા લયાત્મક ગદ્યમાં કહેવામાં આવતો પૃથ્વી કે સૃષ્ટિઅની ઉત્પતિ વિષયક ઝારો કે વહી, મહામાસમાં દેવરાની મૂર્તિઓ સ્થપવાના ટાણે તંબૂર ગાવામાં આવતી દેવરા કે નવલાખ દેવીઓની વારતાના પ્રસંગો કે ઘટનાઓમાં આદિકાળ માનવનાં માતૃસતાક સમાજવ્યવસ્થાનાં લક્ષણો પ્રતિબિંબિત થાય છે.

ભીલોના કોબારિયા ઠાકોરની વારતામાં કોળીના ધાર્મિક અનુષ્ઠાન સમયે માતાના આદેશને જ અનુસરે છે. માતાના આદેશથી જ જળજોગણીને શિષ્યા અને ઈન્દ્રને શિષ્ય બનાવે છે. ભૂત – પ્રેત કાઢવાના ઝારા, વહી કે સમાધિની વારતામાં પણ સૃષ્ટિની રચના કરવા માટે

આવશ્યક ધરતીના બીજ વાસુકિ નાગના મુખમાંથી લાવવા ઝળુકાર ભગવાન નિષ્ફળ જાય છે. ત્યારે ઉમિયા (અંબાવ) કાચબીનો વેશ લઈને ધરતીનાં બીજ લાવવામાં સફળ થાય છે. અને સૃષ્ટિની રચનામાં સહભાગી બને છે. અહીં સંપાદિત 'દેવરાની વારતા'માં તો અંબાવદેવી જ મોટા ભાગના પ્રસંગો – ઘટનાઓની કર્તા – હર્તા – ધર્તા છે. સમગ્ર વારતામાં તેનું પ્રભાવી ચરિત્ર વ્યાપત છે. નવલાખ દેવીઓને તેનો આદેશ જ શિરોમાન્ય છે. કાળા – ગૌરા ભેરવ અને ગુણકો (ગણપતિ) જેવા પુરુષ દેવતાની સર્જનહાર પણ દેવી સંભાવ છે. ધવળાલોક (પૃથ્વીલોક)માં બધાં દેવી – દેવતાને મૃણ (માટી) ની પ્રતિમામાં આવતરણ કરાવનાર પણ અંબાવદેવી છે.

ઋગવેદ કોઈ એક કાળ વિશેષની રચના નથી પરંપુ અનેક યુગોના ઋષિઓની ઋચાઓનું સંકલન છે. આદિયુગના અંતે ઋષિ પોતાના ભાવ અને વિચાર લિખિતરૂપે વ્યકત કરવા લાગ્યા હતા. આરંભમાં દેવ શબ્દનો પ્રયોગ મળતો નથી. પરંતુ (અમ્મા) માતા સર્વપ્રમુખ દેવ શબ્દનો પ્રયોગ મળતો નથી. પરંતુ (અમ્મા) માતા સર્વપ્રમુખ દેવતા હતી. જે આગળ જતાં અંબાવદેવી (દેવરાની વારતામાં આ શબ્દનો પ્રયોગ થયો છે) રૂપે સ્થાપિત થઈ તે બાબત ભીલોની પ્રાચીન વારતા દેવરા (પુરાકથા)માંથી પણ ફલિત થાય છે.

માતૃસતાક સમાજવ્યવસ્થામાં ભોગ – વિલાસ માટે પૂર્ણ સ્વચ્છતા હતી. પણ માતા – પુત્રના રતિ સંબંધનો નિષેધ હતો. આમ છતા ભાઈ – બહેનનો વિવાહ ગ્રાહ્ય હતો. તે બાબતની પ્રતીતિ ઋગવેદના ભાઈ – બહનેનાં લગ્નસંબંધના સંકેતો પ્રાપ્ત થાય છે. આ પહેલાં સૂચિત કરેલી 'પૃથ્વીની ઉત્પતિકથા' અને 'કરમીરાનો અરેલો' ના પ્રસંગમાં આ અંગેનું વર્ણન પ્રાપ્ત થાય છે. જળુકાર ભગવાનના મુખમાંથી છૂટેલા અમીથી ઉમિયા દેવી અને નાભિમાંથી આવિર્ભાવ પામેલા શિવ બહેન–ભાઈ હોવા છતાં લગ્નગ્રંથિથી જોડાય છે. દિવાળીના પર્વ ટાણે ગાવામાં આવતો 'કરમીરાનો અરેલો' માં પ્રલય સમયે ચંદનવૃક્ષના પાંજરામાં રહેલાં કરમીરો અને તેની બહેન જળપ્લાવનમાંથી જીવતાં બચી જાય છે. આ પછી બંને લગ્નગ્રંથિથી જોડાયને નવી સૃષ્ટિનો આરંભ કરે છે.

અહીં ભાદ્રપદમાં આવતી બીજના સમયે 'ધૂળના પાટ' ના ચોખ્ખા અનુષ્ઠાન પર ગાવામાં અને કહેવામાં 'ભારથ' માં વ્યંજિત મહામાર્ગી જીવનદર્શનને સમજવાનો પ્રયત્ન

કરવામાં આવ્યો છે.

લોકવિદ્યાના ક્ષેત્રે કામ કરનારાઓમાં ભગવાનદાસ પટેલનું નામ ધીરે ધીરે કાઢું કાઢીને હવે અગ્રેસર થવા મથી રહયું છે. પોતાના પસંદગીના વિષય પરત્વેની લગન, તેમાં કઈક કરી છૂટવાની ભાવના અને લક્ષ્યસિદ્ધ અર્થેનો પરિશ્રમ એ ત્રણે બાબતોનું એક જ વ્યકિતમાં સંયોજન થાય તો સુંદર પરિણામ લાવી શકાય તેનું જીવંત ઉદાહરણ ભગવાનદાસ પટેલમાં પ્રાપ્ત થાય છે.

ડૉ. ભગવાનદાસ પૂરાં સાતસો પાનાના આ ગ્રંથમાં સંપાદકે આ અંગેના સંશોધન ક્ષેત્રકાર્યના સ્થળકાળ, માહિતિદાતાઓ વગેરેની વિગતો આપીને ઈ.સ. ૧૯૮૪ થી ૧૯૮૭ સુધીનાં ચાર વર્ષના ગાળામાં ભીલોનાં ઋતુચક્ર પ્રમાણે આવતા સામાજિક – ધાર્મિક પ્રસંગો – પર્વોમાં સહભાગી બનીને આનુ ક્ષેત્રકાર્ય કર્યુ હોવાતું કૃષિ સંસ્કૃતિ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. જયારે, 'ભીલોનું ભારથ' નો સમાજ પ્રમાણમાં સંકુલ અને રાજવંશ સંબંધ ધરાવે છે. આથી ભારથમાં રાજા, રાણી, દાસી, સૈનિકો અને યુદ્ધોનું વર્ણન છે. આમ છતાં અહીં પણ સ્ત્રી પર જડબેસલાક સામાજિક નિયંત્રણો નથી. સ્ત્રીઓ પુરુષના સંરક્ષણ વિના એકલી વનવિહાર કરવા જઈ શકે છે. અને અનાવૃત જળક્રિડા કરી શકે છે. અહીં રાણીઓ અભિલાષા જાગતા સોળૈયો શણગાર સજી બાગમાં વિહાર કરવા રાજાને નિમંત્રી શકે છે.

ભીલોનું ભારથ એ સ્ત્રી ગૌરવનું જ્ઞાન કરતું મહાકાવ્ય છે. તેનો આરંભ સ્ત્રીને પરિવાર–સમાજમાં ગૌરવ અપાવવા ગંગા તીર્થયાત્રાએ જતા દેડકાનો આત્મા નિઃસંતાન વાણિયાણનાં પેટમાં પ્રવેશે છે, ત્યાથી થાય છે. વાણિયાણનો પુત્ર મોટો થતાં ઈન્દ્રપુરીમાં ઈન્દ્રની ચાકરી સ્વીકારી બજાર વાળવા આવેલી સમાજમાં હલકી વરણની ભંગી સ્ત્રીને સોનાના વસ્ત્રો ઓઢાડીને, ધર્મની બહેન બનાવી તેનું ગૌરવ કરે છે.

આ ઘટના – પ્રસંગમાં મહામાર્ગી સમતાવાદી જીવનદર્શન વ્યંજિત થયું છે. આ સાધના માર્ગમાં ઉંચ–નીચના ભેદ ભૂલવાના હોય છે. માનવ માત્રનું સન્માન અને ગૌરવ કરવાનું હોય છે. સૌરાષ્ટ્રની લોકજાતિઓમાં આ મહાપંથની ઉપાસના અનેક ફાંટાઓ દ્વારા જીવંત છે. જેમકે વીસોપાટ, દાસોપાટ, રામદેવપીરનો પાટ, શિવ – શકિતનો પાટ, મહાકાલીનો પાટ, પંચમિયો પાટ, શંખાઢોળનો પાટ, બારપોરો પાટ, આ પાટ ઉપાસના ખોજા જ્ઞાતિમાં પણ ચાલી રહેલ

છે. અને એ જ ઉપાસના વિધિઓ ઘણે બધે અંશે સામ્ય ધરાવતી આદિવાસી – ડુંગરી ભીલ જેવા જંગલમાં ઘણે બધે સામ્ય ધરાવતી આદિવાસી – ડુંગરી ભીલ જેવા જંગલમાં વસવાટ કરતા આદિમ સમાજમાં ચાલી રહેલ છે. એટલે આ ગુપ્ત – ગુઢ સાધના દ્વારા પ્રાચીન અને લોકસમુદાયમાં જીવંત જોવા મળે છે.

આપણા શાસ્ત્રગ્રંથો વેદ, ઉપનિષદ, ગીતા, ભાગવતમાં ઋષિઓને અંત : પ્રજ્ઞા દ્વારા જે પરમતત્વનો સાક્ષાત્કાર કે અનુભૂતિ દર્શન થયું તે આર્ષવાણી દ્વારા વ્યકત કરેલ છે. તેમાં જ્ઞાનચર્ચા શાસ્ત્રબદ્ધ અને વેદાંત સાથે જોડાયેલી છે. તર્ક અને બુદ્ધિવાદ તેમાં પડેલો છે. પરંતુ સમાજમાં આ જ્ઞાની, શિક્ષિત તર્કવાદીઓનો વર્ગ નાનો હતો જયારે સામાન્ય લોક સમુદાય નિરક્ષર હતો, શાસ્ત્રોનો તેમનો અભ્યાસ ન હતો. તેમણે તો ભજનભરોસે, ગુરુના વિશ્વાસે નામસ્મરણ કર્યુ. ભાવભકિત અને ગુરુમુખી મંત્રથી પ્રાણાયામ, અને ષટ્ચક્રભેદન અને સહજયોગ સિદ્ધ થયો છે. આ ગામડામાં રહેતા અભણ ભજનિકોની વાણીમાં જ્ઞાન, યોગ અને રહસ્યોનો ત્રિવેણી સંગમ આપણને આશ્ચર્યચકિત કરે તેવો છે. આ મહાપંથની વાણીમાં, તેના મંત્રોમાં, ગૂઢભેદમાં, ક્રિયાયોગમાં આ બાબતો જોઈ શકાય છે.

## ‘ભીલોનું ભારથ’ વર્ણનકલા :

ભીલોનું ભારથ કુલ છવ્વીસ પાંખડીઓમાં રજૂ કરવામાં આવેલ છે. આ પાંખડીઓમાં ભારથની કથા સમાયેલી છે. ગંગાના તીર્થથી આરંભાયેલી કથા ગંગાના મૂળમાં (હિમાલયમાં) જ અવસાન પામે છે.

ડૉ. ભગવાનદાસ પટેલ રચયિતા ‘ભીલોનું ભારથ’ એક વીરતાપ્રધાન લોકમહાકાવ્ય છે. ગંગાના ગુરુને વચને બાંધતાં, ગુરુ પોતે ગંગાને વચને બાંધીને સતકુમાર સાથે તેનાં લગ્ન કરાવડાવે છે. અહીં સતવચને બંધાયા પછી કોઈ દલીલને અવકાશ રહેતો નથી. તે બાબત સ્પષ્ટપણે જુદી તરી આવે છે. લગ્નબાદ ગંગાની શરત મુજબ ત્રણ પુત્રોને સતકુમાર ગંગામાં પધરાવી દે છે પરંતુ ચોથી બાળકીને ગુરુને ત્યાં મુકીને સતવચન તોડતાં ગંગા પોતાની શરત મુજબ સતકુમારને છોડીને ચાલી જાય છે. આ કથા ઘટકનાં મૂળ ઋગવેદકાલીન પુરવા – ઊર્વશીની કથા સુધી જતા જોઈ શકાય. ગંગાએ રંગરાજાને ત્યાં પોતે આપેલી હાથના ચૂડાની નિશાની લઈને આવતાં એ બીજા અવતારે તેની સાથે પરણશે તેમ સતકુમારને જતાં જતાં કહયું

હતું. માંદગીના બિછાને પડેલા સતકુમારનો જીવ આ કારણે જતો ન હતો. પુત્રોએ તેને એવી સ્થિતિમાં જ લઈ જઈને રંગરાજાને ત્યાં ઊછરતી પેલી કુંવારી કન્યા સાથે લગ્ન કરી આપતાં તેનો ત્યાં મોક્ષ થયો.

અપરમાતાને લઈને ગગીવેર (ભીષ્મ), સીતર (ચિત્ર) અને વેહાગ (વિચિત્રવીર્ય) એ ત્રણે પુત્રો પોતાના ઘેર પાછા આવ્યા. ગગીવેરને માતાની સેવાનું કાર્ય સોંપ્યું. ગગીવેશ સેવામય થઈ જતા બંને નાના ભાઈઓએ તેના વિષે શંકા કરી. પરંતુ એક રાત્રે પલંગ પરથી માતાના લટકતા પગને સ્પર્શ કર્યા વિના માથે ઈંઢોણી જેવું બનાવીને તેણે પાછો પલંગ પર મૂકયો તે [1]શ્ય બંને ભાઈઓ જોતા તેમને પ્રશ્ચાતાપ થયો. બંને પાપના નિવારણનું કારણ જાણી, તે જયાં પારસ પીપળો હોય અને તેની નીચે ગોઠાણ હોય તથા બાર નદીઓના સંગમ પર બાજુમાં મહાદેવનું મંદિર હોય તેવા સ્થાને જઈ બાર વર્ષ તપસ્યા કરીને એ પીપળાના મૂળમાં પોતાના અગ્નિસંસ્કાર કરવાથી પાપ ટળે એવું એનું નિવારણ હતું. બંને ભાઈઓ આ પ્રમાણે કરે છે. આ સ્થળ તે આજના સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગુણભાખરી ગામે આવેલા ચિત્રવિચિત્ર મહાદેવનું સ્થળ. આ વિસ્તારના ભીલોની માન્યતા મુજબ આ બંને ભાઈઓના નામ પરથી જ આ મહાદેવનું નામ પડયું.

મહામાર્ગી જીવનદર્શનમાં ગુરુનું અનન્ય સ્થાન છે. હંમેશા તેનો આદેશ શિરોમૂલ્ય હોય છે. આથી ગંગા તેની ગેરહાજરીમાં ગુરુ સરસાંખરે શાન્તનુને આપેલું વચન લોપી શકતી નથી. અને ગુરુના વચનનું પાલન કરેલ છે.

લગ્નકર્યા બાદ ગંગા શાન્તનુ રાજાની દાસી નહીં પણ સહચરી બની હતી. અને તેનું વ્યકિતત્વ રાજા પર સાશન કરતી સામગ્રી સુધી વિકસે છે.

વ્યાસકૃત મહાભારતમાં અભિશયા વસુઓને ગંગા સ્વંય નદીમાં પધરાવે છે. ભારથમાં શરત પ્રમાણે નવજાત શિશુઓને શિલા પર પછાડીને ક્રુર રીતે મારવાનો આદેશ શાન્તનુને આપે છે અને ક્રૂર કર્મ પછી પાંચ પકવાન ભોજન જમવાનો આદેશ પણ રાજાને આપે છે. શરત ભંગગ થતાં ગંગા રાજાને સદા માટે છોડી દે છે.

અહીં ગંગાનું ચરિત્ર વસ્તુ નથી. પણ પુરુષ પર સાશન કરતું વ્યકિતત્વ છે. તેનું ચરિત્ર પોતાની અભિલાષા – આકાંક્ષા અને ભાવનાઓ પ્રમાણે સહજ રીતે વિકસ્યું છે. એક વાર

કરેલી ગુરુની આજ્ઞા સિવાય પિતૃપ્રધાન સમાજનો કોઈ પણ પ્રભાવ તેના સ્વતંત્ર ચરિત્ર પર વરતાતો નથી.

## કુંતી :

સપ્તર્ષિને મારી ખાવા સમડીના વેશે આવેલી સવશકિત ત્રિશૂળની અણીથી વીંધાઈને મૃત્યુ પામે છે. સપ્તર્ષિ તપના બળે હાંડપિંજરમાંથી ગાંધારી (ગતરપા) અને લોહી – માંસમાંથી કુંતીને આવિર્ભૂત કરે છે. ઋષિના આશ્રમે રહેતી કુંતી ખાંડા સરોવરે પાણી ભરવા જાય છે. સરોવરમાં સ્નાન કરતા કુંતીના રૂપથી મોહ પામીને સૂર્ય કિરણોનાં બાણ મારે છે ; અને કર્ણનો જન્મ થાય છે. ગુરુને કલંક લાગવાના ભયે કુંતી કર્ણને ગોકળગઢના ઉકરડામાં મૂકી આવે છે. આશ્રમમાં રહેતી હોવાતી ગુરુને નિષ્કંલક રાખવા કુંવારી કુંતી પુત્રનો ત્યાગ કરે છે. રાજવંશ અથવા સમાજના ભયની કર્ણનો ત્યાગ કરતી નથી. મહાભારતમાં પાંડવોના પક્ષમાં લેવા માટે કુંતી કર્ણને જન્મનું રહસ્ય કહે છે. ભારથમાં અર્જુનના ઉપાલંભથી આહત થયેલો કર્ણ પિતાની શોધ આદરે છે ત્યારે તેને સહાયક થવા કુંતી જન્મનું રહસ્ય કહે છે. મહાભારતની જેમ કુંતી કર્ણ પાસેથી પોતાના વ્યકિતગત સ્વાર્થ માટે કોઈ વચન માગતી નથી. ઊલટું કર્ણને પિતાની શોધ માટે આવશ્યક હોવાથી અગનપછેડો અને મીણનો ગોળો આપે છે.

મહાભારતમાં કુંતી નિ:સંતાન અને બીમાર પાંડુ રાજાની આજ્ઞાથી મંત્રો દ્વારા દેવોને આમંત્રીને નિયોગ પદ્ધતિથી પાંચ પાંડવોને જન્મ આપે છે. અહીં દાસીઓ સાથે જળક્રિડા કરવા ગયેલી કુંતીનાં અનાવૃત અંગોના રૂપથી મોહ પામેલા દેવોનાં બાણ વાગે છે. આથી યમદેવનથી યુધિષ્ઠિર, અગ્નિથી અર્જુન, પવનથી ભીમ અને મહાદેવથી સહદેવ અને ઈન્દ્રથી નકુળ જન્મે છે. કુંતીએ પુરુષ પાસેથી નહીં પણ નીજની ઈચ્છાથી દેવો પાસેથી માતૃત્વ કર્યુ છે.

પાંડવ પરિવારમાં દ્રૌપદી અને કુંતીનું સતાનું સામ્રાજય વ્યાપેલું છે. મધ્યરાત્રિએ પરાગ વડ નીચે ભારયેલી દેવી – દેવતાની સભામાં ભીમને દ્રૌપદી અને કુંતાનાં દેવી સ્વરૂપનાં દર્શન થાય છે. અને તે ભય પામે છે. અહીં સ્ત્રીઓ પુરુષ સતા કે તેમના અહમી વ્યકિતત્વથી આતંકિત નથી. ઊલટું, પુરુષો સ્ત્રીઓના વ્યકિતત્વથી પ્રભાવિત છે.

કબીરા (દુ:સાશન) કૌરવ સાથે દ્રન્દ્રયુદ્ધ કરતો ભીમ પાંડવ ભૂખ્યો થાય છે. ત્યારે હારવાની અણીના સમયે ધૂળની ઢગલી કુંતી સ્તનથી દૂધની ધારા વહેવડાવી મશરૂ ખાંડના લાડું

ઉત્પન્ન કરે છે. લાડું ખાઈને ભીમનાં શકિતનો સંચાર થાય છે. અને કબીરા કૌરવને પરાસ્ત (હરાવે) કરે છે. કુંતીમાં પ્રભાવી માતૃત્વના દર્શન થાય છે.

અહીં ભારથમાં જાતીય સંબંધો માટે સ્ત્રીઓ વધુ મુકત છે.

ભીલોમાં અપરણિત તરુણ – તરુણીઓ જાતીય સંબંધ બાંધી શકે છે. ભીલોમાં કુંવારી અવસ્થામાં ગોઠિયા – ગોઠણ (પ્રેમી – પ્રેમિકા) કરવાનો સમાજ સ્વીકૃત રિવાજ છે. પરિણામે કન્યા ગર્ભવતી કે કુંવારી માતા બને તો પણ કન્યાશુલ્ક ઓછું આપીને પણ કન્યાને સ્વીકારી લે છે. ભીલોની આ વર્તમાન જીવનરીતિનાં દર્શન ભારથમાં પણ થાય છે. કૃષ્ણ પોતાની ગર્ભવતી બહેન સુભદ્રાને વિના વિવાહે અને વિના વાજે – ગાજે રાતે મુકી જવાની વાત કરે છે ત્યારે કુંતી પાંડવોને કહે છે, ‘‘આપણે તો કન્યા જેવી હોય તેવી સોના સરખી છે ! ભગવાનની બહેન આપણા ઘરમાં કયાંથી ?

દ્રૌપદીની માફક કુંતી પણ ભારથની મહત્વની પાંખડીઓ (પ્રસંગ–ઘટનાઓ) ની વિધાયક છે. તે રાજકીય, ધાર્મિક અને સામાજિક પ્રસંગે સલાહ – સૂચનો કરે છે અને આવા પ્રસંગે સહભાગી પણ થાય છે. પાંડવો માતાના આદેશને લીધે તેની સાથે સગાઈ નકારી શકતા નથી. કુંતી અર્જુનને આદેશ આપે છે, ‘‘વાજાં વગાડવાની ના કહે તો આપણે પણ ના ! અર્જુન, નાળિયેર સ્વીકારી લે.’’ વિરાટનગરીમાં અભિમન્યુ (બાળા હિંમત) ને પરણાવવા જતી વેળાએ જાનમાં મહા લેવાના શોખીન અને ભોજનપ્રિય ભીમને હસ્તિનાપુરમાં રહીને રાજગાદી, વાદળમહેલ અને પાળેલાં પશુઓની સંભાળ રાખવાનો આદેશ પણ માતા કુંતી જ આપે છે.

કુંતીના ચરિત્રમાં દીર્ઘદૃષ્ટિ અને આગમચેતીના દર્શન થાય છે. કૌરવ સાથે ખંડ વહેંચણી સમયે અને અનાગત યુદ્ધમાં ભગવાન સાથે રહે એટલા માટે પાંડવોને હર્ષઘેલા થઈને નારદ અને ભગવાનનું સ્વાગત કરવા કુંતી પાંડવોને આદેશ આપે છે ; અને કુંતી સ્વયં જ બત્રીસ પ્રકારના ભોજન બનાવીને ભગવાન અને નારદને હેતથી જમાડે છે.

ભારથ (યુદ્ધ) માં વિજય પ્રાપ્ત કરવા અગનપછેડો અને ધનુષ્યબાણ છળ કરીને કુંતી જ કર્ણ પાસેથી હરી લાવે છે. અહીં મહાભારતના ઈન્દ્રના છળ – કપટનાં દર્શન થાય છે.

યુદ્ધ જીતવા આવશ્યક તીર્થસ્તંભ લેતા જતાં પહેલાં આવતી મુશ્કેલીઓનો સામનો કરવા કુંતીની સલાહથી જ નકુળ અને સહદેવ માર્ગદર્શન લેવા ભવિષ્ય દેખવાવાળી ભગવાનની બહેન

સુભદ્રા પાસે જાય છે અને પોતાનો હેતુ સિદ્ધ કરે છે.

હસ્તિનાપુરનું રાજય સાચા અર્થમાં માતા કુંતી અને સતી દ્રૌપદી જ ચલાવે છે. તેઓ કર્તા સ્થાને છે જયારે પાંડવો કર્મના સ્થાને છે.

## દ્રૌપદી :

'ભીલોનું ભારથ' એ સ્ત્રીઓનું મહાકાવ્ય છે. અહીં પિતૃવંશ કે પિતૃસતાક સમાજનું કોઈ માનસન્માન નથી પણ માતૃસતાક સ્ત્રી સમાજનું માન – સન્માન અને ગૌરવ છે. ભારથમાં દ્રૌપદી, કુંતી, સુભદ્રા, હીરાપથ, વગેરે સ્ત્રીચરિત્રો કર્તા સ્થાને છે ; અને પાંડવો, ઈન્દ્ર, વિરાટરાજા, જેવાં પુરુષ પાત્રો કર્મ સ્થાને છે. ભારથમાં દ્રૌપદી અને કુંતી જ રાજકીય, ધાર્મિક અને સામાજિક સતા સ્થાને છે. સમગ્ર મહાકાવ્યમાં તેમની જ પ્રભુતા પ્રસરેલી છે. વ્યાસના મહાભારતની જેમ ભારથમાં દ્રૌપદીને પતિની સંપતિ માનીને દાવમાં મૂકી શકાતી નથી. અહીં દ્રૌપદીનું અપમાન કરવા કે અધિપત્ય જમાવવા પાંડવો કે કૌરવોમાંથી એક પણ પુરુષ સક્ષમ નથી. ભારથમાં દ્યૂત કે વસ્ત્રાહરણનો પ્રસંગ નથી. ઊલટું સાધનાપથમાં નીજનો અહં ઓગાળી નહીં શકતા પાંડવો ભરી સભામાં દ્રૌપદીથી અપમાનિત થાય છે. અહીં પુરુષો પોતાનું શૌર્ય, વીર્ય એન પૌરુષ પુરવાર કરવા એન સ્ત્રીનો ઉદ્ધાર કરવા યુદ્ધ કરતા નથી. પણ દ્રૌપદી અને કુંતી જ સેનોતરો યજ્ઞ કરાવી મૃત પાંડુ અને પાંડવોને ઉદ્ધાર કરે છે. અહીં પાંડવો – કૌરવોના યુદ્ધ માટે સ્ત્રી કેન્દ્ર સ્થાને પણ અસમાન ખંડ વહેંચણી છે. દ્રૌપદી અને કુંતીના ઓજસ્વી વ્યકિતત્વના સ્વશકિતકરણની આભામાં પાંડવોના પુરુષ વ્યકિતત્વ ઝંખાવતાં લાગે છે.

કદળીવનમાં મુકત વિહાર કરતી દ્રૌપદી પોતાની ઈચ્છાથી જ પત્નીત્ય પ્રાપ્ત કરે છે. તેને પાંડવોનો પ્રસ્તાવ પસંદ પડે છે અને તેમની સાથે હસ્તિનાપુર આવે છે. સમાજે નકકી કરેલી લગ્નની કોઈ વિધિઓ કે સામાજિક બંધનોમાંથી પસાર થયા વિના જ હસ્તિનાપુરના સાત માળિયા મહેલમાં રહેવા લાગે છે. તેનું આ સ્વતંત્ર વ્યકિતત્વ ભારથની મહત્ની પાંખડીઓ ઘટનાઓ પ્રસંગોનું વિધાયક બને છે.

પાંડવ પરિવારમાં દ્રૌપદી અને કુંતીનું સામ્રાજય વ્યાપેલું છે. પ્રાત : કાળ દ્રૌપદીની આરતી ઊતારતા અને તેના ચરણોમાં પડતા યુધિષ્ઠિરના દર્શનથી પુરુષ સહજ અહંથી કુત્કારી

ઉઠેલો ભીમ મધ્યરાત્રિએ પરાગ વડની નીચે દેવી – દેવતાની સભામાં દ્રૌપદી અને કુંતીઓ જલસો અને પ્રભાવ જોઈને ભયભીત બને છે. અને આ ડાકણદેવીઓથી બચવા મધ્યરાત્રિએ પોક મુકે છે. આ સમયે દ્રૌપદી ભીમને કહે છે, ''અમે કહીએ એટલાં ડગલાં ભરો તો જ તમને અમારી દેવોની સભામાં બેસવાનું મળશે...નહીંતર તમે તો ઉન્તેરને ઉજર મરી જવાના છો. તમારુ નામ – નિશાન નહીં રહે. પાંડવો પણ વિચારે છે, ''બંને કહે એટલાં જ ડગલાં ભરીશું. આપણે સ્ત્રીઓનું કહીયું માનીશું અને કહે તે પ્રમાણે કરીશું. આપણે ભાગી જઈશું તો પણ આપણી ગણતરી ખોટી પડશે.

'ભારથ' માં પાંડવોનો પરિવાર માતૃસત્તાકછે. સ્ત્રીઓ અત્યંત પ્રભાવી બનીને વરતે છે. સ્ત્રીઓ અહીં કર્તા–હર્તા છે. પુરુષો અહીં સ્ત્રીઓના આદેશ પ્રમાણે કર્મ કરનાર છે. અહંકાર ઓગાળીને સ્ત્રીઓ પુરુષોને સન્માર્ગ પર ચલાવે છે.

દ્રૌપદી ગુરુ બાળા હરગુરુનું ભીમ દ્વારા અપમાન અને અહંકાર ને લીધે પાંડવોનો સાતમો યજ્ઞ નિષ્ફળ જવાથી પાંડુ રાજાને કુતરાને અવતાર પ્રાપ્ત થયો છે. સહદેવ, નકુળ અને ભીમની પત્ની આંગણે આવેલા કૂતરાને હડધૂત કરી જાકારો આપે છે. દ્રૌપદી બત્રીસ પ્રકારનાં ભોજન દેવગરા થાળમાં મૂકીને ઉકરડા પર બેઠેલા કૂતરા (સસરા પાંડુ) ને જમાડે છે. આ [1]શ્ય જોઈ ગુસ્સે થયેલાં ભીમ દ્રૌપદીને પૂછે છે, ''કાળો કૂતરો તારે શો સગો થાય !'' દ્રૌપદી ભીમને રોકડું પરખાવે છે, ''ભીમ, કાળો કૂતરો મારો સસરો થાય ! મારા સસરાને ઘણું દુઃખ આવ્યું છે, ''તમારુ નખ્ખોદ જજો ! બંને લડતાં લડતાં રાજકચેરીમાં આવે છે. ત્યારે કૃષ્ણ શાંત પાડે છે. ''બહેન, તું સ્ત્રીનો અવતાર છે. તારે તો ભારે થવું જોઈએ.'' દ્રૌપદી ચોખ્ખું સંભળાવે છે, ''ભાઈ, ગાળ માગે તેને ગાળ મળે ! ગાળ માગીએ તેને ગોળ આપીએ ! આ તો ગોળ નથી માગતા, ગાળ માગે છે. પછી આશબ્દ જ મળે ને ?''

દ્રૌપદીનો આ સાચો આત્મપરિચય છે. તેણીએ નીજ વ્યકિતત્વ પોતાની ભાવનાઓ પ્રમાણે સ્વયં નિર્મિત કર્યુ છે. મહામાર્ગી સમાનતા – સમતાવાદી જીવનદર્શન પ્રમાણે તેનું ચરિત્ર નિર્માણ પામ્યું છે. આથી ભીમ જેવા મહાબળવાન યોદ્ધાના ખોટા આદેશ કે પુરુષ સહજ અહંને તે ગણતી નથી કે પોષતી નથી. ઊલટું, તેના અહંમને ઓગાળીને સાધનાપથ પર લાવે છે.

પાંડવો પણ દ્રૌપદીને રાજકીય, ધાર્મિક અને સામાજિક નિર્ણય લેતી વખતે દ્રૌપદી (અને કુંતી) ને સહભાગી બનાવે છે. બીજા અર્થમાં તેઓ નિર્ણય લે તે પાંડવોને સ્વીકારવો પડે છે. અભિમન્યુના વિવાહને નિર્ણય લેતી વેળાએ દ્રૌપદીને સહભાગી બનાવે છે. દ્રૌપદી પણ પોતાનો મત વ્યકત કરે છે, ''દિયર–જેઠ, હવે વિલંબ અનિષ્ઠ સર્જે. આપણા કુળને છાજે એવું સગું શોધીને બાળાનો સંબંધ જોડો. સગાઈ કયાં જોડવી તે પણ તે જ નકકી કરી આપે છે, ''બાળાની ઘણી જ રૂપાળી કન્યા છે. તેનાં પગલાંથી આપણું આગણું શોભાયમાન લાગશે. સગાઈ નકકી કરીને ભીમ પાછો આવે છે ત્યારે તેના સામાજિક સ્વીકાર માટે અને લગ્ન માટે વિરાટરાજાએ મૂકેલી શરત (સમસ્યા) ના ઉકેલ માટે માતા કુંતી અને સતી દ્રૌપદીને રાજ કચેરીમાં આમંત્રે છે. અને પરામર્શ કરે છે. અભિમન્યુની જાનમાં દેવ – દેવીઓને આમંત્રણ આપવાની વિધિ તેમના સાંનિધ્યમાં જ શ્રીકૃષ્ણ કરે છે, ''ભારથ' માં કોઈ પણ પ્રકારના ધાર્મિક કે સામાજિક પ્રસંગ ઉજવવાનો, તેની વ્યવસ્થા કે વિધિ કરવાનો નિર્ણય સ્ત્રીઓ જ લે છે. વિરાટનગરીમાં રાણી વેલરાણી જ અભિમન્યુની જાનમાં ઉતારા અને ભોજનની વ્યવસ્થા કરે છે.

ભારથમાં સ્ત્રીનાં ત્રણ સ્વરૂપ – પુત્રી, પત્ની કે માતા સમાન અધિકાર ભોગવે છે. એટલું જ નહીં દાસી જેવાં સામાન્ય પાત્રો પણ રાજા કે રાણીના વ્યકિતત્વથી પ્રભાવિત નથી. તેઓ મુકત રીતે હરી – ફરી શકે અને રાણીઓ સાથે જળક્રિડા પણ કરી શકે છે. તેઓ કોઈ પણ સ્થાને પુરુષ સતા, પ્રભુતા, કે અહંમથી આતંકિત નથી.

## સુભદ્રા :

'ભારથ'માં પુરુષો કરતાં સ્ત્રીઓ યૌનવૃતિ અને જાતીય સંબંધોમાં વધુ મુકત છે. કુવારી માતા બનેલી અર્જુન પત્ની સુભદ્રા રાજકચેરીમાં ઉપસ્થિત થઈ જાહેરમાં સ્ત્રી વિલાસી અર્જુનની લપટતા ખુલ્લી પાડે છે, ''દિયર જેઠ, મારી વાત સાંભળો. અર્જુનને પાતાળમાં મોકલશો તો જોખમ ઊભું થશે. આ પુરુષ તો સ્ત્રી વિલાસી (હવાદિયો) છે. પાતાળમાં વાસુકિની યુવાન કન્યાઓ છે. સગા–સંબંધીઓમાં જ સંબંધો જોડાશે, અને આપણા યજ્ઞમાં ફરીને ભૂલ પડશે.

પાતાળમાં જવાની તૈયારી કરતા અર્જુનને જોઈને સુભદ્રાની કામવૃતિ વધુ પ્રબળ બને છે. તે વહેલ શણગારતા અર્જુનને કહે છે, ''મારા ભરથાર, જવા દે પાતાળની વાતો મારી સાસુના

દીકરા ! ચાલ લઈ જાઉ વાદળમહેલમાં સુવાળી સેજામાં પોઢીએ. મારી સાસુના દીકરા ! તારા માથા નીચેથી હું મારો હાથ કાઢીશ નહીં...બાર માસ સુધી તારુ ઓશીંકુ થઈશ...તારા વિના તો ઢોલિયા સૂના પડે. સૂના લાગે વાદળમહેલ સુભદ્રાને શયનનું આલેખન અહીં દર્શાવવામાં આવેલ છે.

## હીરાપથ :

પાતાળમાં વાસુકિનાગરાજાની કુંવરી હીરાપથ મૃત અર્જુનનું રૂપ જોઈને મોહ પામે છે. અને ‘દેવળના સ્તંભ જેવા પગ, વડની વડવાઈ જેવા રાતા હાથ, ફૂટડું ડીલ, વાંકડીમૂછો, કાળી ભમર પાંપણો, કંકુ જેવા હોઠ અને આબુના શિખર જેવા શોભતા ‘હોરમાં, રૂપવાળા મૃત અર્જુન સાથે સખીઓની હાજરીમાં મંગળ ફેરા ફરી ગાંધર્વ લગ્ન કરે છે. તે પુરુષના સ્વાર્થી સ્વભાવથી પરિચિત હોવાથી લગ્નપૂર્ણ થયા પછી જ બંનેનો ‘આંખ મેળાવો’ થાય છે. બંને કામતેજક બને છે. નેત્રબાણથી હીરાપથ ગર્ભવતી બને છે. પાતાળમાં કુંવારુ સોનું લેવા આવેલા અર્જુનને હીરાપથ કુંવારી પિતાના છાનું કુંવારું સોનું આપે છે. પુરુષની સ્વાર્થી પ્રકૃતિથી પરિચિત હીરાપથ સોનું અર્જુનના હાથમાં મુકતા કહે છે, ‘‘આ સોનું પૃથ્વી પર લઈ જઈને પિતા પાછળનો અંતિમ યજ્ઞ પૂરો કરો. મને વિસરી જશો નહીં.

હીરાપથનો સંશય સાચો પડે છે. આ પછી અર્જુન જીવનના ઉતરાર્ધમાં ધર્મની બહેન ધરમાંની પુત્રી તેળસીના મામેરામાં આવશ્યક સાપલી સાડી લેવા પાતાળમાં આવે છે. ઘણા વર્ષે આવ્યો હોવા છતાં ઉદારમના હીરાપથ કોઈ પણ પ્રકારનો ઉપાલંભ આપ્યા વિના પાંડવોની આબરૂ સાચવવા અર્જુનને સાપલી સાડી આપે છે.

અહીં નાગસમાજ છે પણ તે માનવસમાજ જેવો જ છે. તે માનવ જેવા જ ક્રિયાકલાપ કરે છે ; તેવા જ હર્ષ, શોક, વેદના અને યૌન ભાવો અનુભવે છે. નાગ જેવા પ્રકૃતિ તત્વોનું અહીં માનવીકરણ થયેલું છે.

## હિડિંબા :

અહીં રાક્ષસ સમાજનો સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી. હિડિંબા છે તે પણ માનવરૂપે જ વ્યકત થાય છે. દ્રૌપદીની માફક તેના પણ કોઈ પરિવાર, ગોત્ર કે વંશનો ઉલ્લેખ થયો નથી. દ્રૌપદીની જેમ જ તે વનમાં મુકત હરી – ફરી શકે છે.

હિડિંબા વનના એકાંતમાં પુરુષોને આકર્ષવા ઘૂઘરિયોવાળો ઝૂલો બાંધે છે ; અને હીંચે છે. ઘુઘરિયોના અવાજથી આકર્ષાયેલો ભીમ એક જ ઘૂમરીને પવન સાથે હિડિંબાને સૂરજના રથમાં પહોચાડે છે. ભીમના પૌરુષથી વશીભૂત થયેલી હિડિંબા કામવિહળ બને છે. તેને ભીમની નજરનાં બાણ વાગે છે અને ગર્ભવતી બની ઘટોત્કચ (ધરીનો ઘટુકરો) ને જન્મ આપે છે.

## ઈંદ્રાણી :

'ઈન્દ્ર અને અભિમન્યુ' ની પાંખડીમાં યુગલધર્મ નિભાવવાના બહાને માર્ગમાં પ્રવેશેલા વ્યભિચારનો નિર્દેશ છે. ઈન્દ્ર, ઈન્દ્રાણી અને ઋષિઓનાં પ્રસંગમાં સ્ત્રીને ભોગ વિલાસની વસ્તુ સમાજના પુરુષો સામેનો સ્ત્રીનો ખુલ્લો પ્રકોપ છે. સાથે સાથે પત્નીના શીલનું અન્ય પુરુષોની રક્ષણ ન કરી શકતા કાયર પતિ સામે ઉગ્ર વિદ્રોહ છે.

ઈન્દ્રપુરીમાં આવેલા ઋષિ અતિથિઓનું ઘણા હેતથી સ્વાગત કરતી ઈન્દ્રાણી સામે એક સાધુ આંખ મિચકાવે છે તો બીજા ઋષિ ઈન્દ્રાણીના પગ ઉપર પગ મૂકે છે. વળી ત્રીજો સાધુ પાતળી કમરમાં સ્પર્શીને ચૂટકી ભરે છે. ક્રોધથી કાળીમેશ તથી ઈન્દ્રાણી પ્રત્યુતર પાઠવે છે, ''તમે અહીં શું કામ આવ્યા છો ? મારાથી દૂર રહેજો. નહીંતર અહીંથી કઈ દિશામાં જશો ?'' ઈન્દ્રાણી સતિયાંને આગળ ઉદ્દેશે છે, ''તમે આ નારી દેહ પર શાની કળા કરો છો ? હવે આગળ વધશો તો તંબૂરે માથાં ફૂટી જશે.

તે પોતાના પતિ ઈન્દ્રને સામે પણ વિદ્રોહ કરે છે. ઈન્દ્રાણી દ્વારે ઊભી ક્રોધથી ધ્રૂજે છે, અને દાંત કચકચાવીને મહેણાં મારે, તે આવા સેંનાળવા (લંપટ) સાધુ કયાંથી ખરીદ્યા ? બીજા બહાદૂર પુરુષનું ઘર બાંધીશ પણ હવે તને તો નહીં રહુ. ખાજે, પીજે અને ભજન કરજે.

કૌરવોને વીર પુરુષો ગણીને ઈન્દ્રાણી ધવળાગઢ કૌરવની રાજકચેરીમાં આવી જાહેરમાં તેને સ્વીકારી લેવાનો પ્રસ્તાવ મૂકે છે. પણ ઈન્દ્રના ભયથી કૌરવો એનો પ્રસ્તાવ સ્વીકારતા નથી ત્યારે ઈન્દ્રાણી ભરી સભામાં મહેણાં મારે છે, ''હું તો તમારી કચેરીમાં ઘણી અભિલાષા લઈને આવી હતી પણ તમે તો નિવીર્ય નિકળ્યા. મારી આશા અધૂરી રહી. તમારું મૂળ જજો !''

પાંડવોને પરાક્રમી પુરુષો માનીને ઈન્દ્રાણી હસ્તિનાપુરની રાજકચેરીમાં આવે છે. તેમની સામે પ્રસ્તાવ મૂકે છે, ''તમે ઘણા જ વીર અને ઘણા જ સ્વાદિયા (વિલાસ માટે યોગ્ય)

પુરુષો છો. તમારા ચૂડાની આશાએ આવી છું. મને ચૂડો પહેરાવો અને એક જણ રાખી લ્યો... વાદળમહેલમાં વિલાસ કરીએ.'' ઈન્દ્રથી ભય પામેલા પાંડવો ધર્મને આગળ ધરી ઈન્દ્રાણીનો પ્રસ્તાવ અસ્વીકારે છે. પાંડવોને કાયર ગણી, ક્રોધથી કાળજાળ થતી ઈન્દ્રાણી કચેરીમાંથી બહાર નીકળે છે, અને હસ્તિનાપુરના એક માનવીને મારવાના નિર્ધાર સાથે માર્ગમાં બાળક જેવા લાગતા અભિમન્યુને જોરથી ધકકો મારે છે, ''મને ધકકો માર્યો અભિમન્યુ અડગ રહે છે અને તેણી હડસેલાઈને દૂર પડે છે. અભિમન્યુ પૃછા કરે છે, ''કે મને મારવાનું તારું પ્રયોજન ?'' સ્વર્ગમાંથી સબળ સ્વામીની શોધમાં નીકળેલી ઈન્દ્રાણીને પૃથ્વી પર બધા નિર્માલ્ય પુરુષો જ મળ્યા તેની દુ:ખદાયક વાત અભિમન્યુને કરે છે. અભિમન્યુ અપમાનિત ઈન્દ્રાણીની યાતના જાણી તેને સન્માન સાથે સ્વીકારી વાદળમહેલમાં લઈ જાય છે અને ઈન્દ્રાણીને સામાજિક ગૌરવ આપવા નગારું વગાડીને પાંડવોને જાણ કરે છે અભિમન્યુને પાંડવો ભય બતાવે છે. તેના ઉતરમાં અભિમન્યુ ઈન્દ્રે મોકલેલા મહા બળવાન યોદ્ધા પવનદેવને પરાસ્ત કરી ઈન્દ્રાણીને રાજકીય ગૌરવ અપાવે છે.

યજ્ઞમાં આવશ્યક કુંવારું જળ સરજા વાવે લેવા ગયેલા પાંડવો સમે જળજોગણી લગ્નનો સીધો પ્રસ્તાવ મૂકે છે, ''જળ લઈ જવાવાળા તું કોણ છે ? મને પરણતો જા.''

'ભીલોનું ભારથ' માં સ્ત્રીઓની ઈચ્છા – આંકાક્ષા, મહેચ્છા અને ભાવના પ્રમાણોનું જગત છે. તેમાં પિતૃસતાક પુરુષ સમાજની ભાવનાઓનો નહીંવત પ્રવેશે છે. કામરૂ દેશની કૂયેર માટે પુરુષ વસ્તુ છે. તે પુરુષોનો વેપાર કરે છે. સેનેપરાયજ્ઞમાં નારીના વેચેલા નરની આવશ્યકતા હોવાથી ભીમ કામરૂ દેશમાં નાથી કૂયેરના ઘેર જાય છે. તે નાથી કૂંવેરને કહે છે, ''માગે એટલાં રૂપિયા આપું ; કેતો હસ્તિ આપું ; ઘોડા આપું ; સોનું આપું ; રૂપું આપું ; પણ મને કોઈ વેચાતો નર આપો.ાિંનાથી કૂવેર કહે છે, ''પરદેશી મહેમાન, તારે કેટલા નર જોઈએ છે ? જોઈએ એટલા આપું. મારે ઘેર નરનો કોઈ ટોટો નથી. ભીમ પાંડવ તંદુરસ્ત નર જુએ છે. નાથી કૂંવેર નરની કિંમત નકકી કરે છે અને પાંડવ તેની ભારોભાર કિંમત ચૂકવી નર ખરીદે છે.

પુરુષને વસ્તુ ગણી તેનો વ્યવસાય કરવો કે તેને સંપતિ ગણી તેના પર આધિપત્ય સ્થાપવાના સ્ત્રીઓના પ્રસંગો ભારથમાંથી પ્રાપ્ત થાય છે જે માતૃસતાક પ્રભુતાનો નિર્દેશ આપે છે. વિશ્વનાં મહાકાવ્યોમાં આવા પ્રસંગોનો અભાવ વરતાય છે.

નવનીતાદેવ સેન ''નારીનાં રામાયણી ગીતો સીતાનાં જ ગીતો છે.'' એ લેખમાં નોંધે છે, ''મહાભારતથી માંડી 'મોબી ડિક' સુધીની બધી જ કથાઓમાં દેશવટો આપવો એટલે તે વ્યકિતની બધી જ શકિત હણી લેવાની વાત આવે છે – અધિકાર જૂંટવી લેવાની, પ્રતિષ્ઠાનો નાશ કરવો એમ  જ આ કહાનીઓમાં છે. પછી તે વનમાં હોય, મરુભૂમિમાં હોય કે ટાપુ ઉપર હોય વિષય તો એક જ છે. નિર્વાસન આપવું એટલે કે તે વ્યકિત સાથે બધા જ સામાજિક સંબંધો તોડી નાખવા, અસહાય, શકિતહીન બનાવી દેવો. તેને જાણે ડાળ ઉપરથી તોડી નાંખવો, અસહાય, શકિતહીન બનાવી દેવો. ઓલ્ડરેસ્ટામેન્ટમાં શીબાને રણપ્રદેશમાં મોકલવી કે રામાયણની સીતાને વનમાં મોકલી દેવી બંનેનો ઉદ્દેશ એક જ છે. વ્યકિતનની સામાજિક પ્રતિષ્ઠા અને પરિચય જૂંટવી લેવા. નારીની બાબતમાં નિર્વાસન એટલે તેનું જીવન રદ કરવું.

આનાથી વિરુદ્ધ દિશાના આધાર 'ભીલોનું ભારથ' આપે છે. અહીં હસ્તિનાપુરમાંથી નિર્વાસન પામી કુંતી કે દ્રૌપદીને વનમાં દુઃખો ભોગવવાં પડતાં નથી. નથી તો કુંતી સમેત પાંડવોનું કોઈ રાક્ષસ હરણ કરતો ; નથી લાક્ષાગૃહ દહનનો પ્રસંગ. કુંતીને જીવનના કોઈ પણ પ્રસંગે કે સ્થાને વૈધવ્યનું દુઃખ સાલતું નથી. નથી તો પોતાની સંપતિ ગણીને યુધિષ્ઠિર ધૂતમાં દ્રૌપદી દાવ પર મૂકતા નથી. તો ભરી કૌરવ સભામાં દુઃશાસન દ્રૌપદીનું વસ્ત્રોનું હરણ કરતો નથી. તો પુરુષનથી અપમાનિત થયેલી કોઈ સ્ત્રી આંસુ સારતી કે નથી તો શાપ આપતી કે નથી તો હૃદયમાં વૈરાગ્નિ જલતી રાખતી.

અહીં યુદ્ધના કેન્દ્રમાં સ્ત્રી નથી પણ ત્રાહિત એવા શ્રીકૃષ્ણે ઈરાદાપૂર્વક પાંડવો – કૌરવો વચ્ચે કરેલી અસમાન ખંડ વહેંચણી છે. પાંડવો અને કૌરવોનું પોતાનું અલગ અલગ રાજય હસ્તિનાપુર અને ધવળગઢ છે. સ્ત્રી અહીં જીવનના કોઈ પણ પ્રસંગે કે સ્થાને અસહાય, લાચાર કે અપમાનિત નથી પણ સમગ્ર રાજકિય, ધાર્મિક અને સામાજિક સતા કુંતી–દ્રૌપદી જેવી વહીવટકુશળ સ્ત્રીઓના હાથમાં છે. સ્ત્રીઓ અહીં પોતાના સ્વતંત્ર અને રાજકીય, ધાર્મિક એન સામાજિક વ્યકિતત્વ સાથે સશકિતકરણ સાથે પ્રગટે છે. તેઓ પુરુષોને આતાંકિત કરતી નથી પણ જયારે ભૂલ કરે છે ત્યારે રાજકીય, સામાજિક અને ધાર્મિક જીવનની માર્ગદર્શક બને છે. આ અર્થમાં 'ભારથ' સ્ત્રીના સમગ્ર જીવનને પ્રગટાવતું અને ગૌરવ કરતું વિશ્વનું વિરલ લોકમહાકાવ્ય છે.

## ‘રોમ સીતમાની વારતા’ વર્ણનકલા :

સંસ્કૃત સાહિત્યમાં પહેલેથી બે કથા પરંપરાએ પ્રચલિત હતી; એક રામાયણ પરંપરા અને બીજી મહાભારત પરંપરા; અને પછી કૃષ્ણ પરંપરા ઉમેરાઈ અને સૌથી વધુ લોકપ્રિય બની. આ બધી જ કથા પરંપરાનો પ્રશિષ્ટ સાહિત્યમાં પ્રાકૃત સાહિત્યમાં, મૌખિત અને આદિવાસી સાહિત્યમાં પોતપોતાની રીતે વિકસતી રહી છે.

પ્રશિષ્ટથી માંડીને લોકસાહિત્યની પરંપરાઓનો પરિચય તો આપણે એક અથવા બીજી રીતે થતો રહયો, પણ આદિવાસી સાહિત્ય પરંપરાઓનો પરિચય નહિવત્ હતો. સદ્ભાગ્યે, હરિવલ્લભ ભાયાણીથી માંડીને હસુ યાજ્ઞિક સુધીના મહાનુભાવોનાં પ્રેરણાં, સહાય વગેરેને કારણે અને સૌથી વિશેષ તો ભગવાનદાસ પટેલની નિઃસ્વાર્થ સાહિત્યપ્રીતિ અને પોતાના વતનની આવી વિરલ, મોંઘેરી સાહિત્યિક પરંપરાનો પરિચય કરવા – કરાવવાની [1]ઢ વૃતિને કારણે અત્યાર સુધી ખાસ્સું એવું આદિવાસી સાહિત્ય ગુજરાતને સાંપડી શકયું. આ પુસ્તક પણ તેનું ફળ છે.

‘રોમ સીતમાની વારતા’ મુખ પરંપરાથી સચવાઈ આવી હોવાને કારણે એનું ધ્વનિમુદ્રણ આવશ્યક બને. આ માટે ખેડબ્રહ્મા વિસ્તારના બોરડી ગામમાંથી જીવાભાઈ, પાબુભાઈ, વીરમાભાઈની ; ગુજરાત – રાજસ્થાનની સરહદ પરના દરારાજપુર ગામમાંથી લાડુભાઈ રાજાભાઈ ગમારની તથા દિગ્થળી ગામમાંથી સાયબાભાઈ ડાભીની મદદ લીધી. છેલ્લે પંથાલ ગામના નવજીભાઈ દેવાભાઈ ખાંટને આ આખી કથા કંઠસ્થ હોવાથી તેમની મદદ લઈ ધૂળાના પાટ જેવી શુદ્ધ અને કોબરિયાની કોળી જેવી મેલી ધાર્મિક વિધિઓ વખતે જ આ આખી કથાનું ૩૦૦ કેસેટ્સ પર ધ્વનિમુદ્રણ કરવામાં આવ્યું. આ રીતે પ્રાપ્ત થયેલી કથાની ચકાસણી દેવાભાઈ ખાંટ, ભોળાભાઈ સોનાભાઈ ડાભી અને નાથાભાઈ ભુરાભાઈ પાસે કરાવવામાં આવી. આટલી બધી મહા મહેનતના અંતે પ્રાપ્ત થયેલી કથાને અંતિમ લિખિત સ્વરૂપ ડૉ. ભગવાનદાસ પટેલે આપ્યું. ભવિષ્યમાં પ્રજાને આ કથા એક જમાનામાં કેવી રીતે રજૂ થતી એ જાણવા મળે એટલે આ ધાર્મિક વિધિનો અને સાથે કથન – પરંપરાનો કેટલોક ભાગ [1]શ્યાંકિત પણ કરી લેવામાં આવેલ છે.

આ આખી કથાના ગાયક નવજીભાઈ વિશે ડૉ. ભગવાનદાસ પટેલ માહિતી આપતા

લખે છે કે તેમના સ્વરમાધુર્યની, લોકઢાળો અને લોકવાદ્યો પરના પ્રભુત્વની ભારે પ્રશંસા કરી છે. ભજવણીક્ષમ કળાઓમાં હંમેશા ભાવકની સક્રિય ઉપસ્થિતિ અનિવાર્ય છે. આ વાત જેટલી પ્રશિષ્ટ પરંપરા સંદર્ભે સાચી એટલી જ લોકપરંપરા સંદર્ભે પણ સાચી જ છે. આ કથા અહીં ચારસો પાનામાં વિસ્તરેલી છે. એને આધારે મૂળ ભીલી બોલીની સાહિત્યિક સમુદ્ધિનો ખ્યાલ આવે છે. વળી, એના અર્વાચીન ગદ્ય રૂપાંતરને શકાય એટલે અંશે સરળ શૈલીમાં રજૂ કરવામાં આવ્યું છે. જેથી કોઈને મૂળ પ્રત વાંચવી હોય તો મદદ મળી કશે. મૂળ પ્રત પૂરી થયા પછી આ સમગ્ર કથાને સંપાદકે ધાર્મિક, ઐતિહાસિક અને સામાજિક સંદર્ભે પણ તપાસી છે. કઠિન શબ્દોના અર્થ પણ આપવામાં આવેલ છે.

આમ જોવા જઈએ તો ૧૦ થી ૮ હજાર વર્ષ પહેલાં ભારતમાં 'નિષાદ' ને જ 'ભીલ' પ્રજાતિ માને છે. ભીલોની ૧૦ હજાર વર્ષ પૂર્વકાલીન ધાર્મિક પૂજા–વિધિઓ અને આ સમયે ગાવામાં અને કહેવામાં આવતી 'પૃથ્વીની ઉત્પતિકથા', 'દેવરાની વારતા', 'ગોતમરખીન ઈન્દરની વારતા', 'રોમ સીતમાની વારતા' જેવી કૃષી સાથે સંબંધ ધરાવતી પુરાકથાઓનો પ્રભાવ તેઓના સામાજિક અને ધાર્મિક જીવનમાં અત્યારે પણ એટલો જ પ્રબળ છે.

ભીલોની 'રોમ સીતમાની વારતા' માં આવતાં કેટલાંક નામ વિશે વિચારવામાં આવે તો પણ તેઓનું પગેરું છેક વૈદિક – પ્રાક્ – વૈદિકયુગ સુધી જાય છે.

ભીલી કથામાં 'ઈન્દ્ર' શબ્દ (ઈન્દર, એદર) મેઘના અર્થમાં પ્રયોજાયો છે. વેદોમાં પણ ઈન્દ્રનો એક અર્થ ગર્જના સહિત વરસાદરૂપે પૃથ્વી પર આવનાર થાય છે. ભીલોમાં ગોતમરખી (ગૌતમ ઋષિ) વંટોળ (ચક્વાત)ના પયાર્ય તરીકે વપરાય છે. આ ઉપરાંત 'રખી' નો એક અર્થ 'રક્ષક' પણ થાય છે. 'ગોતમરખી' આજે પણ કૃષિના રક્ષકદેવ તરીકે પૂજાય છે. ગોતમ રખીની વારતા કથા શ્રવણના આનંદ માટે જ નથી પણ અનાજ લેતી વેળાએ ખળામાં ગોતમ રખીની પૂજા ન કરવામાં આવે તો તે વંટોળ રૂપે આવીને ખળાનું બધું અનાજ ઉઠાવી જશે તેવી આજે પણ ભીલોની પ્રબળ માન્યતા છે. આથી જયારે અનાજ લેવામાં આવે છે ત્યારે ખળામાં માટીની મૂર્તિ બનાવવામાં આવે છે એન તેને ચૂરમાનું નૈવેધ ચઢાવવામાં આવે છે.

વેદોમાં સીતાને કૃષિની અધિષ્ઠાત્રી દેવી ગણવામાં આવી છે, કૃષિની અધિષ્ઠાત્રીના રૂપે સીતાનો ઉલ્લેખ ઋગ્વેદના ચતુર્થ મંડળના ૫૭મા સૂકતના છઠ્ઠા અને સાતમા મંત્રમાં મળે છે –

‘‘હે સૌભાગ્યવતી સીતા ! અમે તમારી વંદના કરીએ છીએ. તમે અમારી તરફ અભિમુખ થાઓ, જેથી તમે અમારા માટે ઉતમ ઐશ્વર્ય સંચાલન તથા ઉતમ ફળ પ્રદાન કરવાળી બનો. ઈન્દ્ર સીતાને ગ્રહણ કરે પ્રષા તેનું સંચાલન કરે, તે જળથી પૂર્ણ પ્રતિવર્ષ અમારા માટે સમૃદ્ધિદાયિની બને. સીતાનુ કૃષિની અધિષ્ઠાત્રી દેવીનું રૂપ ‘લોક’ માંથી ‘વેદ’ માં પ્રવેશ્યું છે. ‘રોમ – સીતમાની વારતા’માં સીતા કૃષકોને કરતી અન્નપૂર્ણાનું કામ કરે છે.

વિદ્વાનોના મત પ્રમાણે આવી વારતાઓ (મિથ) ની રચના તે સમયે થઈ જયારે આદિમાનવ અને પ્રકૃતિની વચ્ચે વિભાજક રેખાઓ સ્પષ્ટ ન હતી. બંને એક સાર્વભૌમ જીવનમાં સહભાગી હતાં અને ચેતન માનવનું મન અજ્ઞાતરૂપે પ્રકૃતિની ઘટનાઓને પોતાની જીવનની ઘટનાઓ તથા અનુભવોના માધ્યમથી સમજવાનો પ્રયાસ કરતા હતો. આ રીતે વિચારતાં ડુંગરી ભીલ આદિવાસીઓની વારતાઓમાં પ્રકૃતિ અને માનવના ઘનિષ્ઠ તાદાત્મ્યના દર્શન થાય છે. આ પુરાકથાઓમાં આવતાં પ્રકૃતિનાં તત્વો – જેવાં કે માછલી, કાચબી, વાસુકિનાગ, જળ વગેરે માનવીની માફક જ વર્તે છે. અને રોમ – સીતમાની વારતાનાં સીતા અને કૈકેયી જેવાં મહત્વનાં સ્ત્રી ચરિત્રો નાથ જેવાં જલચર – ભૂચર તત્વોમાંથી આવિર્ભાવ પામ્યાં છે. આ ઉપરાંત રોમ – સીતમાની વારતાની આરંભની પાંખડીમાં આવતા ઈન્દ્ર અને ગૌતમ જેવાં પુરુષચરિત્રો મેઘ અને ચક્રવાત જેવા ખેચર તત્વાવોમાંથી પ્રાદુર્ભૂત થાયં છે. આવી વારતાઓ (કથાઓ) આદિમાનવ જેટલી પૂર્વકાલીન હશે. એવી ધારણા થઈ શકે. આ પહેલાં દર્શાવ્યું છે તે પ્રમાણે માનવસમાજનો વિકાસી માતૃસતાક પરિવારમાંથી થયો હોવાનાં પ્રમાણો ભારતીય લિખિત સાહિત્ય તથા આદિવાસીઓની જીવનરીતિ અને તેમના મૌખિક સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. ઋગ્વેદ કોઈ એક કાળ વિશેષની રચના નથી, પરંતુ અનેક પુત્રોના ઋષિઓની ઋચાઓનું સંકલન છે. આદિયુગના અંતે ઋષિ પોતાના ભાવ અને વિચાર લિખિતરૂપે વ્યકત કરવા લાગ્યા હતા. આરંભમાં દેવ શબ્દનો પ્રયોગ મળતો નથી. પરંતુ અમ્મા (માતા) સર્વ પ્રથમ પ્રમુખ દેવતા હતી. ‘દેવતા’ શબ્દ પુરુષ જાતિવાચક હતો જે પરિવાર કે સમાજમાં સ્ત્રીની સતાનો નિર્દેશ આપે છે. આ અમ્મા જ આગળ જતાં અંબાવ દેવી રૂપે સ્થાપિત થઈ તે બાબત ‘દેવરાની વારતા’માંથી પણ ફલિત થાય છે.

પરિવારમાં સ્ત્રીનો આ પ્રભાવ રોમ સીતમાની વારતાના આરંભનાં પાત્રોમાં વરતાય

છે. આ પાત્રો કે ચરિત્રો પ્રાકૃતિક તત્વો એન આદિમાનવના આરંભના માતૃસતાક જીવનમાંથી વિકસિત થયાં છે.

માતૃસતાક સમાજ વ્યવસ્થામાં સ્ત્રી–પુરુષનાં યૌન સંબંધો મુકત હતા. ભોગ – વિલાસ માટે પૂર્ણ સ્વછંદતા હતી. આથી ઈન્દ્ર સાથે રતિક્રીડામાં સહભાગી બનેલી અહલ્યા (હલિયાદે) પર ગૌતમ ઋષિ નથી તો કુપિત થઈને શાપ વરસાવતા કે નથી તો વાલ્મીકીય રામાયણની જેમ દીર્ઘકાળ સુધી નિરાહાર રહીને પ્રાયશ્ચિત કરવાનું કહેતા. ઈન્દ્રને પણ જાર કર્મ કરવા બદલ કોઈ સદાકાળ માટેનો શાપ આપતા નથી. તે વરસે (અહીં ઈન્દ્ર મેઘના પર્યાય તરીકે વપરાયેલો શબ્દ છે) અને પૃથ્વી પર અનાજ પાકે તેના ચોથા ભાગનું અનાજ લેવાનો દાવો લેવાની શરતે ઈન્દ્રને મુકત કરે છે.

ભીલોની સાંપ્રત જીવનરીતિમાં પણ આવા પર કર્મ માટે વસ્તુરૂપે કે નાણાંરૂપે દાવો થઈને આરોપીને મુકત કરવાનો રિવાજ છે. આવા પ્રસંગે સ્ત્રીને નિંદવામાં કે દંડવામાં આવતી નથી. પરિસ્થિતિવશ કે અકસ્માતે એકાંતમાં બનેલા રતિક્રીડાના પ્રસંગોને ઉદારતાથી નિભાવી લેવામાં આવે છે.

'લોક' માં પ્રચલિત આ કથા શતપથ બ્રાહ્મણથી આગળ વધી વાલ્મીકિ રામાયણમાં પ્રવેશી છે. ઋગ્વેદમાં બર્બરજાતિના નાયક જેવો લાગતો (ઋગ્વેદ તથા યુજુવેદમાં) જે ઈન્દ્રથી સ્તુતિ છે તે તેના આ વીર, અજેય યોદ્ધા તરીકે એ આશુ : શિશાન ; એટલે કે શીઘ્ર – ત્વરાએ શત્રુઓની સેનાને વેરવિખેર કરી નાખે છે. ઈન્દ્ર આગળ જતાં કૃષિ દેવતા મેઘનું રૂપ ધારણ કરે છે. જે આ જ દિન સુધી ભીલોના મુખ પરંપરાના સાહિત્યમાં સચવાયેલું છે. એટલું જ નહીં પણ વર્તમાન વ્યવહારિક જીવનમાં મેઘને એંદર (એંદર વરહો) તરીકે જ ઓળખે છે.

રોમ સીતમાની વારતાનાં સીતા અને હનુમાન જેવાં ચરિત્રો નાગ જેવાં જળચર અને વાનર જેવાં પ્રાકૃતિક તત્વો તથા માતૃસતાક જીવનરીતની યૌન સ્વતંત્રતામાંથી આવિર્ભૂત થયાં છે. માદા ખર (ગધેડી) રૂપે રહેલા શિવને સંભોગતાં ભગવાનનું વીર્ય પૃથ્વી પર પડી પાતાળલોકના બાગમાં એક વિકસિત કમળમાં પ્રવેશે છે. આ કમળ વાસુકિનાગની રાણી કકાપદમણી (કૈકેયી) સૂંઘતાં ભગવાનનું વીર્ય નાગણના પેટમાં પ્રવેશી સીતાના જન્મનું કારણ બને છે. જાર કર્મ માટે મૂકેલા જૂઠા આરોપસર દશરથ રાજાને દાવામાં મળેલી 'કકાપદમણી'

(કૈકેયી) કટારથી ગર્ભ કાઢીને ઘડામાં સપ્તર્ષિને આપેછે. સપ્તર્ષિ દ્વારા જમીનના કર રૂપ પ્રાપ્ત થયેલો આ ઘડો રાવણ નવ માસે ખોલે છે અને આયોનિજ સીતા આવિર્ભાવ પામે છે. તો સુંદર સ્ત્રીરૂપે રહેલા ભગવાનને સંભોગતા વાંસની ભૂંગળીમાં રહેલું વીર્ય શિવ શિષ્યા બનાવવાના બહાને વાનરી અંજનીના કાનમાં ફૂંકે છે. આ વીર્ય બત્રીસ કોઠામાં પ્રવેશે છે અને હનુમાનનું રૂપ ધરી અંજનીના મસ્તકમાંથી અયોનિજ હનુમાન પ્રગટે છે.

આવા મુકત સહચારની (માતૃસતાક) જીવનરીતિમાંથી ભીલ આદિવાસીઓના મહામાર્ગી જીવનદર્શનનં લક્ષણો બંધાયાં છે (તેનું સ્પષ્ટ અને બૃહદ્ સ્વરૂપ 'ભીલોનું ભારથ' માં જોઈ શકાય છે.) હાથમાં વીર્ય જીલતા અને વીર્યને વાંસનની ભૂંગળીમાં ભરી અંજનીને શિષ્યા બનાવવાના બહાને કાનમાં ફૂંકતા શિવનો પ્રસંગ કામને બાળવા જારકર્મ કરી હાથમાં વીર્ય જીલી પાવર કોળી કરતાં પાટ યુગલોના મહામાર્ગી ક્રિયાકાંડોનું સૂચન કરે છે.

રોમ સીતમાની વારતામાં સૂચિત રાવણ, જનક, દશરથ અને વાસુકિના રાજવંશો પૂર્વકાલીન સાદા સમાજના સામાન્ય પરિવારો છે. આ વંશો સંકુલ – સંયુકત પરિવારોનો નિર્દેશ આપતા નથી. આ પરિવારો કૃષિયુગ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. રાવણને સપ્તર્ષિ પાસેથી જમીનમહેસુલ રૂપે (જમીનના કર રૂપે) ઘડો પ્રાપ્ત થાય છે. (જે વસ્તુ વિનિમયની આર્થિક સ્થિતિનો નિર્દેશ કરે છે.) કૃષિ સંલગ્ન આવા પરિવારમાં કન્યા જન્મ એ આનંદપર્વ છે.

સપ્નર્ષિએ આપેલા ઘડામાંથી આવિર્ભાવ પામેલી કન્યાના દર્શનથી રાવણને અનહદ આનંદ થાય છે. સ્વયં નગારું વગાડી કન્યા જન્મના આનંદના સમાચાર લંકાગઢમાં પહોંચાડી નગરજળોને રાજમહેલમાં આમંત્રે છે. લંકાગઢમાં ફૂલવંતી કન્યાના જન્મનો હર્ષ વ્યકત કરવા જાજમો ઉપર, હાટે બજારે અને શેરીએ એકઠા થયેલા નગરજનોમાં મશરૂ ખાંડ, ખારેક, ખોપરાં અને માળવીઓ ગોળ વહેંચે છે. કન્યા જન્મથી આનંદ પામેલા નટ રાજમહેલના આંગણે ખેલ કરે છ.

સામાન્ય ગ્રામજનની જેમ ધોબી સાથે ગંગા તટે સ્નાન કરવા ગયેલા જનકરાજા ગંગાજળમાં વહી આવતું પારણું જુએ છે. પારણમાંથી પ્રાપ્ત કન્યાના દર્શનગી જનકરાજા પણ હર્ષ પામે છે અને ગંગા કિનારે રાણીઓ સાથે નગરજનોને આમંત્રે છે. રાણીઓ કન્યાના ભાલે કંકુનું તિલક કરી, અક્ષતથી કુંવારી અને રાજાને વધાવી સોના – રૂપાથી મઢેલી ઉજળી વહેલમાં

વિરાજિત કરી નગરજનો સાથે રાજમહેલમાં લાવે છે. કન્યા પ્રાપ્તિનો આંનદ વ્યકત કરવા નટ અ તરગાળાના ખેલ કરે છે. રાજકચેરીમાં જાજમો ઉપર બેઠેલા નગરજનોમાં મશરૂ ખાંડ વહેંચાય છે. હાટે બજારે ખારેક – ટોપરું વહેંચાય છે.

રોમ – સીતમાની વારતામાં વ્યકત સમાજમાં પુત્ર કે પુત્રીના જન્મ સમયે લિંગ ભેદ વિના સામૂહિક રીતે જન્મોત્સવ માણવામાં આવે છે. રાજવંશના કોઈ પણ પ્રસંગમાં પ્રજાજનો (લોક) ની સહભાગિની હોય છે. અહીં નગરજનો જનકરાજાને કન્યા ઉછેર માટે સૂચનો કરી શકે છે. પ્રજાજનો સાથે રાજા પણ કાર્યમાં સહભાગી થાય છે.

અહીં સ્ત્રી જાતિ કે પુરુષ જાતિ, રાજા કે પ્રજા વચ્ચે કોઈ ભેદ વરતાતો નથી. બધાં માનવો એક સમાન ધરાતલ પર સ્થિત છે. સમાજના કોઈ વિશેષ સ્તર નથી. અહીં એક સમાન અને સમતાવાદી સમાજનાં દર્શન થાય છે.

ડુંગરી ભીલ આદિવીસઓના સાંપ્રત સમાજમાં પણ કોઈ પણ પ્રકારના આર્થિક કે સામાજિક સ્તર વિનાના સમાનતાવાદી જીવનમાં દર્શન થાય છે અહીં કોઈ પણ લિંગ ભેદ વિના કાંસાની જાલર કે પાળી વગાડીને પુત્ર કે પુત્રી જન્મનો આનંદ વ્યકત કરવામાં આવે છે. એકઠો થયેલો લોકસમુદાય ઢોલનૃત્ય કરી આનંદ વ્યકત કરે છે. અને માતા – પિતા લોક સમુદાયમાં ગોળ વહેંચીને આનંદ વ્યકત કરે છે.

સીતા રાજકુવરી હોવા છતાં ગ્રામકન્યા રૂપે વ્યકત થાય છે. તેનું એક નામ ફૂલવંતી છે. કોઈ પ્રકારના પારિવારિક, સામાજિક, રાજકીય કે આર્થિક દબાવ વિના તેનું વ્યકિતત્વ વનફુલની જેમ સહજ રીતે વિકસે છે. તેનું યૌવન જળ પ્રપાતની જેમ જુસ્સાભેળ પ્રગટે છે. તેનો આ યૌવન સહજ જુસ્સો લંકા આવાસ સુધી એકધારો ટકે છે ; વહે છે.

સીતાનો ઉછેર રાજકુંટુંબમાં થયો હોવા છતાં કોઈ રાજકીય સામાજિક મર્યાદા કે નિષેધોના પ્રભાવ વિના તેનાં ચિતમાં એક ગ્રામ – કન્યાની જેમ ખેતરમાં જવાની અને ખેડુનું ભાત (ભાથું) આપવાની અભિલાષા જાગે છે. રાજકન્યા હોવા છતાં માતા પણ સીતાને સીમ વચ્ચે આવેલા ખેતરમાં ખેડુઓનું ભાત આપવાની અનુમતિ આપે છે.

વનમાં પવનની પેઠે સહજ રીતે વહેતી તરુણી – યૌવના સીતાના ચાંચલ્ય અને રૂપનું વારતાવાહક દ્વારા સુંદર કથન થયું છે.'' ઉછાળી સ્વર્ગે ચડે છે ચોંપી પાતાળમાં પ્રવેશે છે.

વનવગડામાં આખી પૃથ્વીનું રૂપ ચાલ્યું આવે છે.'' આ પછી વારતાવાહક સીતાના યૌવન સહજ રૂપનું વર્ણન કરે છે જે ભીલોના પ્રત્યેક મહાકાવ્યમાં એક જ પ્રકારની પદાવલિમાં એક સમાન પરિપાટી પ્રમાણે વર્ણવાય છે. ''કુંવરીનું પેટ તો પાતાળના નાગ જેવું છે. માથું પાણીવાળા નાળિયેર જેવું છે. મુખ પૂનમનો ચંદ્ર, નયન ખાંડાની ધાર, કંકુ રંગના હોઠ, નાક દીવાની શગ અને આંખે ભમરા લુમ્બ્યા છે. વાંસો આબુની ભાજ હાથ વડની વડવાઈઓ જેવા અને પગ દેવળના સ્તંભ જેવા છે. કુંવરી ચાલે છે. અને 'તેંમરી' (ચાલવાની ઝડપથી થતો અવાજ ) વાગે છે. સીતા તો માથે ભાત મૂકી એક હાથમાં પાણીની લોટી. પકડી અને બીજા હાથે રૂમાલ ઘુમાવી રમતી ને કૂદતી ઊભા વગડે આવી રહી છે. મારગમાં આછાં – આછાં ઝાડ અને ઝરણાં આવે છે. વનમાં સોહમાણાં (હોયમણાં) પક્ષી બોલે છે. 'લવતા' મોર બોલે છે. સીતા વિચારે છે, ''ઘરમાં જ બેસી રહેવાથી કંઈ જોવા નહીં મળે. આજે ભાત લઈને આવી તો આ સોહમણું વન જોવા મળ્યું.

અહીં પ્રકૃતિ જેવી નિચ્છલ કૃષક કુમારી સીતાના પ્રકૃતિ પ્રેમનાં દર્શન થાય છે. મુકત રીતે ગાતા પક્ષીની જેમ સીતા હળવાશથી ખેતરે પહોંચે છે ત્યારે વાદળમહેલમાંથી ફૂલવંતી કુંવરી ભાત લઈને એકલી સીમમાં આવી છે એનું ખેડુઓને પણ આશ્ચર્ય થાય છે.

આગળ નોંધ્યુ એ રીતે વેદોમાં સીતાને કૃષિની અધિષ્ઠાત્રી દેવી ગણવામાં આવી છે અને તેનું આ રૂપ 'લોક' માંથી જ 'વેદ' માં પ્રવેશ્યું છે. અહીં સીતા અન્નપૂર્ણાનું કામ કરે છે. ખેતરમાં એક લોંટીમાં સમાય એટલું જળ, ૧૦૦ ગ્રામ ઘી અને નાની વાટકીમાં સમાય એટલા ચૂરમાંથી બાર ખેડૂઓ સંતૃપ્ત થઈ જાય છે. જેને ખસેડવા બાર જોડી બળદનું બળ પણ કામ ન આવ્યું એવું ધનુષ્ય સીતાની ચૂંદડીના છેડે ભરાઈ છેક આવી જોરાવર આપણી કન્યા માટે વર કયાંથી શોધવો ?'' યૌવન અને વીર્યશુલ્કા સીતાની ચિંતા માતાને વિશેષ થાય છે, ''દીકરી ભરજુવાનીમાં આવી છે. હવે તેને વર જોઈએ જ નહીંતર આપણને કુંવારીનું કલંક લાગે.

અહીં પણ વાલ્મીકીય રામાયણની જેમ પોતાની વીર્યશુલ્કા કન્યા પરાક્રમથી જ પ્રાપ્ત થાય એવા ઉદ્દેશ્યથી જનકરાજા સ્વયંવરનું આયોજન કરે છે. હાથી – ઘોડે ચડી દેશ – પરદેશના રાજા મહારાજા સ્વયંવરમાં ભાગ લેવા જનકરાજાની નગરીમાં આવે છે. સાબર – સૂવર મારવામાં મુશ્કેલી પડતી હોવાથી જનકરાજાના ખેતરમાં ભૂલી ગયેલા ધનુષ્યને શોધતા

રામ – લક્ષ્મણ જનકરાજાની નગરીમાં આવે છે. અહીં લોક સમુદાયથી ભય પામતા રામના અંતરમુખી વ્યકિતત્વનાં દર્શન થાય છે. લક્ષ્મણની ઈચ્છા હોવા છતાં રામ જનકરાજાની રાજકચેરીમાં જતા નથી અને જન સમુદાયથી દૂર જઈને એક ઉકરડા પર બેસે છે. રામનું આ આંતરમુખી વ્યકિતત્વ પૂરી રોમ – સીતમાની વારતામાં વ્યાપેલું છે.

સોના – રૂપાનાં આભૂષણોથી શણગારેલ હાથી – હાથણી વરમાળા ઉકરડા પર વિરાજિત રામના ગળામાં આરોપે છે. આથી વાલ્મીકીય રામાયણોની જેમ દેશ પરદેશના રાજાઓ ''સીતા જેવી સુલક્ષણા અને સૌદર્યશાલિની નારી બાવાના બાળકને ન અપાય.'' કહી વિરોધ નોંધાવે છે. આથી વીર્યશુલ્કા કન્યાના વરણ માટે માણેક ચોકમાં મૂકેલું ધનુષ્ય ઊંચકવાની શરત મૂકે છે. જેને ઊંચકવા જતાં વીરા હાથવાળા રાવણની આંગળીઓ કચડાઈને ગરોળી જેવી થઈ ગઈ એવા પોતાના જ ધનુષ્યને રામ ટચલી આંગળીએ ઊંચકીને પણછ ચડાવી લક્ષ લેતાં ધરતી બને આસમાન ભયથી ચીસ પાડી ઊઠે છે. સીતાને વરવાનું રામનું અતુલ પરાક્રમ અહીં સિદ્ધ થાય છે, અને જાહેરમાં તેજાવધ પામેલા રાવણના ચિતમાં ભવિષ્યના સીતા હરણનાં બીજ રોપાય છે.

માથે મરવા (એક સુગંધિત છોડ)નાં ઊઢાણું મુકી તેના પર તાંબાનું બેડું મુકી દાસીઓ સાથે જળ ભરવા જતી સીતા પુન : ઊંચ–નીચ કે રાજકુમારી – દાસીના ભેદભાવ વિનાના સમાન માનવીય ધરાતલ પર આવે છે. આ કૃષકન્યા જેવી લાગતી રાજકુમારીને મન દાસીઓ પણ સખી સમાન છે. રાજકન્યા સક્ષમ દાસીઓ પણ તેના ભાવિ વરના વરવા રૂપ વિશે પોતાના અભિપ્રાય વ્યકત કરી શકે છે. આવા કુરૂપ વર સાથે લગ્ન ન કરવા માટે ઉશ્કેરાતી સખીઓની વિરુદ્ધ સીતાનો રામ સાથે લગ્ન કરવાનો દ્દઢ નિશ્ચર્ય અને અચલ મનોબળ પ્રગટ થાય છે. એક પુરુષમાં જ આસ્થા રાખતી પતિવ્રતા સીતા વિચારે છે, ''એક નરની નારી એ જ બરોબર છે !'' તે સખીની ભૂમિકા ભજવતી દાસીઓને કહે છે, ''તમે મને અવળી વાટે શા માટે ચડાવો છો ? અવળી વાટે તો મને પગમાં કાંટા વાગશે !''

સીતા અને રામનાં લગ્ન માંડવો રોપવો, પીઠીએ બેસવું, જાનનો ઉતારો આપવો, વર પોંખવો, તોરણ સબાવવું, હાર ખીસરિયાની વિધિ, વરકન્યાની લગ્નમંડપમાં પધરામણી, સવરની દાણ (કન્યાદાન) જેવી ભીલ સમાજમાં વર્તમાનમાં પ્રચલિત પરંપરિત લગ્નવિધિ

પ્રમાણે થાય છે. અહીં નવલાખ દેવ – દેવતાથી શોભિત 'બાવનસી રૂપના સ્વામી' રામની વૈભવી જાનના વર્ણન સિવાય લગ્નવિધિમાં બીજુ કોઈ વૈવિધ્ય નથી.

સીતા – રામનાં લગ્ન રામ – લક્ષ્મણના વનગમન પછી અયોધ્યાના એક પણ સભ્યની હાજરી વિના થાય છે. કૃષિયુગની પ્રકૃતિપ્રેમી આ કન્યા પિતા પાસે કન્યાદનમાં 'હરિયો બાગ' બનાવવા ફકત ફૂલછોડનાં બીજની જ માગણી કરે છે. અહીં સીતા ઉદારતાનું વર્ણન છે.

લગ્ન સંપન્ન થયા પછી રામ લક્ષ્મણ સીતાને વનમાં લઈને આવે છે. લાંબા પંથે ચાલવાથી સીતાનું વર્ણન અન્ય રામાયણ જેવું જ છે. શ્રમિત સીતા અધીરી બનીને લક્ષ્મણને કહે છે, ''દેવરિયા, હું રાજમહેલની રહેનારી ! કોઈ દિવસ આટલું બધું ચાલી નથી. હવે આપણા વાદળમહેલ કેટલે દૂર છે ? હું તો બરાબર થાકી ગઈ છું.

સીતામાં પ્રતિકૂળ સંજોગોનો સામનો કરવાની અદ્‌ભૂત શકિત છે. તેનામાં પરિસ્થિતિનો સામનો કરવાની કોઠાસુઝ છે. પયૈયાવનમાં ધૂણી અને વૃક્ષોની છાયા સિવાય બીજો આશ્રય ન હોવાથી રામ – લક્ષ્મણને ઘર સંસારનું વ્યવહારિક જ્ઞાન સમજાવે છે, ''દિયર, તમે જોગી બન્યા અને હું જોગણ બની એ વાત તો સાચી. એતો તમારે ચાલતું હતું. પણ હવે તમારે ઘેર ગૃહિણી આવી. હવે તમારે ઘર વિના નહીં ચાલે. ઘર હોય પછી ઘરવખરી જોઈએ. આ ઘરસંસારના જ્ઞાનની વાત તું તારા ભાઈને સમજાવ.'' વળી તે લક્ષ્મણના મિષે રામને કહે છે, ''અલ્યા દિયરિયા, તારો ભાઈ તો થાંભલો થઈને ઊભો રહયો છે ! જા, તેને જઈને વાત કર. આમ ઊભા ઊભા તો 'જલમ' જશે નહીં અને 'ભગતિ' પણ થશે નહીં, અહીં સીતાની ચતુરાઈનું વર્ણન છે.

અહીં સીતાનું ઘરસંસારનું જ્ઞાન, વ્યવહાર કુશળતા, વૈયકિતક – પારિવારિક કર્તવ્યો, સ્પષ્ટવાદિતા અને નીડરતાનાં દર્શન થાય છે. પતિથી અલગ સ્વતંત્ર મત પ્રદર્શિત કરવાની તેની હિંમત પણ વ્યકત થાય છે. પિયરમાં તેનું નારી સહજ વ્યકિતત્વ વિકસ્યું છે. જેથી વનમાં પણ બે પુરુષના પિતૃસતાક પરિવાર વચ્ચે તેના સ્વતંત્ર વ્યકિતત્વનાં દર્શન થાય છે. રામે લગ્ન કર્યુ તો પત્ની માટે ઘર પણ જોઈએ, ઘરવખરી પણ જોઈએ, ખાવાનું પણ જોઈએ. પતિ – પત્નીને એકાંત પણ જોઈએ. આવી નાની નાની લાગતી બાબતો યોગક્ષેમ માટે આવશ્યક છે. આવું જીવન અને કુટુંબ ચલાવવાનું સામાન્ય  જ્ઞાન રામમાં નથી તે વ્યવહારુ જ્ઞાન ગ્રામવધૂ સીતા

રામને આપે છે.

રોમસીતમાની વારતામાં રામનું પુરુષસતાક વ્યકિતત્વ સીતાને કયારેય પ્રભાવિત કરતું નથી કે સીતાના નારી સહજ વ્યકિતત્વ પર હાવી થતું નથી. રામનો પુરુષ સહજ અહં કયારેય સીતાના દૈનિક જીવનના ક્રિયા કલાપોને કયારેય રામ – લક્ષ્મણ પર આધાર રાખતી નથી. પુરુષ તેના કાર્યોમાં અને તે પુરુષના કાર્યોમાં સહભાગી છે. આથી એ રામ – લક્ષ્મણને મઢી (ઘર) બનાવવા, કૂવો ખોદવા અને બાગ બનાવવામાં સહાયક થાય છે. રામ પણ તેમના માટે ફળ લેવા દૂર વનમાં જાય છે. અહીં સીતાના ઋજુ અને કોમળ સ્વભાવની વાતનું વર્ણન છે.

રામ અંતરમુખી હોવાથી વ્યવહારિક જીવનની ઘણી બધી પ્રવૃતિઓથી અલિપ્ત રહે છે. તેઓ ભીલોના અહં શૂન્ય મહામાર્ગી સાધુ જેવા લાગે છે. મહામાર્ગમાં સાધકે પોતાનાં અહં બાળવાનો છે. રોમ સીતમાની ભકિત વિષયક કેટલીક પાંખડીઓ ભાદ્રપદમાં આવતા મહામાર્ગી પાટની માંડણી વેળાએ ગાવામાં આવે છે. મહામાર્ગી જીવનદર્શનનાં અહંમનુ નિરસન, વૈરાગ્ય, અલિપ્તતા જેવાં આધ્યાત્મિક તત્વોથી રામનું ચરિત્ર નિર્માણ પામ્યું છે. અને આ મહામાર્ગી જીવનદર્શન તેના દૈનિક જીવનના ક્રિયાકલાપોમાં પણ પ્રગટ થાય છે. રામ સીતાને લઈને પપૈયાવનમાં આવે છે ત્યારે ધૂણીએ જઈને ધ્યાનમાં બેસે છે. આ સમયે સીતા વ્યંગમાં લક્ષ્મણને કહે છે, ‘‘દિયર તારો ભાઈ તો વળી કોઈ ઋષિને ધૂણિયે જઈને બેઠો.’’

સીતા અને લક્ષ્મણનું બર્હિમુખી વ્યકિતત્વ વધુ સક્રિય અને કર્મણીય છે. વનખંડમાં દિયર અને ભાભી સહભાગી થઈને વનમાં મઢી બનાવે છે. કર્મશીલા સીતા અકર્મણીય અને વ્યવહારિક કાર્યથી અલિપ્ત રામને લક્ષ્મણના માધ્યમથી કટાક્ષ કરે છે, ‘‘દિયર, માળા રટવાથી કામનો પાર આવવાનો નથી. તું તારા ભાઈને સમજાવ કે તે માળા રટવાનું છોડીને આપણે ભૂખ્યાં થયાં છીએ માટે વનફળ લઈ આવે. આપણે અહીં કયાં કૂવો ગોડવો એ નકકી કરીએ.

ભીલી રામવારતા પ્રમાણે રામ જયારે વનમાં વનફળ લેવા જાય છે. ત્યારે મઢી બનાવતાં શ્રમિત થયેલાં સીતા અને લક્ષ્મણ શરીર પર સાગ પાન ઓઢીને સૂએ છે. અને ભરનિદ્રામં પોઢ યાં છે. પૂર્વદિશાનો પવન વાય છે. અને સાગ પાન ઊડી જવાના કારણે બંને અનાવૃત થઈ જાય છે. રામ આવે છે અને રામના પગરવથી સીતા જબકીને જાગે છે. અને આવેશમાં આવેલા રામ લક્ષ્મણને મામરવા ધસે છે. ચતુર સીતા રામને શાંત પાડતાં કહે છે, ‘‘તું એક હાથે તાલી પાડ

અને એક લાકડે આગ પ્રગટાવ. આમ સીતાના આ કહેવાનો ભાવાર્થ તેની કોઠાસુજનું અને સીતાની ચતુરાઈનું વર્ણન છે.

રામ અને હાથે તાળી પાઠવાનો અને એક લાકડે આગ પ્રગટાવવાનો વૃથા પ્રયત્ન કરે છે. સીતા તેને જ્ઞાનની વાણી સમજાવતાં કહે છે, ‘‘રામ, એક હાથે તાળી નહીં પડે ; એક લાકડે આગ નહીં પ્રગટે ; તેમ એક શરીરથી કઈ નહીં થાય !’’ અહીં સીતાના ઉચ્ચ ચરિત્રબળ (શીલ)નાં દર્શન થાય છે. તે અહીં ઊ.દા. કૌશલ્યાથી નીજની (પોતાની) નિર્દોષતા સિદ્ધ કરે છે. સીતા ભાઈનું મહત્વ સમજાવતાં કહે છે, ‘‘તું મનમાં ગણતરી ગણ કે ભાઈ વિના વેર પણ વળે નહીં.’’ અહીં વારતાવાહકનો ભવિષ્યમાં આવનાર રાવણ સાથેના યુદ્ધ તરફ પણ નિર્દેશ છે. સાથે સાથે ભીલોના સાંપ્રત જીવનમાં વેરભાવના પરંપરામાં ઊતરતી હોવાથી ગોત્ર – ગોત્રનાં ચરેતરાં (ચડાઈ)માં ભાઈઓ જ વેર વાળવામાં સહાયક થાય છે. તેવું ભીલી લોકવારતમાં સ્નેહનો નાતો પોતાના જ કર્તવ્યનો સમય અને ભાવનાના મૂલ્યનું વર્ણન દર્શાવેલ છે.

કર્મશીલા સીતા રામને કર્મનો પાઠ ભણાવતી આગળ કહે છે, ‘‘હવે તું આવી નકામી વાતો રહેવા દે અને આ વનમાં નાનો સરખો એક કૂવો બનાવીએ...આ વનમાં નવા નવા કામ કરીએ...સીતા પોતાના કર્તવ્યનું પાલન કરવું કર્મ એજ ફળના સંકેત સાથે રહે છે.

સીતાના વ્યકિતત્વનાં મહત્વનાં પાસાં,સ્પષ્ટ વાખિતા અને સત્યવદિતા અહીં પ્રગટ થાય છે. તે રામના જૂઠા આક્ષેપથી નથી તો ક્ષોભ અનુભવતી કે નથી વિચલિચ થતી. પણ પોતાની સાચી વાત તર્કબદ્ધ રીતે રજૂ કરીને પોતાની વિશિષ્ટ બુદ્ધિમતાનો પરિચય આપે છે અને રામને નીજના વિશિષ્ટ વ્યકિતત્વથી પ્રભાવિત કરે છે.

સીતાહરણનું મહત્વનું કારણ વાલ્મીકીય રામાયણની માફક રાવણની બહેન શૂર્પણખાનું લક્ષ્મણ દ્વારા થયેલું નાક–કર્ણ છેદન નથી. અહીં શૂર્પણખાનું પાત્ર જ નથી. સીતાહરણનું નિમિત સીતાની સુવર્ણમૃગ પ્રાપ્ત કરવાની લાલસા કે હઠ પણ નથી. સીતાહરણનો મહત્વનો આલંબન આધાર સ્વયંવર સમયે જાહેરમાં થયેલો રાવણનો તેજોવધ અને રાવણના સકંજામાંથી છટકી ગયેલો દસમો ગ્રહ છે. દસમો ગ્રહ રાવણના મૃત પિતાના ભટકતા આત્માનું રૂપ લઈને રાવણને સીતાહરણ માટે ઉશ્કેરે છે અને અંતે તે લંકા અને રાવણના સર્વનાશનું કારણ બને છે.

અહીં રાવણને સર્જેલા એક મુખે દુશ્મનને જોતા અને બીજા મુખે વૃક્ષોને ઉખેડી મૂળને

આસમાન તરફ કરતા મૃગની લોકકલ્પના અદ્‌ભુત છે. અર્થાત્ પરિશ્રમ–પુરુષાર્થી સર્જેલો બાગ રાત્રે આવીને દ્વિમુખી મૃગ નાશ કરે છે. સવારમાં ફૂલ વીણવા આવેલી સીતા બાગનો આ સર્વનાશ જુએ છે. તેના હૃદયમાં ફાળ પડે છે. અને આ વેદના ઉપાલંભની વાણી ધારણ કરે છે, ‘‘બિચારા બે મર્દ છો પણ ઘરમાંથી બહાર જ નીકળતા નથી તે ! સાંજે સૂવો છો ; સવારે સૂવો છો અને કવેળાએ જાગો છો ! વેરીએ વાડીનું તો રણ બનાવી દીધું. સીતાના ઉપાલંભ અને વાડી ભેળી નાખી હોવાથી વેર ભાવનાથી આહત રામ મૃગને મારીને તેની માલની કાંચળી સિવડાવવાનો નિર્ણય કરે છે. રામનો આ નિર્ણય પાછળનો હેતુ વાડી ભેળવાનો બદલો અને વાડીનો સર્વનાશ જોઈને દુઃખી થયેલી સીતાને આનંદિત કરવાનો છે. મૃગ મારવાનું રામનું આ પહેલું અને છેલ્લું પરાક્રમ છે. આ પછી રામ કોઈ પણ પ્રકારની હિંસામાં સહભાગી થયા નથી.

રામના બાણથી આહત મૃગ લક્ષ્મણનું નામ લઈને ચીસ પાડતાં ચિંતાતુર સીતા રામને મદદે જવાનું કહે છે. લક્ષ્મણ ભાઈના આદેશને અનુસરીને મઢીમાં એકલી સીતાને મૂકીને વાડીમાં જવા આનાકાની કરે છે. ત્યારે સીતા લક્ષ્મણને ઉપાલંભ આપે છે, ‘‘દિયર તેં તો મનમાં ભૂંડું ધાર્યુ. તારે તો એમ છે કે ભાઈ મરશે તો મને ભાભી મળશે.’’ આ ઉપાલંભ વાલ્મીકીય રામાયણ જેવો જ છે. અહીં વિવેકહીન બનેલી સીતાનો આવેશ રામ તરફના અનન્ય સ્નેહનો નિર્દેશ કરે છે. આમ છતાં વાલ્મીકીય રામાયણ જેવો ઉગ્ર વિવાદ સીતા અને લક્ષ્મણ વચ્ચે નથી સર્જાયો. બંનેએ એક બીજાની આમાન્યા લોપી નથી. લક્ષ્મણ સીતા તરફની મંગલભાવનાથી સીતાને રક્ષવા લક્ષ્મણરેખા (આગિયાકારી) બાંધીને જાય છે. આ લક્ષ્મણ રેખાની વિધિ વાલ્મીકીય રામાયણમાં નથી.

સીતાહરણ માટે જોગી – બાવાનો વેશ લઈને આવેલા છળી રાવણનું મોરલી અને ડાકલાની સંગતથી નૃત્ય ભીલ સાંપ્રત લોકજીવનમાં કોબરિયા ઠાકોરના મેલા અનુષ્ઠાન સમયે ભજવવામાં આવતા બાવના વેશના નૃત્ય જેવું છે. કૉબરિયા ઠાકોરના મેલા અનુષ્ઠાન સમયે પણ રોમ – સીતમાની વારતા સાંગ, વાંસળી અને ઘોડાલિયાની સંગતમાં નૃત્ય સાથે ગાવામાં આવે છે. અહીં મારોલીમાં મીઠાં ગીતો ગાતો રાવણ ઢોર ચારતી વખતે ગોઠિયાને આકર્ષતા ગોઠિયા જેવો લાગે છે અને રાવણના ગીત, નૃત્ય અને સંગીતથી આર્કર્ષાયેલી સીતા ભીલકન્યા જેવી લાગે છે.

લક્ષ્મણરેખાની જવાળાઓથી બચવા રામનો નહાવનો પાટલો રેખા પર મૂકી ભિક્ષા આપવાનું રાવણનું સૂચન લોકની ચિરનૂતન કલ્પનાનો નિર્દેશ કરે છે. આવીલોક – કલ્પનાનો સહજ ઉદ્‌ભવ વાલ્મીકીય રામાયણમાં નથી. સીતા વિનાની શૂન્ય મઢી જોઈને રામે કરેલો વિયોગી વિલાપ વાલ્મીકીય રામાયણ જેવો સગોત્રીય છે. આમ છતાં વનમાં સીતાનું સતનું કંકુપગલું (ચરણ ચિન્હ) જોઈને તેની સન્મુખ બેસીને વિલાપ કરતા રામનું શબ્દચિત્ર હૃદયસ્પર્શી છે.

પ્રકૃતિનું આ માનવીકરણ ખિસકોલીના પાત્રમાં પ્રકૃતિની માનવ તરફની મંગલભાવનાનું ઉદાતરૂપ ધારણ કરે છે. રામ – લક્ષ્મણને ઘણા હેતથી તાજાં મહુડાં ખવડાવની ખિસકોલીના પાત્રમાં રામ – લક્ષ્મણને બોર આરોગવા આવતી ભીલ સાધવી શબરીના ચારિત્રનું તાદાત્મય થયેલું છે. લોકમહાકાવ્ય રોમ સીતમાની વારતામાં પ્રકૃતિ તત્વો અને માનવ એકબીજાનાં ઓતપ્રોત છે. ‘‘બે પુરુષો એક સ્ત્રીને ન સાચવી શકયા ?’’ જેવા આવળ બને ખાટી નેંબો જેવી વેલના ઉપાલંભો અને વ્યંગ્ય વચનો પ્રકૃતિના થયેલા માનવીયકરણનો નિર્દેશ આપે છે.

અહીં ખિસકોલી રામની ભાણેજ બતાવેલ છે. ‘‘મામા, ધીરજ ધરો. આપણી મામી કયાંય નહીં જાય.’’ જેવાં આપ્ત વચનોથી ધીરજ બંધાવતી ખિસકોલી જેવા પ્રકૃતિ તત્વમાં શબરી સાક્ષાત્ થાય છે. વળી ‘‘કાલે કોઈ સ્ત્રીને ઊડણ પાવરી ઉપર બેસાડીને લંકાનો રાવણ આકાશમાર્ગે જતો મેં જોયો હતો.’’ જેવાં વચનોથી રામને સીતા હરણના સમાચાર આપતી ખિસકોલીમાં રામાયણના જટાયુના પાત્રનું પણ તાદાભ્ય સધાયું છે.

ખિસકોલી રામ – લક્ષ્મણને ‘મામા’ થી સંબોધે છે. હનુમાન પણ રામ – લક્ષ્મણને મામા કહે છે. અંજની – ભંજની બંને બહેનો રામ – લક્ષ્મણને ભાઈથી સબંધો છે. આ સંબોધનાં રોમ – સીતમાંની વારતામાં વર્ણવાયેલો સમાજ તે કાળે માતૃસતાક હોવાનાં પ્રમાણ પૂરાં પાડે છે. અહીં રામ કોઈ રાજા કે રાજકુમાર જેવા નથી લાગતા. નથી તો કોઈ પરમ તત્વ કે પરમાત્મા લાગતા. તેઓ નગર – ગ્રામ કે વન પરિવારના એક સભ્ય જેવા જ લાગે છે. કોઈ રાજવી કે દૈવી મહિમા તેમના ચરિત્રમાંથી પ્રગટ થતો નથી. તેઓ એક માનવીય ધરાતળ પરના ગ્રામજન કે વનજન આદિવાસી જેવા લાગે છે.

રોમ સીતમાની વારતામાં હરણ પછી સીતા વાલ્મીકીય રામાયણની પેઠે રાવણને ધિકકારતી નથી. તે રાવણ સન્મુખ રામના અતુલ પરાક્રમની પણ વાત નથી કરતી. તે તેને ક્રૂર, દુર્બુદ્ધિ કે અજિનેન્દ્રિય પણ નથી કહેતી. તે રાવણ માટે શિયાળ, કાગડો કે ગીધ જેવા હીન શબ્દોનો પ્રયોગ નથી કરતી. રોમ સીતમાની વારતામાં પણ રાવણ સીતાને રાજમહેલમાં લઈ જવા ઈચ્છે છે પણ તે પોતાના શીલનું રક્ષણ કરવા રાવણનો પ્રસ્તાવ સિફતથી ટાળી દે છે. સીતા રાવણને કહે છે, ''મારા પિતાએ પરણાવી તે દિવસથી વનખંડમાં રહી છું. મને વાડી જ ગમે. હું તો ફૂલોની ફોરમ વિના રહી શકતી જ નથી. વાદળમહેલમાં તો હું પરણ્યા પછી રહી જ નથી. માટે મને સવા મહિનો હરિયા બાગમાં મૂક પછી હું જાતે જ રાજમહેલમાં આવીશ. રાવણ સીતાના પ્રસ્તાવ સ્વીકારે છે અને તેને વાજમી વહેલમાં બેસાડી પૂરા સન્માન સાથે હરિયા બાગમાં ચંપાની છાયામાં મૂકે છે.

અહીં રાવણ વાલ્મીકીય રામાયણની જેમ સીતાને ભય પમાડવા અને તેને અનુકૂળ કરવા માટે વિનતા, વિકટા, ચંડોદરી, અજોમુખી જેવી ભયંકર રાક્ષસીઓને સીતાની સન્મુખ મૂકતો નથી. સીતાને રાવણની અમાપ શકિતનો ખ્યાલ છે. ચંપાની છાયામાં વિરાજેલી પતિવ્રતા સીતા વિચારે છે, ''દસ માથાં અને વીસ હાથવાળો રાવણ ઘણો જ શકિતશાળી યોદ્ધો છે. કોઈ દિવસ તેનું મન ચૂક કરી બેસે તો અત્યાર સુધીની મારી પતિભકિત પાણીમાં જાય. શીલવતી સીતા નાભિ સુધી પથ્થરો ગોઠવી શીલ સાચવવા અડધા શરીર સુધી પથ્થરોમાં સમાય છે. વાલ્મીકીય રાવણની જેમ વામ સંજોગોમાં પણ અવિચલ રહી જાહેરમાં કયારેય પોતાનું દુઃખ રડતી નથી. નાભિ સુધી પથ્થરમાં સમાય છે. રામના નામની માળા રટતી સીતાનું અનન્ય ભકિતરૂપ પાવનકારી છે. આ પાવનકારી ભકિતરૂપ ભાદ્રપદમાં દેહ પર ઘઉં જવારા ઉઘાડીને ભકિત કરતા મહામાર્ગી ભીલ સાધુની યાદ આપે છે. રામની યાદ તીવ્ર થતાં તે મનમાં રડે છે. પરંતુ સીતાને રામ પર અટલ આસ્થા છે, 'મારો રામ મને અવશ્ય છોડાવશે જ.''

વાલ્મીકીય રામાયણની પેઠે અહીં લંકામાં સીતાનું અનન્ય ભકિતરૂપ જોઈને હનુમાન મુગ્ધ બની જાય છે. સીતા દૂંટી સુધી પથ્થર ગોઠવી, હાથમાં માળા લઈને રામનું નામ રટતી આંખો ઢાળીને બેઠી છે. આ સમયે હનુમાન સીતા સન્મુખ વિયોગી રામની સ્થિતિનું હૃદયસ્પર્શી વર્ણન કરે છે, 'અહીં કરુણા ઉત્પન્ન થાય છે, મામો તો તારી યાદમાં એક ઝાડથી બીજે ઝાડ

દોડતો રડી રડીને ઝાડ જ થઈ ગયો છે ! અહીં સીતા – રામના અદ્‌ભૂત પાત્રનું આલેખન છે.

મંદોદરીનો છઠાવેશ (છુપો) ને લઈ ભોજન આપવાના બહાને લક્ષ્મણ રાવણના મૃત્યુનો ભેદ જાણી લે છે. સૂર્યના રથમાં વિરાજેલા ભમરામાં રાવણનો જીવ હોવાથી મધ્યહે કઢાઈના સામસામેના કાના પર ઊભો રહેલો લક્ષ્મણ ભમરાને વીંધીને ઉકાળતા તેલમાં પાડે છે. ભમરો તેલમાં તળાઈ જાય છે અને રાવણ મૃત્યુ પામે છે.

અહીં ભીલ સાધુ રાવણ મરાયો, યોદ્ધો ઊંઘ્યો અને અહંકાર મૃત્યુ પામ્યોનું વારતા – ભજન ગાય છે. પ્રથમ અહંકારને મારીને પછી મહામાર્ગના સાધનાપથમાં દિક્ષીત થવાનુ છે. લક્ષ્મણે વનફળ ખાઈને ૧૨ વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કર્યુ હતું. જેથી લક્ષ્મણમાં જે શકિત – શોર્ય હતું તે રામમાં નહોતું. રામ ગૃહસ્થી હતા અને લક્ષ્મણ બ્રહ્મચારી હતા. આથી લક્ષ્મણ રાવણને મારવા શકિતમાન બને છે. બીજા અર્થમાં લક્ષ્મણ મહામાર્ગી સાધનાપંથમાં નીજના જ અહંકારનો વધ કરે છે.

રાવણ વધ પછી રાજા, લક્ષ્મણ અને હનુમાન દળ સાથે હરિયા બાગમાં સીતા પાસે આવે છે. અહીં વાલ્મીકીય રામાયણની જેમ રામ સીતાને શણગાર સજીને સામે આવવાનું કહેતા નથી કે આવ્યા પછી સીતાનું અપમાન કરતા નથી. અહીં રામ સીતાને તેના શીલચારિત્ર્ય કે રાવણના વ્યવહાર – વર્તન વિશે એક પણ પ્રશ્ન કરતા નથી. સીતાના પતિવ્રત્યધર્મ વિશે લેશ માત્ર પણ શંકા કરતા નથી. નથી તો તેનું પવિત્ર શીલ સિદ્ધ કરવા રામ અગ્નિપરીક્ષા લેતા. તેને મન દુઃખ થાય એવો એક હરફ પણ રામ ઉચ્ચારતા નથી.

‘‘તમારે અમારી સાથે આવવું છે કે ? રાવણ અહીં લંકામાં કઈ રીતે લાવ્યો ? પૃથ્વી ઉપર ચલાવીને લાવ્યો કે પછી ઊંચકીને લાવ્યો ?’’ જેવા પ્રશ્નો ફકત સંશયગ્રસ્ત લક્ષ્મણ જ કરે છે. તેના આ પ્રશ્નોનું મૂળ રામ મૃગ મારવા ગયા ત્યારે વનખંડમાં તેના ચારિત્ર્ય પર સંશય કરી સીતાએ ‘‘ભાઈ મરશે તો ભાભી મળશે.’’ જેવા આપલા ઉપાલંભ હોઈ શકે. અંતે રામ અને લક્ષ્મણ સીતાને આશ્વાસન આપી નાભિ સુધીના પથ્થરો લઈ લે છે અને સીતાને પૂરા સન્માન સાથે રામ મળે છે.

અહીં રામના વ્યકિતત્વની આભામાં સીતાની ઓળખ તિરોભાવ પામતી નથી. ઊલટું સીતાના વ્યકિતત્વની આભામાં રામ વધુ ઓજસ્વી પૂરવાર થાય છે.

સીતાની આ આત્મઓળખ સાસુ કૌશલ્યા સાથેના જઘડામાં વધુ પ્રભાવી બની પ્રગટ થાય છે.

વનમાંથી ૧૨ (બાર) વર્ષે પાછી ફરેલી સીતાને મળવા અધીરી બનેલી કૌશલ્યાને જયારે સીતા રાજમહેલથી નીચે ઊતરીને વંદે છે ત્યારે કૌશલ્યાના હૃદયમાં વર્ષોથી ભંડારી રાખેલી શંકા–કુશંકા અને ઈર્ષા ઊગ્ર રૂપ ધારણ કરે છે અને પીઠ ફેરવીને સીતાને ભાંડવાનો પ્રારંભ કરે છે. સીતા પર શીલભ્રષ્ટતાનો આરોપ મૂકીને કહે છે, ''રાંડ ! મને આજીજી કરવાનું છોડી દે અને તારા રાવણ ધણીની વાત કર !'' અને આમ સીતા તથા કૌશલ્યા વચ્ચેનો વાદ – વિવાદ ઉગ્ર ઝઘડામાં પરિણમે છે. સીતા પોતાને ભગવાનની ચતુર દીકરી તરીકે ગણીને જ્ઞાનની વાણી સંભળાવવાના બહાને કૌશલ્યા સન્મુખ કૂતરી, બિલાડી, ઘોડી, ગધેડી, ઊંટડી, માંકડીના લક્ષણો ધરાવતી સ્ત્રીઓનું વર્ણન કરે છે જે પરોક્ષ રીતે કૌશલ્યા માટે જ પ્રયોજાયાં છે પરિણામે બંનેનો ઝઘડો પરાકાષ્ટાએ પહોંચે છે.

રામ દ્વારા સીતાત્યાગ, નગરજનોમાં સીતાના ચારિત્ર્ય વિશે ચર્ચાતી શંકા – કુશંકાઓ નથી કે નથી તો રાજા રામ દ્વારા પ્રજાનું અનુરંજન કરવાનો ઉદ્દેશ. અહીં રામ  રાજા નથી. રામ પણ અહીં પ્રજાજન જેવા છે. અહીં રાજકીય, આર્થિક સામાજિક કે ધાર્મિક કોઈ પણ પ્રકારના સાર નથી. અહીં પૂરો બ્રાહ્મણ સમાજ ગેરહાજર છે.

સીતા ત્યાગનું પ્રમુખ કારણ સાસુ – વહુનો ઝઘડો છે. રામ – લક્ષ્મણ બંનેનો આ ઝઘડો શાન્ત ચિત્તે સાંભળે છે પણ પતિ હોવાના લીધે પુરુષસતાક અધિકારથી સીતાની વાચા – વાણી છીનવી લેતા નથી. ઊલટું, જૂઠા આક્ષેપો અને અન્યાયનો સામનો કરતી સીતાના મુખમાંથી ઓજસ્વી વાણી પ્રગટે છે. આમ છતાં માતાના પ્રભુત્વથી આતંકિત રામ માતાનો આદેશ અવગણી શકતા નથી અને લક્ષ્મણ દ્વારા સીતાનો ત્યાગ કરે છે. રામ સીતાનો ત્યાગ સગર્ભા સીતાને વન જોવડાવવાના દોહદના બહાને છળ રચીને નથી કરતા. સીતા અહીં સગર્ભા નથી અને રામ સીતાની સન્મુખ જ કૌશલ્યાનો આદેશ સંભળાવે છે.

વિદાય સમયે સીતા તરફની રામની અનન્ય પ્રીતિ છતી થાય છે. ઊભરાતી આંખે રામ વનમાં એકલી જતી એકાકી બની ગયેલી સીતાનો આલંબન – આધાર બને એવા પુત્રની પ્રાપ્તિ થાય એવી મંગલ ભાવનાથી સીતાને રામફળ – વનફળ આપે છે. કૌશલ્યાના આદેશથી રામ

સીતાને વનમાં મૂકે છે. આથી સીતાને રામ માટે રોષ નથી. તે રામને કહે છે, ''મારું હરણ થયું છતાં હું મનમાં દુઃખ લાવી નહીં. સદા તારું નામ લેતી રહી. લંકામાંથી મારું સત જાળવીને પાછી આવી. વળી પાછી સાસુ મને વનમાં મુકાવે છે. હવે હું વનમાં એકલી જાઉં છું. સીતાના વિયોગથી રામ ઘણા જ દુઃખી છે. તેઓ સીતાને આશ્વાસન આપે છે, ''હે સીતા ! તું ઘણી જ ક્ષેમકુશળ વનમાં જા ! અને ભાગવાન ફરીને આપણા લેખ મેળવશે તો વળી પાછાં ભેગાં થઈશું.''

અહીં સંયુકત પરિવારમાં માતા કૌશલ્યાનું વર્ચસ્વ વ્યાપેલું છે. માતાના આદેશને રામ કે લક્ષ્મણ ઉથાપી શકતા નથી. આથી વનમાં લઈ જઈ સીતાને મારી નાખીને તેની આંખોના રતન માતાને આપવાનો પાશવી આદેશ પણ બંને ભાઈ ચૂપચાપ સાંભળે છે. શાબ્દિક રીતે પણ તેનો વિરોધ કરી શકતા નથી. જાણતા હોવા છતાં સીતાના શુદ્ધ શીલ વિશે એક શબ્દ પણ ઉચ્ચારી શકતા નથી. માતાના આદેશને માન આપવા લક્ષ્મણ વનમાં સીતાને સ્થાને ગમતું ન હોવા છતાં નિર્દોષ હરણને મારીને તેની આંખો કાઢે છે અને અયોધ્યમાં આવી કૌશલ્યાના હાથમાં મૂકે છે. કૌશલ્યા આંખોને હાથથી મસળીને ઢોલીયાના પાયે દબાવે છે. માતા લક્ષ્મણને અભિનંદન આપતાં કહે છે, ''હે પુત્ર ! તેં આજે ઘણું જ સારું કામ કર્યુ છે !'' અહીં કૌશલ્યાની ક્રૂરતા પરાકાષ્ટાએ પહોંચે છે. વાલ્મીકીય રામાયણની કુટિલ કૈકેયી ચરિત્ર અહીં કૌશલ્યમાં રૂપાંતર પામ્યું છે.

આ પ્રસંગથી ઊલટું વનમાં રહેવાવાળાં કેટલાંક પ્રાણીઓને વન્ય, માનવભક્ષી, ઘાતકી કે ક્રૂર જેવાં વિશેષણોથી નવાજીએ છીએ તેમાંનો વાઘ વનમાં એકાકી સીતાને ધર્મની બહેન બનાવી પીઠ પર બેસાડીને સપ્તર્ષિના આશ્રમે મૂકે છે. આ પ્રસંગમાં આદિકાળે પ્રકૃતિ તત્વો અને પ્રકૃતિની એક સાર્વભોમ સતામાં સહભાગી હતાં અને માનવના સુખ–દુઃખમાં સહાયક થતાં હતાં તેના દર્શન થાય છે.

મહામાર્ગી જીવનદર્શનમાંથી આવિર્ભૂત વારતાઓમાં પ્રાણીઓ પણ ભકિતમય જીવન જીવતાં હતાં તેની પ્રતીતિ થાય છે. આ જીવન દર્શનમાંથી પ્રાદુર્ભૂત વાઘ સીતાને તપ કરતા સપ્તર્ષિના સાંનિધ્યમાં મૂકવા પ્રેરાય છે. સપ્તર્ષિના આશ્રમે વાઘ સીતાનો પરિચય આપે છે. ધ્યાનમાંથી જાગીને પાનઋષિ નેત્રો ખોલે છે. સીતાને જોઈને વિચારે છે, ''તેમના ખોળે તો અમે

રહીએ અને તેઓ અમારા ખોળે કયાંથી ? આજે તો હરિયો બાગ કોયલો પાસે આવ્યો છે ! ઋષિ કહે છે, ‘‘તારી પાસેથી સાચી ભકિત જાણીએ. અમે ઘણી ભકિત કરી છે પણ તારા જેવું દુઃખ વેઠયું નથી.’’ ઋષિ લળી લળીને રામનું નામ લે છે, અને સીતાની પ્રદક્ષિણા કરીને પાયે લાગે છે. અહીં મહામાર્ગી જીવનદર્શનમાં ગુરુ અને શિષ્ય સમાન ભૂમિકા પર આવે છે.

લવના જન્મ સમયે એકાકી સીતાને રામની યાદ સતાવે છે. પતિ પાસે હોય તો પોતાની વેદના વ્યકત કરી શકત. નહીં કોઈ સખી પણ નથી. ઋષિ સિવાય કોઈ આધાર નથી અને ઋષિતા પુરુષ હોવાથી મર્યાદા નડે છે. સીતા અહીં અસહાયાવસ્થામાં પુત્રનો જન્મ આપે છે. આમ છતાં તેણીએ રામ તરફતી આસ્થા ગુમાવી નથી. રામનો સીતા ત્યાગ વાલ્મીકીય રામાયણ જેટલો ક્રૂર નથી. આથી સીતાને રામ સામે કોઈ ફરિયાદ નથી. આથી વિપદામાં રામને યાદ કરતાં તેને કોઈ ઘૃણા કે તિરસ્કાર થતો નથી. રોમ – સીતમાની વારતા મહામાર્ગી જીવન દર્શનમાંથી આવિર્ભાવ પામી હોવાથી લવના જન્મની ઘડી હંસદેવના જન્મની ઘડી છે. સાધુને સમાધિ દેતી વેળાએ હંસદેવનાં ભજન ગાવામાં આવે છે. આ સમયે સૃષ્ટિની ઉત્પતિ અને હંસદેવની જન્મથી આરંભી તેની મોક્ષની ગતિ સુધીનાં વારતા – ભજનો ગાવામાં આવે છે. અહીં સીતાના પુત્ર જન્મ સમયે વારતાવાહક સાધુ ગાય છે, ‘‘ગંગાજળમાં હંસદેવ રમવા લાગ્યો છે. વરસાદ વિના નદીઓ વહેવા લાગી છે. નદીઓમાં પૂરમાં હંસલો તણાતો આવે છે. લોહીની નદી તેની પાછળ આવે છે. સતીનો જીવ જાય છે અને આવે છે. એકબાજુ ‘લોઅર’ પડે છે અને બીજી બાજુ કુંવરનો જન્મ થાય છે.

વાનરીના પ્રસંગમાં માતૃત્વ પ્રાપ્ત કરેલી સીતામાં બાળક તરફથી મંગલકામનાનાં દર્શન થાય છે.

પારણું ખાલી જોઈને પાનઋષિ કુશ (દર્ભ) માંથી તપ – ભકિતના બળે સતનો પુત્ર ઉત્પન્ન કરે છે. મહામાર્ગી જીવનધારામાં ભકિતની પરીક્ષા કરવાનું આગવું મહત્વ છે. આ પ્રસંગમાં પરમ તત્વની ભકિતના બળના પ્રતાપે સતનો પુત્ર ઉત્પન્ન કરી સાચી ભકિત સિદ્ધ કરે છે.

પુત્રોની નામકરણ વિધિ સમયે સીતા પોતાને થયેલા અન્યાય અને નીજની સાલેલી એકલતાનો સંકેત આપે છે, ‘‘દીકરા, મોટા થઈને પિતાની ખબર લેજો ! વનમાં વૃક્ષ એકલું ન

હજો !

લવકુશ ઘોડા લઈને સીતા પાસે આવે છે. ત્યારે સીતા અયોધ્યાના ઘોડા ઓળખે છે અને વૃક્ષના થડે તાણી બાંધવાનો આદેશ આપે છે. ઘોડાને શોધવાના બહાને રામ વનમાં આવે જેથી પિતા – પુત્રોનો મેળાપ થાય, પુત્રોએ પુછેલા પિતા અને કુટુંબ વિશેના પ્રશ્નોના ઉતર આપી શકાય અને પુત્રોને માતૃત્વ પછી પિતૃત્વ પ્રાપ્ત થાય તે જ ઘોડા બંધાવવા પાછળનો સીતાનો ઉદ્દેશ છે.

સંપૂર્ણ રોમ – સીતમાની વારતામાં રામ બે વાર જ ગુસ્સે થાય છે. એક વાર તો દ્વિમુખી મૃગે બાગ ભેળ્યો હતો ત્યારે સીતાના  ઉપલંભથી મૃગને મારવા આવેશ અનુભવે છે જયારે બીજી વાર લવકુશને તેમના પિતા વિશે પૂછતાં અણછાજતો ઉતર આપે છે ત્યારે રામ આવેશમાં આવીને બાળકો સાથે યુદ્ધે ચડે છે.

સીતા યુદ્ધ રોકી પિતા – પુત્રોને એક બીજાનો પરિચય આપે છે. પુત્રોના પરાક્રમથી પ્રભાવિત થયેલા રામ લવકુશને પિતૃત્વ બક્ષે છે. આ સમયે રામ – સીતાએ હૃદયમાં ભંડારી રાખેલું દુઃખ છતું થાય છે, ‘‘રામ જાણે છે કે સીતા વનમાં કેટલી દુઃખી છે. સીતાનું હૃદય જાણે છે કે, રામ અયોધ્યામાં મારા વિના કેટલા દુઃખી થયા છે.’’ મનથી બંનેમાં ભેદ નથી; અભેદ છે; અદ્વૈત છે. આથી રામને સીતાના શીલ વિશે કોઈ સંશય નથી. પૂરી વારતામાં રામના મનમાં સીતાના ચારિત્ર વિશે કોઈ પ્રશ્ન જાગ્યો નથી. કૌશલ્યા સીતાના શીલ માટે આક્ષેપ મૂકે છે ત્યારે પણ રામ સંશયગ્રસ્ત થતા નથી. લક્ષ્મણ જ આવા પ્રશ્નો ઉઠાવે છે.

રામે એક વનફળ – રામફળ આપ્યું હતું પણ એકના સ્થાને બે પુત્રો જોવાથી લક્ષ્મણે સીતાના શીલ – ચારિત્ર્ય વિશે સંશય જન્મે છે. લક્ષ્મણ સીતાને બીજા પુત્ર વિશે પ્રશ્ન કરે છે અને સીતા સપ્તર્ષિને આ અંગે પૂછવાનું કહે છે. સપ્તર્ષિ સતના પેદા કરેલા કુશના જન્મની કથા કહે છે અને લક્ષ્મણની શંકા નિર્મૂળ થાય છે. રામના હૃદયમાં સીતા માટે પ્રેમ અકબંધ છે.

ફૂલમાળાઓથી સુવાસિત – શોભિત સોનારૂપની વહેલમાં બે પુત્રો લવ – કુશ, રામ – લક્ષ્મણ સાથે વિરાજિત સીતાનો વાજાં – ગાજાં સાથે પૂરા સન્માન સાથે નગરજનોની હાજરીમાં રાજમહેલમાં પ્રવેશ થાય છે. રાજા પણ તેનું ગૌરવ કરતાં કહે છે, ‘‘મેં તને આખી જિંદગી વનમાં રાખી. માતાએ પણ તને અજુગતું ઘણું કહીયું પણ હવે તું નીર જેવી નિર્મળ અને દૂધ

જેવી ચોખ્ખી થઈને વહેલમાં બેસ. સીતાની વહેલ લક્ષ્મણ સ્વંયમ હાકે છે. માતા કૌશલ્યા સોનગરા થાળમાં 'ખજૂરિયાળા' દીવા મૂકી ઘણા હેત અને માન સાથે સીતા અને લવ – કુશનું સામૈયું ચોખા – કંકુથી વધાવીને કરે છે. અને પ્રશ્રાતાપ કરતાં કહે છે, ''હે મારી પુત્રવધુ ! મારા કડવાં વેણ ગાદી નીચે ચાંપ અને તારાં મીઠાં વેણ મારા ઉપર વરસાવ ! હવે તો તું જ મારો આધાર છે. સૂર્ય પ્રકાશના પ્રકાશના કારણે વહેલ ઉપરથી ઊઠતા તેજ લિસોટા વચ્ચે સ્ત્રીઓ ગીત ગાય છે, ''બધી વાડીએ ચંદન વૃક્ષ હોતાં નથી ; દરેક તળાવમાં કમળ થતાં નથી ; તેવી જ રીતે ભગવાનની સત્યની દીકરી સીતા જેવી તો કોઈક જ સ્ત્રી હોય !

અહીં વાલ્મીકીય રામાયણની માફક રામ નગરજનો સન્મુખ સીતાને શીલની પવિત્રતા સિદ્ધ કરવાનું કહેતા નથી. અહીં પૂરા સન્માન સાથે સીતા ગૃહપ્રવેશ કરે છે. નગરજનો અને પરિવારજનોની હાજરીમાં સીતાને અનન્ય ગૌરવ પ્રાપ્ત થયું છે.

રોમ – સીતમાની વારતામાં પાતાળમાં જ જેનાં બીજ રોપાયાં છે અને નાગણીના ઉદરમાં પણ પૂરો ઉછેર પામી નથી ; અને માતાને પણ પુત્રીના વંશનો પરિચય નથી એવી અયોનિજા – અનાથ કન્યા તરીકે જન્મેલી સીતા ધીમે ધીમે નીજનો પરિચય આપ બળે ઊભો કરે છે. જેના વ્યકિતત્વનો પ્રભાવ પુરુષ સમાજ પર પ્રહારે છે. તેના વિશિષ્ટ વ્યકિતત્વનો પ્રભાવ વાઘ જેવા ક્રૂર પાણી પર પણ પડે છે અને જ્ઞાન અને વય વૃદ્ધિ સપ્તર્ષિ તેના પાવન ચરિત્રથી ઉજ્જવળ બને છે. એવી સીતા પૂરા સામાજિક ગૌરવ સાથે માન – પાન સાથે અને પૂરી આત્મ ઓળખ જાળવી, રાજમહેલમાં – પરિવારમાં પ્રવેશે છે.

રોમ સીતમાની વારતા એ રામની મહતાનું મહાકાવ્ય નથી. પરંતુ સીતાના આત્મપરિચયનું મહાકાવ્ય છે. અહીં સીતા કર્તા સ્થાને છે.

રોમ – સીતમાની વારતમાં દરેક સ્ત્રી – પાત્રો વ્યકિત છે. કયાંય તેઓનું કે પુરુષની સંપતિ તરીકે ચિત્રણ થયું નથી. તેઓ નીજના સ્વતંત્ર વ્યકિતત્વથી વિભૂષિત છે. પુરુષની પ્રભુતા શકિત સતાથી એક પણ સ્ત્રી ચરિત્ર આક્રાન્ત નથી. પુરુષના કોઈ પણ ખ્યાલો ઈચ્છાઓ–ભાવનાઓ રોમ સીતમા કે ભારથનાં સ્ત્રી પાત્રોનું વિધાયક બળ નથી. તેઓ વનમાં ઊગીને સ્વયં ફાલતા – ફૂલતા વૃક્ષની જેમ આપ મેળે અને આપ બળે ઊગે છે – ફાલે છે – ફૂલે છે અને નીજના પ્રભાવથી પુરુષને દોરે છે, માર્ગદર્શન આપે છે અને પુરુષનાં પણ દર્શક બને

છે. તેઓ પુરુષના પ્રભાવથી પોતાની ઈચ્છાઓને દમિત નથી કરતાં. સ્ત્રીઓ પણ પુરુષની સમાન ભૂમિકાએ જીવન જીવે છે અને જીવનને માણે છે.

વાલ્મીકીય રામાયણમાં સીતાના પૃથ્વી પ્રવેશ પછી રામનું જીવન માણે છે. પરંતુ રામ નથી તો રાજા બનતા કે નથી તો રાજયની કોઈ જવાબદારી લેતા. તેઓ ભરત અને શત્રુઘ્નને અયોધ્યાનું રાજય સોંપીને દુ:ખીજનોનાં દુ:ખ દૂર કરવા ચૌદલોકની મંગલયાત્રાએ નીકળે છે.

આ મહાકાવ્યમાં નથી તો અહમથી પીડાતો બ્રહ્મસમાજ, આ મહાકાવ્ય મહામાર્ગી સમતાવાદી જીવન દર્શનમાંથી જ સર્જાયું હોવાથી અહંમનું નિરસન છે. ઊંચ – નીચના ભાવ પ્રગટ કરતો અન્ય સમાજ. અહીં તો વૈકુંઠપુરીના ભગવાન અને ઈન્દ્રપુરીનો ઈન્દ્ર ચમાર સ્ત્રીએ આપેલી માંસની રાબ આરોગે છે. અને ચમાર સ્ત્રી પણ કારમા દુષ્કાળમાં અને પ્રસુતિની કપરી ક્ષણોમાં પોતાના ભોજનનો હિસ્સો ભિક્ષુક (ભગવાન)ને આપીને માનવતાનાં ઊંચા મૂલ્યોનું જતન કરે છે.

## ‘ગુજરાંનો અરેલો’ લોકમહાકાવ્યની વર્ણનકલા :

ડો. ભગવાનદાસ પટેલ આપણા લોક વિદ્યાવિદ છે. તેઓ ભીલી, વિશે, સાબરકાંઠાના ડુંગરાળ સીમાપ્રદેશની ભીલી, લોકવિદ્યા (Floklore) ના એક સનિષ્ઠ અભ્યાસી તરીકે જાણીતા છે. અરવલ્લીની ડુંગરમાળમાં વસેલ, ભીલ વસ્તીવાળાં, ગામોમાં ભ્રમણ કરી, ભીલોના સારા – માઠા અવસરોમાં તેમની વચ્ચે રહી, ભીલી પરંપરાનો આદર કરતા એન ભીલી બોલીમાં તેમની સાથે નિકટનો નાતો બાંધી, તેમનો વિશ્વાસ અને પ્રેમ મેળવી, તેમણે આદિવાસી ભીલ સંસ્કૃતિ વિશે વિવિધ પ્રકારની જાણકારી મેળવી છે. ડુંગરી ભીલોની ધાર્મિક – સાંસ્કૃતિક – સામાજિક પરંપરાઓ અને રીત – રસમો, જાણી – અજાણી વિદ્યાઓ, વિવિધ પ્રકારનાં લઘુ – દીર્ઘ કંઠસ્થ લોકગીતો અને લોકકથાઓ વગેરે વિશેની ઘણી સામગ્રી તેમણે સંપાદિત કરી છે. ‘ભીલ લોકમહાકાવ્ય, ‘રાઠોર વારતા’ અને ‘ગુજરાંનો અરેલો’ લોકવિદ્યાનું અને તેમના પરંપરા પ્રાપ્ત કંઠસ્થ લોકસાહિત્યનું પુસ્તક છે. તેમાં લોકાખ્યાન કે લોક મહાકાવ્યને મળતા, દીર્ઘ ગાન – કથા જેવા લાગતા, ગેય પદ્ય અને લયાત્મક ગદ્ય સંમિશ્રિત રૂપમાં રચાયેલા, આદિવાસી ડુંગરી ભીલસમાજમાં પ્રચલિત, ગુજરાંના અરેલાનું અને વિવેચન થયું છે.

'અરેલો' ડુંગરી ભીલોમાં પ્રચલિત પરંપરાગત કંઠસ્થ લોકગીતોમાંનો એક વિશિષ્ટ પ્રકાર છે. ભીલોના સાંસ્કૃતિક જીવનનું એ એક અભિન્ન અંગ છે. તે દિવાળીના આસપાસના દિવસોમાં, ખાસ કરીને બેસતા વર્ષ (કારતક સુદ પડવો)થી માંડી કારતક સુદ પાંચમ દરમિયાન, રાતની નવરાશની વેળાએ, 'ગાવાવાળા' ને ઘેર યા ગાવાનું નિમંત્રણ આપનારને ઘેર, દેવ – દેવીની પૂજા અર્ચના રૂપે, ધૂપ – દીપ શ્રીફળના સાનિધ્યમાં ગવાય છે. દિવાળીની રાતે ગામના મુખી – 'ગમતી' ને ઘેર અરેલા ગાવાની પ્રથા છે. અન્ય લોકો પણ 'ગાવાવાળા'ને પોતાના ઘેર અરેલા ગાવા માટે નિમંત્રે છે. લોકો જેના ઘેર અરેલા ગવાતા હોય ત્યાં સાંભળવા માટે ભેગા મળે છે.

અરેલામાં કાં તો દેવ – દેવીઓની રહસ્યાત્મક ગતિવિધિનું નિરૂપણ હોય છે, યા દંતકથાત્મક મનુષ્યોમાં અસાધારણ જીવન અને કાર્યનું નિરૂપણ હોય છે. કેટલાક અરેલામાં દેવો અને મનુષ્યોનો સહચાર દાખવતી સંમિશ્ર કથાનું પણ આલેખન થતું હોય છે. દેવ – દેવીઓની ગતિવિધિ નિરૂપતા અરેલા 'દેવિયાવાળા' ને નામે અને દંતકથાત્મક મનુષ્યોના રોમાંચક જીવનનું નિરૂપણ કરતા અરેલા 'મનખીવાળા' ને નામે ઓળખાય છે. 'નવલાખ દેવીઓનો અરેલો', 'કરમીરાનો અરેલો', વગેરે દેવિયાવાળાના અરેલા છે ; તો 'પાળી પમરૂલીનો અરેલો', દેવોલ 'ગુજરણનો અરેલો' મનખીવાળાના અરેલા છે. 'ગુજરાંનો અરેલો' મુખ્યન ; મનખી વાળાનો છે, તેમ છતાં તેમાં દેવિયાવાળાના રંગો પણ ઠીક ઠીક અંશે પુરાયા છે. અર્થાત્ તે સંમિશ્ર સ્વરૂપનો અરેલો છે. ઘણાખરા અરેલામાં ધાર્મિકતાનો ઓછોવતો પુટ હોવાથી, ગાનાર અને સાંભળનાર સૌ અદબ જાળવે છે.

લોકકથા અને લોકમહાકાવ્ય બંને ભિન્નભિન્ન જાતિના વાહકોના ચિતમાં પરંપરિત રીતે અનેક વર્ષોથી સ્થિર હોય છે. પરંતુ સ્થળ, કાળ, જાતિ, સંસ્કૃતિ પ્રમાણે પ્રસંગો ઘટડાઓ અને પાત્રોમાં પણ ભિન્ન હોવાથી અને શ્રોતા દર્શકોની હાજરી અને સહભાગિતા પ્રમાણે બંને મૈખિક મહાકાવ્યો કથન કળારૂપ ધારણ કરતાના છે.

ગુજરાંનો અરેલોનો ગાયક આવા વૈયકિતક યોગક્ષેમ કે આર્થિક ઉપાર્જનના હેતુથી મહાકાવ્ય ગાતો નથી. ગુજરાંનો અરેલોનો પરિવેશ સામાજિક – ધાર્મિક પર્વનો હોય છે. આ પર્વ તેમના વર્તમાન જીવન સાથે જોડાયેલું હોય છે. આથી ગાયક વિશાળ લોકસમુદાય સન્મુખ

પૂરી ધાર્મિક આસ્થા અને ઉલ્લાસ સાથે લોકમહાકાવ્ય પ્રસ્તુત કરે છે. તેને પુરી સામાજિક સ્વીકૃતિ મળતી હોવાથી તેની કથા દીર્ઘ કલામયરૂપ ધારણ કરે છે. ગાયક જેટલી રસમયતાથી કથાનો વિસ્તાર કરે છે. એટલા વધુ રાગિયા રાગ પુરાવવા સહભાગી થાય છે. અને કથા સજીવ અને સરસ બનતી જાય છે. મહાકાવ્ય ગાવાનો સમય સાંપ્રત જીવન સાથે જોડાયેલો દીપાવલી જેવો પ્રમુખ ધાર્મિક તહેવાર હોવાથી ગુજરાંનો અરેલામાં આવતા 'ઝરમરિયા' જેવાં નૃત્યગીતોમાં તો આબાલ – વૃદ્ધ, સ્ત્રી, પુરુષ પૂરો લોકસમુદાય સહભાગી થઈને ગાવા અને નાચવા લાગે છે. લોકમહાકાવ્ય ગાવામાં સ્ત્રીઓની પણ પુરુષો જેટલી જ સહભાગિતા હોવાથી કથકના ચિતમાં પોતાના સાંસ્કૃતિક સંદર્ભમાંથી સહજરૂપમાં કોઈ કૃતક આદર્શોના ભારણ વિના ચરિત્રો આવિર્ભાવ પામે છે. લોકસમૂહનો આ પૂરો ઉત્સાહ અને ઉલ્લાસ આર્થિક લાભ હેતુ ગાતા બગડાવતના ગાયકોને મળતો નથી. વળી દર્શક શ્રોતા વર્ગ આદર્શવાદી રાજપૂત ગૂજર જાતિનો પિતૃસમાજ હોવાથી સ્ત્રીઓની સહભાગિતા હોતી નથી. આથી ગાયક પાસે કલાત્મક ચિત્રપટ અને રાવણહથ્થા (જંતર) જેવું લોકવાદ્ય હોવા છતાં લોકકથાની રજૂઆત ગાયક પિતૃપ્રધાન દર્શક શ્રોતાના આદર્શો, ખ્યાલો માન્યતાઓ પ્રમાણે અને આર્થિક લાભ પ્રમાણે કરતો હોવાથી ચરિત્રોનો અને તેમાંયે સ્ત્રી – ચરિત્રોનો વિકાસ આદિવાસી સ્ત્રી – ચરિત્રો જેવો સહજ – સ્વાભાવિક થઈ શકતો નથી.

ભીલોમાં પ્રચલિત લોકમહાકાવ્ય ગુજરાંનો અરેલો એ જિજ્ઞાસાની તૃષ્ટિ મેળવવાનું કે કથાશ્રવણ કે નૃત્યનો આનંદ મેળવવાનું સાધન માત્ર નથી. પરંતુ સમાજના મહત્વના વ્યવહારોને કાર્યશીલ બનાવવાનું શકિતશાળી માધ્યમ છે. સમાજની વાસ્તવિકતા સાથે જોડાયેલા અરેલાનો ઉત્સવ, અનુષ્ઠાન અને જીવનની આસ્થા સાથે ઘનિષ્ઠ સંબંધ છે. તેની રજૂઆત આબાલ – વૃદ્ધ, સ્ત્રી–પુરુષ પૂરો સમાજ સહભાથી થાય છે. આથી અહીં એક સ્વસ્થ સમતાવાદી જીવનમાં સહજ દર્શન થાય છે. વળી ગુજરાંનો અરેલોમાં આવતી વારતાઓના ઘટના–પ્રસંગોએ ભીલ સાંપ્રત જિવાતા લોકજીવનનું અવિભાજય અંગ હોવાથી અને તેનો મહત્વનો ઉદ્દેશ પ્રચલિચ જીવન–પ્રણાલિનું સમર્થન અને સંરક્ષણ હોવાથી તેની રજૂઆતમાં સજીવતા, સહજતા અને સ્વાભાવિકતા હોય છે. આવો લાભ યોગક્ષેમ માટે રજૂઆત કરવામાં આવતી બગડાવત લોકગાથાને પ્રાપ્ત થતો નથી.

બંને લોકમહાકાવ્યમાં આરંભમાં દેવી–દેવતાઓની વંદનારૂપે સ્તુતિઓ ગાવામાં આવે છે. ગુજરાંનો અરેલોનો ગાવાનો આરંભ નોરતા જેવા ધાર્મિક પર્વથી થતો હોવાથી તેમાં આરંભના સ્મરણમાં નવલાખ દેવીઓના કાર્યોનો મહિમાં અને ગૌરવગાન હોય છે. જે શ્રોતાઓની ધાર્મિક મનઃસ્થિતિ ને અનુકૂળ હોય છે. જયારે બગડાવત લોકગાથા શિયાળાની ઠંડી રાતોમાં ગાવામાં આવતી હોય છે. તેની સાથે કોઈ ધાર્મિક–સામાજિક પર્વ પ્રસંગ જોડાયેલો ન હોવાથી અને ગાયક જેટલા શ્રદ્ધાળુ દર્શકો આરતી સમયે નૈવેદ્ય કે પૈસા ચઢાવે એટલાનું જ શંખઘોષ કરીને સ્તુતિ ગાઈને સામાજિક ગૌરવ કરે છે. આથી પણ દર્શકોની હાજરી પાંખી હોય છે. બંને પ્રદેશોનાં લોકમહાકાવ્યોમાં પ્રસંગ ઘટનાઓને ઘટાટોપ હોય છે, જે પ્રમુખ ગાયકના વિશિષ્ટ કથા દ્વારા ભિન્ન–ભિન્ન ચરિત્રોનો વિકાસ કરતી આગળ વધે છે. અને શ્રોતા દર્શકોને રસાનંદમાં નિમગ્ન કરે છે.

પ્રસંગ ઘટનોઓની દૃષ્ટિએ સમાન લાગવાવાળા બંને લોકમહાકાવ્યો ભિન્ન–ભિન્ન સમાજ અને સંસ્કૃતિની પૃષ્ઠભૂમિમાં આર્વિર્ભાવ પામ્યાં હોવાથી કથાનકમાં સ્થિત પ્રસંગ ઘટનાઓ અને તેમાંથી પ્રાદુર્ભૂત ચરિત્રો અને જીવનકાર્યોમાં ઘણો તફાવત હોય છે.

બગડાવત–દેવનારાયણ મહાગાથા રાજસ્થાનની વીરભૂમિમાં આવિર્ભાવ પામી છે. તેમાં મધ્યકાલીન પિતૃસતાક રાજપૂત–ક્ષત્રિય સંસ્કૃતિ પ્રતિબિંબત થયેલી છે. આથી તેનો આરંભ ગણનાયક ગણપતિની સ્તુતિથી થાય છે. આ પછી ગાયક અને સહાયક ગાયકના હૃદય–કંઠનાં તાળા ખોલવા માટે શારદાની સ્તુતિ કરવામાં આવી છે.

પૈળ વિનાયક નૈ સંવરજયો, બૈઠા ગૌરી દૂંદ ગણેશ.

દૂંદાળા ઈ દુઃખ ભાંજણાં, સદા ઈ બાળક ભેખ.

સિમરુ માતા શારદા, ખોળો હિડદે કા તાળા.

ગુજરાંનો અરેલો ભીલ આદિવાસીઓની વનની સહજ સંસ્કૃતિની પૃષ્ઠભૂમિમાં કંઠસ્થરૂપ ધરતો હોવાથી અને એક કાળે આ સમાજ માતૃ સતાક હોવાથી તથા વર્તમાનકાળમાં પણ તેની સંસ્કૃતિમાં માતૃસાતક સમાજનાં તત્વો પ્રતિબિંબત થતાં હોવાની એંધાણીરૂપ અરેલાંનો આરંભ દેવી માતાના સ્મરણથી થાય છે. અને ગાતાં ગાતાં વિસ્મૃતિ થાય તો પુનઃ સ્મરણમાં લાવવા પ્રમુખ ગાયક માતાને પ્રાથના કરે છે.

તારા...ખોરામા ઓડણ કરીએ રે...માજીઓ...હો,

તારા ખેરામા ઓ...ઓડણ કરીએ હેં...

પુલા...સૂકા ઈરલે ઓણે...માઝી ઓ...હો,

પુલાઓ...સૂકાઓ...એ...હેં...

ગુજરાંનો અરેલોની પ્રથમ પાંખડીમાં આવતા હરિઓમ મંડોવરા દેશનો રાજા છે જયારે બગડાવત લોકકથામાં હરિસિંહ બીસલદેવ ચૌહાણના અજમેર રાજયમાં રહેવાવાળો વીર પુરુષ છે.

હરિઓમ રાજાને સપનામાં પણ શિકારની દેવી આયરણ જ આવે છે, અને શિકારે જવાની આજ્ઞા કરે છે. નિર્દોષ પ્રાણીઓ ઉપર કરુણા જન્મતા શિકાર ન કરતા હરિઓમને સગા ભાઈઓ આંધળો કરીને મધ્યવનમાં છોડી દે છે. ત્યારે તેની રાણી કિરોતરા દેશની રાજકુમારી રખમા સઠોડણ ફૂલવછેડા ઘોડા પર સવાર થઈ મધ્યરાત્રીએ વનમાં જાય છે અને ગરુડ પક્ષિણીના સહયોગથી નેત્ર જયોતિ પુનઃ પ્રાપ્ત કરાવવામાં સહાયક થાય છે. અહીં સૌપ્રથમ પત્નીનું ઓજસ્વીરૂપ પ્રગટ થાય છે જેનો લોકગાથામાં અભાવ છે.

ઊજોરનગરીના નગરજનોને અત્યાચારોથી બચાવવાના હેતુથી હરિઓમ રાજા કુંભાર સ્ત્રીના પુત્રના વારામાં જઈને એક વાર ‘બહુજન હિતાય’ વાઘનો શિકાર કરે છે. જયારે બગડાવત મહાગાથામાં હરિસિંહ વાઘનો શિકાર. પોતાના વ્યકિતગત શોખ અને સુખ માટે દરરોજ કરે છે. પહેલી ઘટનામાં નિંવંશ જતા કુંભાર સ્ત્રીના પરિવાર એન ઊજોરનગરીના પૂરા સમાજ–સમષ્ટિને બચાવવાની મંગલભાવના પ્રગટ થઈ છે જયારે બીજી ઘટનામાં વ્યકિતગત સ્વાર્થની ભાવના !

વાઘના શિકાર પછી મધ્યરાત્રીએ ઝાંઝર વાવે રકતરંજિત ખડગ ધોતી વેળાએ વાવના માથે હીરના હિંડોળે હીંચતી વેલા વેવારિયાની ઈલોરકિલોર કુંવરી લગ્નનો પ્રસ્તાવ મૂકે છે જે હરિઓમ પોતાના પુરુષ અહંમને વચ્ચે લાગ્યા વિના સાહજિકતાથી સ્વીકારી લે છે. અહીં સ્ત્રીના પતિ પસંદગીના સાહસ અને અધિકારનાં દર્શન થાય છે. જે ભીલ આદિવાસીઓની વર્તમાન જીવનરીતિને અનુકૂળ છે. કન્યાને પતિ પસંદગીની સ્વતંત્રતા ભીલ સમાજમાં આજે પણ છે.

જળમાં ધોતા ચાંદનીનો પ્રકાશ રકતરંજિત ખડક પર પડે છે. ખડક પરથી પરાવર્તિત પ્રકાશનું કિરણ પૂર્વરાગથી વ્યાકુળ ઈલોરકિલોર કુંવરીના પેટમાં પ્રવેશે છે અને તેને ગર્ભ રહે છે. પરિણામે વાઘજીનો જન્મ થાય છે. જયારે લોકગાથામાં રાત્રિના અંતિમ પહરે મૃત વાઘને ખભે મૂકીને આવતા હરિસિંહ અને પુષ્કર ઘાટ પર સ્નાન કરીને આવતી બાલ વિધવા લીલાના [1]ષ્ટિ એક થઈ અને લીલા ગર્ભવતી બની. આથી વાઘજીનો જન્મ થયો.

હરિઓમ ઈલોરકિલોર કુંવરીને વિધિવત્ વિવાહ કરીને પૂરા સામાજિક સન્માન સાથે ઉજોરનગરીના રાજા પાસેથી પ્રાપ્ત કરી જયારે લોકચર્ચાનો વિષય બનેલી વિધવા લીલાને હરિસિંહને રાજાજ્ઞાથી કમને સ્વીકારવી પડી. અહીં આદિવાસીઓના સ્ત્રીના વ્યકિતત્વના સહજ સ્વીકારનાં દર્શન થાય છે. તેનો અભાવ ગાથામાં વરતાય છે. હરિસિંહ ગર્ભવતિ લીલાને લોકનિંદાના લીધે સ્વીકારવામાં ભય પામે છે. આ લોકપવાદને ભય વાલ્મીકિના રામના માનસ સુધી વ્યાપેલો છે. જેનો ભીલોના કોઈ પણ પ્રકારની સામાજિક કુંઠા વિનાના સહજ જીવનમાં સ્થાન નથી.

અરેલામાં ખાંડા સરોવરની પાળે, મુખ–વાઘનું અને શરીર મનુષ્યનું એવો વાઘજી હિંડોળો (ઝુલો) બાંધે છે અને ગામની છોકરીઓને હીંચવાની લાલચ આપી છળથી લગ્ન કરી લે છે જયારે લોકગાથામાં નગરની કન્યાઓ સ્વયંમ્ હિંડોળે હીંચે છે અને વાઘજી બળપ્રયોગ કરી હિંડોળો ઊંચે લટકાવીને કપટ કરી તેમની સાથે લગ્નગ્રંથિથી જોડાય છે. જયારે કન્યાઓના માતા–પિતાને આ છળની જાણ થાય છે. ત્યારે અરેલાનો વાઘજી એક કન્યાને ચોરીના દાન પેટે માતા–પિતાના સાંનિધ્યમાં બ્રાહ્મણને આપે છે. જયારે ગાથાનો વાઘજી બધીમાંથી પસંદ પડતી તેર કન્યાઓને પત્ની તરીકે સ્વીકારી શેષને પૈસા આપીને પાછી મોકલે છે. બારમાંથી પણ એક કન્યા લંગડા બ્રાહ્મણને દક્ષિણા પેટે આપી દે છે. આમ લોકગાથામાં સ્ત્રીને ભોગ્યા, સંપતિ કે વિનિમયનું સાધન માનતું પુરુષસતાક મધ્યકાલીન માનસ છતું થાય છે.

ગાથામાં વાઘજીને ચોવીસ પુત્રો થયા. વાઘજીના પુત્રો હોવાથી બગડાગત કહેવાયા. રાજાએ તેમને ગામ આપ્યાં, ધન આપ્યું, તેમનાં ગોઠ કહેવાયા. તેમને ઘણી ગાયો હતી. બગડાવત ગાયો ચરાવતા હતા. સૌથી મોટા પુત્રનું નામ સવાઈ ભોજ હતું.

અરેલામાં વાઘજીને છ અને છવ્વીસ રાણીઓ છે. ભગવાનના આદેશથી વાઘજી

ગરીઓરકોટમાં જાય છે. ભગવાને આપેલા કેરીના ટુકડાના પ્રભાવથી રાણીઓને છ અને છવ્વીસ કુંવર જન્મે છે.

ગરીઓરકોટમા વાઘજીને મેહો, ભોજો, એકજી, ખેમજી, ઢાગજી, ઢૂલજી, વગેરે છ અને છવ્વીસ પુત્રો છે. બધા ભાઈઓમાં મેહો મોટો અને ત્યાર પછી ભોજો છે. વાઘજીના પુત્રો ગુજોર કહેવાયા છે. યોગક્ષેમ માટે મેર સિમેર (મેરુ–સિમેર) પર્વતો પર જાય છે.

ત્યાંથી ઘાસ લાવીને નગરમાં વહેંચે છે.

સાલોરદેવી–ગાય અહીં મહત્વનું ચરિત્ર છે. ડોશીરૂપે રહેલી પાતાળની સાલોર ગાય ભોજાને માખીવાળી ખાટી છાશ પીવડાવી સહન શીલતાની કસોટી કરી નવલાખ ગાયોના ટોળા સાથે ભોજન ઘેર ગરીઓરકોટમાં આવે છે. ભોજની માતા સાઢુ ખટિયાણી થાળીમાં દીવો સળગાવી કપાળમાં કંકુ–ચોખાથી ટીલક કરી, આરતી ઉતારી ગાયોનું ગૌરવ કરે છે.

સાલોરદેવીના આગમનથી ગુજોર આર્થિક રીતે સમૃદ્ધ થયા. પરંતુ એક દિવસ નવલાખ ગાયો દૂધ આપતી બંધ થઈ અને દૂધ વિના વાછરડાં મરવા લાગ્યાં ત્યારે સાઢુ ખટિયાણી પુત્ર કરતાં પુત્રીનું મહત્વ અને ગૌરવ કરતાં કહે છે, ‘‘મારા પેટે પથરા પાકયા છે. દીકરા છે એટલી દીકરીઓ હોત તો આંગણે જમાઈ આવતાં, મારું આંગણું શોભત અને મારા વાડાનું રક્ષણ થાત વનમાં કોઈ સૂબો જાગ્યો છે. તે ગાયોનું દૂધ ધાવી જાય છે અને મારા દીકરાઓને રાત દિવસની ખબર પડતી નથી. માતાના વ્યંગ્યથી આહત ભોજો ગુજોર વાછરડાનું રૂપ લઈને ગાયોનું દૂધ પી જતા સપુનાથ અઘોરીને શોધીને ઉકળતા તેલમાં નાખે છે. આથી સપુનાથ સોનાનો બની જાય છે. સોનાની પ્રાપ્તિ ગુજોર વધુ સમૃદ્ધ બને છે.

બગડાવત લોકકથામાં સવાઈ ભોજના અપૂર્વ સાહસથી પ્રસન્ન થઈને ભગવાન શંકરે પારસમણિ, બૂલી ઘોડી, બીજલ ખડગ, બાર વર્ષની કાયા અને બાર વર્ષની માયા આપી પરિણામે બગડાવત સમૃદ્ધ થયા.

ઘણી આર્થિક સમૃદ્ધિથી અહંકારી બનેલી ભિન્ન–ભિન્ન જાતિ અને પ્રદેશથી કથાઓમાં કલારણ પાસેથી અમૂલ્ય હારના બદલામાં દારૂ પીવાના પ્રસંગો છે. ગુજોર ડોળીરાણમાં ભાથુ કલારણનો દારૂ પીવાની તૈયારી કરે છે ત્યારે તાંત્રિક વિદ્યાની જાણકાર મેહા ગુજારની પત્ની રખમા રાઠોડણ દારૂ પીવાથી આવનાર માઠા પરિણામ માટે ચેતવે છે. પણ આર્થિક સમૃદ્ધિથી

અહંકારી બનેલા ગુજોર દારૂ પીવાની લાલસાને રોકી શકતા નથી. અને રખમાની યોગ્ય સલાહને અવગણીને ડોળીરણમાં દારૂ પીવા પ્રસ્થાન કરે છે. સ્ત્રીની સાચી સલાહ ન માનવાથી ગુજોરો પર આપતિઓનો આરંભ થાય છે. આદિવાસી અરેલામાં સ્ત્રીનું મહત્વ છે. તે રાજકીય, સામાજિક, કે આર્થિક પ્રસંગોએ સલાહ સૂચન કરી શકે છે અને પુરુષોને માર્ગદર્શન પણ આપે છે. પુરુષો સ્ત્રીની સલાહ ન માને તો તેમના જીવનમાં આપતિઓ પણ ઉતરે છે. તેનું પરોક્ષ સૂચન ગાયક અરેલામાં અહીં કરે છે.

અહંકારથી પ્રજાત બનેલા ગુજોર વર્ષાઋતુમાં ઘોડા પર સવાર થઈને ડોળીરાણમાં દારૂ પીવા જાય છે. આકાશમાં વીજળી થાય છે અને તેમના દેહ પરના સ્વર્ણઆભૂષણોમાંથી તેજ લિસોટા ઊઠે છે. ઘોડાની તેજ ઝડપથી ડોળીરાણમાં ભાથુ કલારણના મહેલના કાંગરા (શિખર) ધ્રૂજે છે. ગુજોરો તલવારની અણીએ ઘૂઘરીઓ મઢેલું દ્વાર ખોલીને કાચ મઢેલા ભાથુના વાદળમહેલના આંગણામાં પ્રવેશે છે. ઘોડાંની ખરીએ અલમી કાચની કરચો ઊઠવા લાગી છે. ગુજોર આંગણે ચંપા અને કેવડાની છાયામાં ઘોડા બાંધે છે અને નાગરવેલ તોડીને ચારો નીરે છે. વાદળમહેલમાં મીઠી નિદ્રા લેતી ભાથુ કલારણને દાસી ગુજોરોના પરાક્રમોના સમાચાર આપે છે. આથી વાળે વાળે મોતી પરોવી, સોળ પ્રકારના શણગાર સજી, સોનાની મોજડીઓ પહેરી, હાથમાં ચાબુક લઈ રૂપગર્વિતા ભાથુ કલારણ મહેલ પરથી નીચે ઊતરે છે. દર્પયુકત તીખી નજરથી ગુજોરોને જોતી કહે છે, ''કોણ છો, તમે અહંકારી લોકો ? કયાં કારણે મારા આંગણે જડેલાં દર્પણ તોડી નાખ્યા ? મારા આંગણાની નાગરવેલ કેમ તોડી નાખી? અહીં પોતાના વ્યવસાયી આપ બળે સમૃદ્ધ બનેલી એક સબળા સ્ત્રીના ઓજસ્વી પાત્રનું આલેખન થયું છે.

સોનાની સાંકળના બદલામાં દારૂ પીતા ભોજાનું અહીં ચમત્કાર અને અતિશયોકિતપૂર્ણ મનોહારી શબ્દચિત્ર આલેખવામાં આવ્યું છે. ભાથુ કલારણ દારૂનો રેંટ જોડે છે અને ભોજો ગોત્રદેવી ચામુંડાને યાદ કરીને ખોબો વાળીને દારૂ પીવા લાગે છે. ભોજાની મૂછની તાકાતથી દારૂ સ્વર્ગે જાય છે અને સ્વર્ગમાં ભગવાનનું સોનાનું સિંહાસન ડોલવા લાગે છે. અડધો દારૂ પૃથ્વી પર આવે છે. આથી ગરીઓરકોટમાં દારૂના મેઘ વરસવા લાગે છે. ભોજો બાકી વધેલા દારૂ ડાબા પગના અંગુઠા વડે ધરતી પર દાબે છે. અને પાતાળમાં વાસુકિ નાગના માથા પર દારૂની ધારા પડવા લાગે છે. જેથી વાસુકિ સાથે ધરતી ડોલવા લાગે છે. ભાથુનો દારૂનો પૂરો

કૂવો ખાલી થઈ ગયો છે છતાં ભોજાનો નશો ચડતો નથી. આથી ભગવાન અહંકારી ગુજારોનો સંહાર કરવા પૃથ્વી પર આવે છે.

ભગવાન આગમનનું 'પૂર્વજ્ઞાન' ભોજા ગુજોરના મોટાભાઈ મેહા ગુજોરની સતી સ્ત્રી રખમા રાઠોડને થાય છે. 'ગુજરાંનો અરેલો'માં મેહાની રાણી રખમા રાઠોડણ અને માતા સાઢુ ખટિયાણી પૂર્વજ્ઞાનની જાણકાર છે. ગુજારોને દારૂ પીને પ્રમાત ન બનવાનું અને સંપતિ જોઈને અહંકારી ન બનવાની સલાહ આ પહેલાં રખમાએ આપી જ હતી. 'બગડાવત' વીરતાપ્રધાન લોકમહાકાવ્ય હોવાથી ભગવાનના આગમનનું પૂર્વજ્ઞાન સવાઈ ભોજના નાના ભાઈ ત્રિકાળદર્શી નેવાજીને થાય છે. બંને ભગવાનના આગમનનું કારણ બતાવીને પોતાના પરિવારને સાવધ કરે છે. અરેલો સ્ત્રીપ્રધાન લોકમહાકાવ્ય હોવાથી રખમા મુકત અને ઉદ્દંડ બનેલા પોતાના દિયર ભોજાને–વ્યંગ્યવચનો કહીને ફટકારે છે. અંતે પરિવારને સાવધ કરતા કહે છે, 'મારા લાડમીઆ દિયર, તમે મારું સ્ત્રીનું કહેવું ન માન્યું અને ડોળીરાણમાં જઈને દારૂ પી આવ્યા. હવે મારો સ્ત્રીનો બોલ આડો આવ્યો છે. તમારો બાપ ભગવાન તમને ખાવા આવી રહયો છે. રખમાના વચનોથી ભયભીત બનેલા ગુજોર રખમાના ચરણોમાં બેસી પ્રાર્થે છે, 'ભાભીજી, ભાભીજી ! અમે તે સમયે તારું કહયું ન માન્યું અને ડોળીરાણમાં જઈને દારૂ પી આવ્યા, પણ આજે તું અમને ભગવાનના કોપથી બચાવ ! રખમા રાઠોડણના આદેશ પ્રમાણે ગુજોર પરુ અને લોહીથી લથપથ ભગવાનની સેવા શુશ્રુષામાં લાગી જાય છે.સેવા ચાકરીથી પ્રસન્ન થયેલા ભગવાન ગુજોરોના સંહારના કાર્યમાં નિષ્ફળ જાય છે.

ગુજોરોની સેવાથી સંતુષ્ટ થયેલા ભગવાન વૈકુંઠ ભણી પાછા ફરે છે. કદળીવનમાંથી પસાર થતાં બાર વર્ષથી ભૂખી ભૂખિયાદેવી ભગવાનને ખાવા તૂટી પડે છે. ભગવાન કહે છે, ''મને છોડી દે અને ગરીઓરના અહંકારી ગુજોરોને ખા ! અહી ભગવાન કરતાં પણ દેવી વધુ ઓજસ્વીરૂપે પ્રગટે છે, અને તેની શકિતનો પ્રભાવ પૃથ્વી સુધી વ્યાપે છે. ગુજોરોને સંહારવા ભૂખિયાદેવી હિયોર સોઢાને ઘેર કમળા દે રાણીના કૂંખે ઝેળુ કુંવરીના નામે અવતાર ધારણ કરે છે. જયારે બગડાવતોને સંહારવા ભગવાનના આદેશથી ભવાનીદેવી હીરા દાસી સાથે ઈડરગઢ માં જૈમતી (જયમતી)નામે જન્મ લે છે.

દુષ્કાળના કપરા દિવસોમાં ગુજોર જયારે હિયોર સોઢાના દેશમાં નવલાખ ગાયો લઈને

જીવન રક્ષવા આવે છે ત્યારે ગાયો ચારતાં ઝેળુ હોળાગણ અને ભોજા ગુજોર વચ્ચે પૂર્વરાગ થાય છે ધીમે ધીમે આ પૂર્વરાગ પ્રકૃતિના મનોહર પ્રાંગણમાં વિકસિત થઈ ઘનિષ્ઠ પ્રેમમાં પરિણમે છે. ભૂખિયાદેવીનો આ સ્નેહ ગુજોરોને હણવાની ઉદ્દેશપૂર્તિ માટે હોય છે.

આ પૂર્વરાગની પ્રથમ શરૂઆત ભોજો અને મેહો હિયોર સોઢાની સીમમાં ગાયો ચારવાની અનુમતિ લેવા આવે છે ત્યારથી જ થાય છે. બંને ભાઈ રાણાને મળવા આવે છે ત્યારે જ ઝેળુ કુંવરી લગામ પકડીને ચંપા કેવડાના વૃક્ષે ઘોડાને બાંધે છે અને બંને ભાઈઓને ઢોલિયાના માથે બેસાડીને સ્નેહથી પૃછા કરે છે, ‘‘આવો ગુજોરો, મેહા ભોજાજી ! આજ કઈ વાટેથી ?’’ આ સમયે ભોજો અને ઝેળુ કુંવરી પ્રથમ [1]ષ્ટિએ જ પ્રેમમાં પડે છે. વર્ષાઋતુ હોવાથી આકાશમાં ઝીણી ઝીણી વીજો થાય છે. મેહા અને ભોજાએ સોના–રૂપાના આભૂષણો પહેર્યા છે. વીજળીનો પ્રકાશ પડવાથી ગુજોરોના દેહ પરથી તેજ લિસોટા (જળુકા) ઊઠવા લાગ્યા છે. ઝેળુ ગુજોરોના સાથે રમવા લાગી છે. રાણો બંને ભાઈઓને ઢોલિયાના અંગ્ર સ્થાને બેસાડીને વાતો કરે છે. ઝેળુ સોનાની થાળીઓમાં બત્રીસ પ્રકારના ભોજન કાઢી ઘણા હેતથી બંને ભાઈઓને જમાડે છે. પિતાની હાજરીમં પણ ગુજોરો સાથે મુકત સહચાર એ ભીલ સમાજનાં તરુણાવસ્થામાં ગોઠિયા–ગોઠણ (પ્રેમ–પ્રેમિકા) કરવાની જીવનરીતિને લીધે છે. ભીલ સમાજમાં તરુણાવસ્થામાં ગોઠિયા–ગોઠણ કરવાની સમાજ સ્વીકૃત પ્રથા છે. માતા–પિતા કે વડીલજનો આવા પ્રેમને સહજ સ્વાભાવિક ગણે છે. સમાજ તેનો વિરોધ કરતો નથી. ઝેળુનો ભોજા સાથેનો પ્રેમ વ્યવહાર અને અડપલાં પિતા હિયોર સોઢાને સહજ લાગે છે. તેમાં તેને કંઈ પણ અજુગતું લાગતું નથી. તેને કોઈ પણ પ્રકારનો નૈતિક કે સામાજિક છોછ નથી.

વાદળમહેલમાં હીરના હિંડોળે હીંચતી જેળુના કાને સીમમાં ગાયો ચરાવતા ભોજાની વાંસળીનો મીઠો અવાજ આવે છે અને તે મહેલમાં રહી શકતી નથી. રાજકુંવરીને ગાયો ચારવાની અભિલાષા જાગે છે. આથી તે હીરાવર દાસીને પિતા પાસે મોકલે છે અને ગાયો ચારવાની અનુમતિ માગે છે. પહેલાં તો પિતા ‘‘ગાયો તો આપણા નોકરો ચારે ! આપણે તો મોટા લોક ! આપણાથી ગાયો ન ચરાય ! જેવાં વેણ દ્વારા આનાકાની કરે છે પણ અંતે રાજકુમારીને ગાયો ચારવાની અનુમતિ આપે છે. તેનું મહત્વનું કારણ ઝેળુ કુંવરીની જીદ્ નથી પણ આ પ્રસંગના સર્જનમાં ભીલ આદિવાસીઓની મુકત સહચારની ગોઠિયા–ગોઠિણની

જીવનપ્રથા છે.

પિતાની અનુમતિ પ્રાપ્ત થતાં જ કુંવરી સોળેયો શણગાર સજી હાથમાં કમળકાકડી લઈ હીરાવર દાસી સાથે ઝેંઝણિયા ઝોડ (સીમ)માં ગાયો ચરાવવા જાય છે. એન ભોજાની ગાયો ભેગી પોતાની ગાયો હાંકી મૂકે છે. આ સમયે ભાજો વિરોધ કરતાં કહે છે, ''મારા ટોળામાં તો આખલા છે ! ત્યારે ઝેળુ વ્યંજનાની ભાષામાં ભોજા તરફના અનુરાગનો સંકેત આપતાં કહે છે, ''મરશે તેના જશે ભોજાજી ! તારું મારું શું જશે ? ધણ (પશુ) ભેગું ધણ ચરે અને માનવી ભેગાં માનવી ફરે ! હું તો તારા જીવને કારણે આવી છું ! ભોજાજી, ઝોડમાં વાંસળી લાગતી હતી. અને હું વાદળમહેલમાં રહી શકી નહીં ! અહીં ઝેળુના તરુણાવસ્થાના સ્નેહના તલસાટની સાથેસાથે ભવિષ્યમાં ભૂખિયાદેવી દ્વારા થનારા ગુજોરોના વિનાશનો સંકેત પણ પ્રાપ્ત થાય છે.

પ્રકૃતિના પ્રાંગણમાં ભોજા વાંસળીના સ્વરે ઝેળુનું ઠમકે ઠમકે મુકત મને નાચવું. વનના વૈભવ વચ્ચે ગાંધર્વ વિવાહ જેવી લગ્નક્રીડા કરવી, જીલણિયા તળાવમાં જળક્રીડા કરવી વગેરે પ્રસંગો બંનેના પ્રેમને ઘનિષ્ઠ બનાવે છે. આવા પ્રેમપ્રસંગો ભીલ તરુણ–તરુણીઓના વર્તમાન જીવનનો પણ એક ભાગ છે. ભોજા અને ઝેળુના આ પ્રસંગો પ્રેમપ્લાવિત કરી ગુજારોને સંહારવાની ભૂખિયાદેવીની નેમની પૂર્વભૂમિકા પણ છે.

ભીલ જીવનનો જ ભાગ હોવાથી 'ગુજરાંનો અરેલો' જળક્રીડા કરતાં નાયક નાયિકાના મુકત અને સ્વાભાવિકત સ્નેહનું વિસ્તૃત વર્ણન વાહક કથનરીતિ દ્વારા કરે છે. જીલણિયા તળાવના જળક્રીડાના પ્રસંગો શૃંગાર રસથી સરાબોળ છે. ગોઠિયા–ગોઠણના પ્રેમ આપલાવિત આ પ્રસંગો ગાયક ઉલ્લાસથી ગાય છે અને પોતાના જીવનનો એક હિસ્સો હોવાથી લોકસમુદાય આનંદમગ્ન બનીને નૃત્યના વિશિષ્ટ લય સાથે સહભાથી બને છે.

જળક્રીડા કરીને જેળુ ભોજાના વાડે ભાથું લેવા જાય છે ત્યારે માતા સાપું ખટિયાણીને સાસુ કહીને સાદ દે છે. સાઢુ પણ વહુ બનનાર રાજાની કુંવરી અમારું ગુજોરોનું ભોજન જમી શકશે કે નહીં તેનું પારખું કરવા તેને ખાટી છાશ અને ઘેંરા આપે છે. જેળું ભાથું લઈને વાદળમહેલમાં જાય છે. સીમમાં જવાની ઉતાવળ હોવાથી ચણિયાનો કછોડો વાળ્યો છે. મહેલમાં જેળુ માટે ડોળીરાણના લેંબદે રાણાનાં માગાં આવ્યાં છે. કુંવરીને જોઈને હિયોર સોઢા કરે છે,''બેટી, કછોરો નીચે મૂક ! આંગણે મહેમાન આવ્યા છે, તારી સગાઈ નકકી કરવા

કુંવરી, તું રાણા લેંબદેની નારી (વાગ્દતા) છે ! મહેમાનોની સન્મુખ જ જેળુ પોતાની પસંદગી મુકત મને વ્યકત કરતાં કહે છે, ''બાપુ, હું તો રાણાને વરવાની નથી ; હું તો ગુજોરોને જવાની છું.'' પિતા પણ તેની કુંવરીની પસંદગીનો ઉગ્ર વિરોધ કરતો નથી પણ તેના જીવનનું સુખ કોની તરફ છે તેનું સૂચન કરતાં કહે છે, ''બેટા, મારી વાત સાંભળ, રાણાને વરશો તો દીકરી, રાણી કહેવાશો ! ગુજોરને વરશો તો ગુજરણ કહેવાશો ! વળી ગુજોર તો ખાટી છાશના પીનારા ગરીબલોક છે !

સાંપ્રપ્ત સમયમાં પણ ભીલ કન્યા વરની પસંદગી સ્વયં કરે છે. વર પસંદગી માટે તે મુકત છે. પરિવારજનો તેના પર દબાણ કરતાં નથી.

પિતૃસતાક ક્ષત્રિય આજે પણ સમાજમાં મર્યાદાના નામે સ્ત્રી પર અનેક બંધનો નાખ્યાં હોવાથી બગડાવત લોકગાથાની અભિવ્યકિતમાં ગુજરાંનો અરેલો જેવા સ્વાભાવિક શૃંગારિક પ્રસંગોનો સર્વથા અભાવ છે.

લોકગાથામાં સીધો જ જૈનતીની સગાઈના સ્વર્ણ નાળિયેરનો પ્રસંગ આવે છે. જૈમતી જેળુની જેમ સાહજિક રીતે પોતાની સગાઈની વાત પોતાના પિતા સન્મુખ કરી શકતી નથી. પુરોહિતને એકાંતમાં બોલાવીને કહે છે, ''મારી સગાઈ એક એવી વ્યકિત સાથે કરજે કે જેની પાસે બૂલી ઘોડી હોય જેને ભાઈ હોય. ''ગોઠોમાં જઈને પુરોહિત સગાઈનું નાળિયેર સવાઈ ભોજને આપવાનો પ્રયત્ન કરે છે ત્યારે તે કહે છે, ''સગાઈનો સંબંધ સમાન લોકો સાથે પાપ છે, અમે રાજા નથી. માટે સગાઈનું શ્રીફળ નહીં સ્વીકારીએ.'' નાના ભાઈ નેવાજીની સલાહથી ભોજ નાળિયેર લઈ લે છે પણ સગાઈ રાણાના રાજા સાથે કરાવે છે. જયારે અરેલામાં ભોજા દ્વારા સગાઈનું નાળિયેર સ્વીકારવાનો ઉલ્લેખ નથી. ખાખર ખેડામાં જેળું ભાથું લઈને ભોજા પાસે જાય છે ત્યારે સગાઈ કરવા આવેલા ડોળીરાણના મહેમાનોની વાત કરે છે. આથી પ્રેમમાં વશીભૂત ભોજો જેળુના હાથે દોરો બાંધીને ગાંધર્વ લગ્નથી જોડાય છે. આવા કોલ અને આવાં લગ્ન પ્રકૃતિના મુકત પ્રાંગણમાં ભીલ પ્રદેશમાં આજેય થાય છે.

બગડાવત લોકકથામાં તોરણ તોડવા (તોરણ સબાવવા)ના પ્રસંગમાં ચમત્કારની સાથે માનવું પ્રકૃતિકરણ થયું છે. જે માનવ નથી કરી શકતો તે કાર્ય પ્રાકૃતિક તત્વો કરી શકે છે. રાણો ખડગ દ્વારા તોરણ એટલા માટે મારી ન શકયો, કારણ કે જૈમતી રાણી નવહત્થી સિંહણ બનીને

તેની સામે આવી. જેથી હાથી ડરી ગયો અને ભાગ્યો. રાણો પડી ગયો અને નિશાન ચૂકી ગયો. અહીં માનવનું પ્રાણીમાં પરિવર્તન થવાના 'મોટિફ' (કથાઘટક)નો ઉપયોગ થયો છે.

'ગુજરાંનો અરેલો'માં હાથી અને સિંહણના પ્રસંગનો અભાવ છે. રાણો તોરણ તોડવામાં નિષ્ફળ જાય છે ત્યારે લેંબદે રાણાની વિનંતીથી ભોજો તોરણ તોડવા માટે આવે છે. કોટ કૂદીને ઊંચે બાંધેલા તોરણને તોડવામાં પોતાના અપૂર્વ પરાક્રમનો પરિચય ઘોડેસવાર ભોજો આપે છે, સાથે સાથે વાદળમહેલના જરૂખામાં ઊભી જેળુને પોતાનું ખડગ આપીને પોતાની પ્રેમિકાનું મન મોહી લે છે. ભોજાના અપૂર્વ સાહસનું પ્રતીક આ ખડગ હાથમાં લઈને જેળુએ લગ્નમંડપમાં ફેરા ફરીને વિવાહ સંપન્ન કર્યો. જયારે બગડાવત ગાથામાં વર્ણિત પ્રસંગો પ્રમાણે જૈમતીએ હીરા દાસીને મોકલીને સવાઈ ભોજનું ખડગ મંગાવ્યું અને ફેરા ફરીને વિવાહ પૂર્ણ કર્યો. અરેલાના આ પ્રસંગમાં ઘોડા પર સવાર ભોજાના પરાક્રમી અનન્ય ગૌરવ પ્રાપ્ત થયું છે.

વિવાહ પૂર્ણ થયા પછી વિવાહમંડપમાં સ્ત્રી–પુરુષોએ સહભાગી થઈને નાચવાનો ભીલ સંસ્કૃતિનો એક સામાજિક રિવાજ છે. ગુજોર લગ્નમંડપમાં નાચવા માટે આવે છે. નાચતાં નાચતાં સ્વર્ણ રજતના 'મણિ–મોતી' વિખેરે છે. લોકસમુદાય ગુજોરોનું યશોગાન કરતો મોતી વીણે છે. લોકગાથમાં આ પ્રસંગનો અભાવ છે. મર્યાદાવાદી ક્ષત્રિય સમાજમાં સ્ત્રી–પુરુષો સહભાથી થઈને નૃત્ય કરી શકતા નથી. આ પ્રસંગ ફકત ભીલ સમાજની સ્ત્રી–પુરુષ સહભાગિતાનો દ્યોતક છે.

લગ્ન પ્રસંગે ભીલ આદિવાસીઓમાં ઉખાણાં પૂછવાનો રિવાજ હતો. ઉખાણાં પૂછીને કન્યા પોતાના ભાવિ પતિની બુદ્ધિ ચાતુર્યની કસોટી કરતી અરેલામાં જેળુના વિવાહના સમયે આ પરંપરા હીરા દાસી દ્વારા નિભાવવામાં આવી છે, અને ભોજાની બુદ્ધિ–ચાતુર્યની પરીક્ષા કરી છે. લોકગાથામાં આ ઉખાણાં ઉકેલવાની વાત 'જૈમતી હરણ' પ્રસંગમાં આવે છે. લગ્ન સમયે ઉખાણાં પૂછવાનો પ્રસંગ સ્વાભાવિક લાગે છે. જયારે હરણ જેવા યુદ્ધથી ભરેલા અને નાસ–ભાગના પ્રસંગે ઉખાણાં ઉકેલવાની વાત સ્વાભાવિક લાગે છે.

'ગુજરાંનો અરેલો'માં સ્થિર પ્રસંગ પ્રમાણે લેંબદે રાણા મેરુ–સુમેરુ પર્વત પર સૂવર મારવા જાય છે ત્યારે જેળુ કુંભાર સ્ત્રીનો વેશ ધારણ કરે છે અને દ્વારપાલને છેતરીને નગર બહાર નીકળી જાય છે. હોળીની જવાળા જેવી જેળુ ગુજોરોની નગરી ગરીઓરકોટમાં આવે છે.

એક જેવા લાગતા બંને મહાકાવ્યોના પ્રસંગોમાં ભિન્નતા એ છે કે ગુજરાંનો અરેલોમાં રાણી અભિસારિકા બનીને અનેક સંકટો પાર કરીને ગરીઓરકોટ પહોંચે છે, જયારે બગડાવત લોકગાથામાં રાણીની ઈચ્છાથી નેવાજી અને સવાઈ ભોજ રાણી જૈમતીનું હરણ કરે છે અને પોતાના નગરમાં લઈ આવે છે. જૈમતી કરતાં જેળુ વધુ મુકત અને સાહસિક છે. લોકગાથામાં સહાઈ ભોજની રાણી નવી રાણી જૈમતીની આરતી ઉતારીને કપાળમાં કેશરનું તિલક કરીને સ્વાગત કરે છે. અને મહેલમાં લઈ જાય છે. દીવાનખાનું સમજાવવા આવે છે. અને નૃત્યનો સમારોહ આયોજવામાં આવે છે. સવાઈ ભોજની જૂની રાણીની ઈચ્છા હોય કે ન હોય તેની કોઈ પણ પ્રકારની ઈચ્છા વિના જૈમતીને રાજમહેલમાં લાવવામાં આવે છે. તે પુરુષસતાક પરિવારમાં પોતાની ભાવના કે ઈચ્છા વ્યકત કરી શકતી નથી.

'ગુજરાંનો અરેલો' માં પિતૃસતાક સમાજના પ્રભાવ વિના સહજરૂપમાં જેળુ, સાઢુ, રખમા જેવાં સ્ત્રીચરિત્રોનો વિકાસ થયો છે. અરેલોમાં સ્ત્રી પુરુષપ્રધાન સમાજમાં મકકમતાથી પોતાનો મત પ્રદર્શિત કરી શકે છે અને સારા નરસાનો ભેદ પણ પાડી શકે છે. આથી જ ભોજાની માતા સાઢુ અને મેહાની પત્ની રખમા રાઠોડણ જેળુને પ્રવેશવા માટે વિરોધ કરે છે. રખમા રાઠોડણ કહે છે, ''દેવરીઆ, તમે માયાના 'સખીયા' થઈ ગયા છો. જેળુ તો મોટા લોકની માનવી છે ! આપણે તો ગુજોર કહેવાઈએ ! આવું કામ તમે કરશો નહીં. ભોજો રખમાને પ્રત્યુતર પાઠવે છે. ''ભાભીજી, આંગણે આવેલું વાછરડું ઘેર આવેલી નારીને છોડી શકાય નહીં ! મસ્તક પડશે તો ધડ લડશે પણ આંગણે આવેલી નારીને પાછી કાઢીશું નહીં, રખમા ભવિષ્યના પરિણામની ચેતવણી ઉચ્ચારે છે, ''મારુ કહયું માનો દેવરિયા ! નહીં તો ગરીઓરકોટ અંધારીયો ખંડ થઈ જશે. ગુજોર રાઠોડણની ચેતવણી સ્વીકારતા નથી. અને જેળુને ભોજો રાણી તરીકે સ્વીકારી લે છે. જયારે લોકકથામાં રાણાના રાણાનો સોંપવાનો સંદેશો આવે છે. ત્યારે નેવાજી કહે છે, ''ભાઈઓને મારીને જ રાણી મળી શકે છે.

જેળુ રાણી ચાલી ગયા પછી લેંબદે રાણી સીધી જ ગરીઓરકોટ ઉપર ચઢાઈ કરે છે. બગડાવત કથામાં સવાઈ ભોજ પાસેથી રાણી પાછી મેળવવા માટે બગડાવતોના ગુરુ રૂપનાથ દ્વારા પૂરતા પ્રયત્નો કર્યા છે. નેવાજીએ તો પ્રત્યુતર પાઠવ્યો છે. ભાઈઓને મારીને જ રાણી મળી શકે છે. આથી નિરુપાપ રાણાએ બાવન ગઠોના રાજાને યુદ્ધ માટે બોલાવ્યા અને ગોઠો પર

ચડાઈકરી. યુદ્ધ આરંભાયું વાહકે વાઘજી, નેવાજીનો પુત્ર, નેવાજી વગેરે વીરોએ યુદ્ધમાં કરેલાં પરાક્રમોનું અદ્‌ભૂત વર્ણન કર્યુ છે. વીર અને અદ્‌ભૂત રસથી યુકત આ પ્રસંગોમાં વાહકની કથનકળા પરિસીમા પર પહોંચી છે. આ કથનયુકત અદ્‌ભુત વર્ણન પુરુષપ્રધાન વીરભૂમિ રાજસ્થાનના લોકમાનસનો પરિચય આપે છે.

છ માસની નિદ્રામાં મગ્ન નેવાજીને જગાડવા માટે કરવામાં આવેલા પ્રયત્નો રામાયણમાં કુંભકર્ણની નિદ્રા દૂર કરવા કરેલા પ્રયત્નોની યાદ આપે છે. અહીં મહાકવિ વાલ્મીકિએ ઉપયોગમાં લીધેલ પ્રાચીન 'મોટિફ' (કથાઘટક)નો વાહકે ઉપયોગ કર્યો છે.

નેવાજીની પાઘડીમાંથી સજીવની બુટ્ટી લેવા માટે જૈમતીનું સમડી બનવું, ભવાનીદેવી દ્વારા ચક્રથી નેવાજીનું મસ્તક કાપવાના સ્થાને કમળ પ્રગટવું, વક્ષમાં બે આંખો પ્રગટવી, મસ્તક વિના યુદ્ધ કરવું, નેવાજીનું યુદ્ધ કૌશલ્ય જોવા ચંદ્ર અને મેઘમાળા સહિત ઈન્દ્રનું પૃથ્વી પર આવવું વગેરે વીર અને અદ્‌ભૂત રસથી ભરેલા પ્રસંગો અને ઘટનાઓનું વાહકે ઓજપૂર્ણ વાણીમાં ઘણું ચમત્કારિક વર્ણન કર્યુ છે. તે વીરભૂમિ રાજસ્થાના લોકમાનસને પોષક છે. સાથે સાથે આ રચના કોઈ વ્યકિતએ રચી હોવાના એંધાણ આપે છે. અહીં વાહકની કથનકળા શત શત ધારાએ ખીલી ઊઠી છે, જેનો 'ગુજરાંનો અરેલો' માં સર્વથા અભાવ છે. અને આ રચના કોઈ એક વ્યકિતની નહીં પણ સામૂહિક સર્જન હોવાના સંકેતો આપે છે. આ ઉપરાંત ભીલ પ્રદેશમાં સમાજની ગોત્ર–ગોત્રની ચડાઈ અને લડાઈ સિવાય મોટાં રાજકીય યુદ્ધો થતાં નથી. તો સ્ત્રીહરણના પ્રસંગો બનતા. સ્ત્રી અને પુરુષ બંને એટલાં બધાં મુકત હોય છે કે ગોઠે નહીં તો આસનીથી છૂટાછેડા લઈ શકે છે. આથી પણ ગુજરાંનો અરેલોમાં વીર અને અદ્‌ભૂત રસ પરાકાપટાએ પહોંચ્યો નથી. ગુંજરાંનો અરેલોમાં યુદ્ધ પ્રાણી અને નિર્જીવ વસ્તુઓ જ કરે છે. માનવ લગભગ નિષ્ક્રિય છે. અરેલામાં લાવરી કૂતરીનાં બચ્ચાં લેંબદે રાણાની સેના સામે બારે વર્ષ યુદ્ધ કરે છે, જે તેમના શિકારી વનનું ઘોતક છે. આ પછી નિર્જીવ 'અમરઘૂટાં' લેંબદે રાણા સામે બાર વર્ષ યુદ્ધ કરે છે. અહીં ગુજોરોના વીરત્વનું કયાંયે જરા પણ વર્ણન થયું નથી અહીં અમરઘૂટાંની કરામતનું જ વર્ણન છે.

સામાજિક [1]ષ્ટિએ વિચારતાં બગડાતવ લોકકથા અને ગુજરાંનો અરેલો એ તે સમયના સામાજિક અન્તદ્રન્દ્ર અને ઉપસ્થિત સમસ્યાઓ તથા સંઘર્ષનું એક અત્યંત રોમાંચક, ભાવપૂર્ણ

અને હૃદયસ્પર્શી [1]શ્ય પ્રસ્તુત કરે છે. સામંતયુગમાં સ્ત્રીની સ્થિતિ દયાજનક હતી. તેને વ્યકિતરૂપે ન તો કોઈ અધિકાર હતા. અને ન તો પોતાની ભાવનાઓને વ્યકત કરવાની સ્વતંત્રતા હતી. લગ્ન જેવા જીવનના મહત્વના સામાજિક પ્રસંગે પણ સ્ત્રીને પોતાનો પતિ પસંદ કરવાની પરંપરા ન હોતી. આવા સમયે એક સ્ત્રી દ્વારા સામાજિક વિદ્રોહ કરી પ્રતિષ્ઠા પ્રાપ્ત અને આર્થિક રીતે સંપન્ન પરંતુ વૃદ્ધ, કંજૂસ રાણાને છોડીને સમાન ઊંમર, શારીરિક સૌષ્ઠવ ધરાવતા ઉદારમના ભોજાને પસંદ કરવો એ સામંતયુગની સ્ત્રીનું મોટું સાહસ હતું. તેમાંયે જૈમતી સ્વયં હરણ કરાવવાનો આશ્રય લે છે જયારે અરેલાંની જેળુ હોળાગણ તો ખુલ્લેઆમ અભિસારિકા બનીને ચાલી નીકળે છે જે ભીલોની ગોઠિયા ગોઠણ કરવાની જીવનરીતિને વધુ યોગ્ય અને સ્વાભાવિક છે. ગુજરાંનો અરેલો અને બગડાવત લોકગાથાનાં કેન્દ્રબિંદુ જેવુ અને જૈમતી છે. બંનેએ પોતાના સમયના સમાજને હલાવી દીધો હતો. બંને વિદ્રોહી હતી. બંનેએ સામાજિક વ્યવસ્થામાં પ્રચલિત અન્યાયનો વિરોધ ફકત વચનોથી નહીં પણ કર્મથી કર્યો. આથી ગાથાની ગાયિકા જૈમતી અને અરેલાની નાયિકા જેળુનું ચરિત્રચિત્રણ પ્રભાવશાળી છે. બંનેનાં ચરિત્રો સાહસ, બુદ્ધિમતા, ચાતુર્યુ અને દૃઢ નિશ્ચયનાં પ્રતીક છે. ગાયક યોગ્ય જ કહે છે, ‘‘વાદળની શોભા વીજળી છે, પર્વતની શોભા મોર છે. તેવી રીતે ભોજાની શોભા જૈમતી છે.

ગુજરાંનો અરેલોમાં સાઢુનું ભોજા ગુજોરની માતાના રૂપમાં ચરિત્રચિત્રણ થયું છે. જયારે બગડાવત લોકગાથામાં સવાઈ ભોજની પત્નીનાં રૂપમાં.

અરેલોમાં આવેલી સ્ત્રી પાત્રો, જેવાં કે, સાઢુ ખટિયાણી, રખમા રાઠોડણ, હીરા વગેરેનું સ્થાન પુરુષ પાત્રો જેવું મહત્વનું અને પ્રભાવી છે. સાઢુ ખટિયાણી અને રખમા રાઠોડણના અભિપ્રાયો, સલાહ અને આદેશ ગુજોરોને સ્વીકાર્ય હોય છે. સાચા કાર્યોમાં તેમના આદેશોને માને છે. નથી માનતા તો તેમના કાર્યોમાં નિષ્ફળ જાય છે.

રાજસ્થાનની પુરુષસતાક સંસ્કૃતિમાંથી પ્રાદૂર્ભૂત બગડાવત લોકગાથામાં જૈમતી અને નેતુને છોડીને બાકીનાં સ્ત્રીપાત્રો પુરુષ પાોત્રોની સામે શ્રીહીન લાગે છે. સતી પ્રથાની પરંપરા પણ નેતુના પાત્ર દ્વારા નિભાવવામાં આવી છે. જેનો ગુજરાંનો અરેલોમાં અભાવ છે. ભીલ સંસ્કૃતિ સ્ત્રીને એક વિશેષ સ્થાન, મહત્વ અને તેના વ્યકિતત્વનું ગૌરવ કરે છે. તેના દર્શન ગુજરાંનો અરેલામાં થાય છે.

બગડાવતો અને ગુજોરોના અંતની ઘટનાઓમાં પૂરતું સામ્ય છે. ભવાની અને ભૂખ્યિાદેવી દ્વારા થયેલા વીરોના મૃત્યુ પછીની ઘટનાઓ કરુણરસથી તરબોળ છે. કરુણરસની સાથે સાથે આવેલ બીભત્સ રસને લીધે કરુણ પ્રસંગો વધુ હૃદયસ્પર્શી બન્યા છે.

અંતમાં બગડાવતોનું માંસ ભક્ષણ કરતાં એંસી હજાર કુરજ પક્ષી કપાયેલા ગુજરોના લોહીથી બનેલી નદીમાં ખપ્પર ભરીને રુધિર પાન કરતી ઈરુ, રાંપુ, ટુટી, ટાવળી વગેરે નવલાખ દેવીઓનું બીભત્સ રસ ભર્યુ વર્ણન બંને મહાકાવ્યોમાં સમાનરૂપે અંકિત છે. બંને મહાકાવ્યોના અંતની ઘટનોઓમાં પૂરતું સામ્ય છે. બંને મહાકાવ્યોમાં બગડાવતો અને ગુજોરોની મુંડમાળા ગળામાં ધારણ કરીને જૈમતી અને જેળુ ભગવાનના દર્શને જાય છે.

ધાર્મિક [1]ષ્ટિએ વિચારતા ‘‘સતા અને સન્ય દુષણોથી પ્રજાત અને અન્યાયી બનેલો રાજવંશ કોઈ એક સ્ત્રીને કારણે વિનાશ નોતરે છે. એના મૂળમાં આદિવાસી ઈશ્વરની જ ગૂઢ યોજનાનું દર્શન કરે છે. જયારે કોઈ કુળ–વંશનાં પાપ વધી જાય, અનિષ્ઠોની પરંપરા સર્જાય ત્યારે ઈશ્વર જ કોઈ એવી સ્ત્રીનું સર્જન કરે છે, જે બધાના વિનાશનું કારણ બને છે. ગુજરાંનો અરેલોની કથામાં ભૂખની દેવી જ જેળુ તરીકે જન્મ છે અને ગુજોરોના વિનાશનું કારણ બને છે. આ સાથે જ દેવીના ખપ્પર ભરવાની લોકમાન્યતા પણ સંકળાય છે. સર્જનની જેમ વિનાશ પણ ઈશ્વર પ્રેરિત મનાય છે. આથી દેવ–દેવીઓના સૌમ્યરૂપની સાથે જ એમના ઉગ્રરૂપની પણ કલ્પના મોટાભાગના ધર્મમાં જોવા મળે છે. આવી જ માન્યતાનું પુરાકલ્પન મૂર્ત થયું છે. લોહીનું ખપ્પર ભરતી જોગણીઓની કથામાં આવી ઉગ્રદેવી જ પોતાનું ખપ્પર ભરવા માટે રોગ મોકલીને પશુધન અને માનવોનો નાશ કરે છે, આગ, જળપ્રલય, ભૂકંપ, જવાળામુખીનું ફાટવું, રોગચાળાનું ફેલાવું, ભયંકર યુદ્ધનું વિસ્તરવું ; આ બધુ જ ભોગ લેતી દેવીઓની ખપ્પર ભરવાની પ્રવૃતિ છે. એ પાછળ માત્ર લોહીની ભૂખ અને ઉગ્રતા નથી, પરંતુ માનવોના અનિષ્ટોનો વિનાશના માધ્યમે સજા રૂપે અંત લાવવાનો જ દૈવી ઉપક્રમ છે.

દેવનારાયણ અને ભૂણાંજીને આજે પણ કૃષ્ણ અને લક્ષ્મણના અવતાર માનીને પૂજવામાં આવે છે. લોકગાથામાં સાત સ્ત્રીઓ શકિત અને દેવીરૂપે માનવામાં આવી છે. સાઢુ માતા, જૈમતી, હીરાં દાસી, પાતુ કલાલી, બિજોરી કંજરી, બૂલી ઘોડી અને સુરહ ગાય. દાસીને નાચવાવાળી કંજરીને અને દારૂ વેચવાનો ધંધો કરતી કલાલ સ્ત્રીને શકિત સ્વરૂપ માનવી એ

લોકસાહિત્યની ઉદાર, સહજ અને સ્વાભાવિક તથા યથાર્થવાદી પરંપરાનું પ્રતીક છે.

બંને ગાથાઓમાં દેવનારાયણ પોતાના પિતૃઓનું વેર લે છે. બગડાવના લોકગાથામાં દેવનારાયણ સ્વયં રાણાના રાણા સાથે યુદ્ધ કરી, રાણાનું મસ્તક કાપીને પોતાના પિતા–કાકાના દેવરા (સમાધિ) પર ચઢાવે છે. આથી પરંપરિત વેરભાવનાની ઘટના વધારે પ્રભાવી બની છે.

'ગુજરાંનો અરેલો'માં કમળમાંથી આવિર્ભૂત અયોનિજ દેવનારાયણ ગાયોની સહાયતાથી લેંબદે રાણાની નગરી ડોળીરાણનો સર્વનાશ કરે છે. પિતૃઓની વેર લેવાની ઘટનામાં દેવનારાયણ કરતાં ગાયો વધુ સક્રિય છે. પ્રમુખ ગાય સાલોર અહીં દેવીના સ્થાને છે ; અને તે ચરિત્ર રૂપે લાવે છે. અન્ય ગાયોની સહાયતાથી તે સ્વામીનું વેર લે છે. એક પશુ પોતાના સ્વામીનું વેર લે એ ઘટના વિશ્વ સાહિતયમાં વિરલ છે.

## 'રાઠોર વારતા' લોકમહાકાવ્યની વર્ણનકલા :

ડો. ભગવાનદાસ પટેલે ડુંગરીભીલોમાં ચાલતી કંઠોદ્ભૂત આકૃતિને સ્વરબદ્ધ કરી એના મૂળપાઠને યથાતથ લિખિતબદ્ધ કરવાનો પ્રયત્ન ભીલ લોકમહાકાવ્ય રાઠોરવારતામાં કર્યો છે.

રાઠોરવારતાનું પુસ્તક ઈ.સ. ૧૯૮૭માં લખાયુ પુનઃ એની સંશોધિત આવૃતિ 'વીર પાબૂ ભાલારો' નામે ઈ.સ. ૧૯૯૫ માં પ્રગટ થઈ રાઠોર વારતમાં રહે પદ્ય અને ગદ્ય પણ સ્વર અને તાલથી સંયુકત લયાન્વિત શબ્દોદ્ગારનો શ્રુતિગમ્ય ધ્વનન્યલોક છે. એટલે એના મુદ્રિત ગીતપાઠનું શાંત કે પ્રગટ પઠન કરતાં મૂળ કથક દ્વારા જે રસવિશ્વની કલ્પના થઈ હશે. તે કયાં સુધી ઉઘડી શકે તેની તપાસ અલગ રીતે માગી લે તેવો આ કંઠપરંપરા પ્રયોગ છે. ડો. ભગવાનદાસ પટેલ રાઠોર વારતાના શીર્ષક પરત્વે જ 'લોકમહાકાવ્ય' શબ્દનો પ્રયોગ તો એનું સંવિધાન, કથનકલા, ભાવનિરૂપણ, એમાં રહેલ ઉદાર ચરિત્રનું જીવનવૃતાંત, વીર, શૃંગાર, કે અન્ય રસોમાંથી કોઈ એક રસની પ્રધાનતા અને અન્ય રસોનું નિર્વહણ પ્રકૃતિ ચિત્રણ, ચરિત્ર ચિત્રણ, વગેરે કેટલા અંશે પ્રયોજાયા છે તે અલગ તપાસ માગી લેતો આ વિષય છે.

આ લોકમહાકાવ્યને ડૉ. અમૃતભાઈ પટેલ અને ડો. કનુભાઈ જાની રાઠોર વારતાને લોકાખ્યાન તરીકે ઓળખાવે છે. કેમ્બ્રીજ યુનિવર્સિટીના પ્રોફેસર જોન સ્મિથે પાબૂજી ઉપર વીસેક વર્ષ કામ કર્યુ અને અને કેમ્બ્રીજ યુનિવર્સિટી તરફની તેમણે ''ધ એપિક ઓવ પાબૂજી'' નામે પુસ્તક પણ પ્રકાશિત કર્યુ છે. તેમાં એ મહાકાવ્યનો પાઠ, અંગ્રેજી અનુવાદ તથા એ કથાની

પરંપરા, પ્રયોગ, સંગીત પડની ચિત્રાવલીનું સ્વરૂપ અને ઉપયોગ કથાની ઐતિહાસીકતા અને પાબૂજી એક દેવતા તરીકે પૂજા–ઉપાસના અને વિવિધ પાસાની ચર્ચા કરતી ભૂમિકા તેમણે આપી છે. જયારે 'રાઠોર વારતા' ભીલ સમાજ સંસ્કૃતિની ઓળખ રૂપે પ્રકાશિત થયું છે. 'રાઠોર વારતા' એ ભીલોમાં વેર વાળ્યા પછી મરનાર પૂર્વજનો 'હૂરો' માંડતી વેળાએ ગવાતું લોકમહાકાવ્ય છે. ભીલ ભારતની ચિત્રોની સાથે સાથે પ્રાગેતિહાસિક માનવની માન્યતાથી અને તત્કાલિન સમાજ–સંસ્કૃતિ  અને જીવનમૂલ્યો પણ રાઠોરવારતામાં પ્રતિબિંબિત થાયં છે. અહીં બંને લોકમહાકાવ્યોમાં વર્ણિત સ્ત્રી–પાત્રોનાં સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે.

'રાઠોર વારતા' આમતો વીરતા પ્રધાન લોકમહાકાવ્ય છે અને તેમાં ઓજ જેવા ભાવો અને વીર જેવા રસથી પ્રદિપ્ત બની યુદ્ધે ચડતા અને વેર લેતા વીરોની પરાક્રમ ગાથાઓ છે. જે વેર વાળ્યા પછી 'હૂરો' માંડતા અને પૂર્વજપૂજા કરતા ભીલ જીવન સાથે ઓતપ્રોત છે. પૂર્વજ પૂજા કે પ્રાકૃતિક તત્વોની પૂજા આદિમાનવ જેટલી પૂર્વકાલીન છે. આદિમાનવ જેમાં શ્રદ્ધા ધરાવતો હતો. એવાં અતિ પ્રાકૃતિક તત્વો દેવી દેવતા અને તેમાં પણ દેવીઓનું રૂપ લઈ તેઓના શસ્ત્રો અશસ્ત્રોની અણીએ ચડીને સહાયક થતી અને મૃત વીરોનું ખપ્પર ભરી ભરીને લોહી ભરખતી હતી. આમ ભીલોના ધાર્મિક જીવનમાં દેવો કરતાં દેવીઓના પ્રભાવ વર્તાય છે.

લોકમહાકાવ્યની પ્રત્યેક પ્રસંગ કે ઘટનાને ભીલ સાધુઓ પાંખડી કહે છે. કમળની પાંખડીની જેમ રાઠોરવારતા નવ પાંખડીઓમાં ખુલી પૂર્ણ કમળની જેમ ખીલે છે. મોટા ભાગની પાંખડીઓમાં સ્ત્રીઓ કર્તા સ્થાને છે.

આરંભની પાંખડીમાં ધાંધલ રાજાની પત્ની મરોચંગ રાણી પોતાના ઉંઘતા દિયરને જગાડીને ખેતરે ખેતી કરવા કહે છે કેશરી રાઠોડ મારગે મારગે બળદો લઈને ખેતરે જાય છે. જયાં ખેતર ખેડવા તૈયારી કરે છે. અને પહેલો ચાસ પાડતાની સાથે ભકિતના સાધનો મળે છે. ત્યાંજ કેશરી રાઠોડ માથાનો સાફો ઉતારીને સોનાના ધૂપાયણાં અને તંબૂર સાફ કરે છે અને તંબૂર લઈને ભજન કરે છે. ભાભી મનમા વિચારે છે માથે ચોમાસુ ગાજે છે. અને આ આંખો બંધ કરીને ભજન બોલે છે. ભાભી કટાક્ષમાં કેશરી રાઠોડને સંભળાવે છે. ભાભીના આવા શબ્દોથી માઠું લાગતા ગુજણિયાગઢ, ક્ષેમકુશળ રહેજે ! હવે હું કયારેય આ ધરતી પર પગ નહીં મૂકું તને મારા છેલ્લા 'જોઆર.'

આવું કહેતાની સાથે ‘રાઠોર વારતા’ લોકમહાકાવ્યની ગાથાની શરૂઆતની પાંખડીમાં ધાંધલ રાજાનો ભાઈ અકર્મણ્ય ભકત કેસરી રાઠોડ ભાભી મોરચંગના ઉપાલંભથી આહત થઈ કાશીમાં જઈને કરવત મુકાવે છે. કરવત મુકાતા અંગ છેદાતાં લોહીના છાંટા ઉડયા તેમાંથી મોરી, મકવાણા, ડોડીયા અને ચૌહાણ પેદા થયા.

ગુજાણિયામાં ધાંધલનું રાજય હતું ત્યારે જાયેરિયમાં કાળુ ખીંચીનું રાજય હતું. કાળુના રાજયમાં ભયંકર દુકાળ પડયો. માણસો અને ઢોર મરવા લાગ્યા. આથી, કાળુ ખીંચી  અનાજ, પાણી અને આશરો મળે, તેની શોધમાં નીકળ્યો ફરતો ફરતો ગુજણિયાગઢમાં આવ્યો. અને સીમ લીલીછમ હતી. ઝેઝણિયા ઝોડ અને દીપાવલી નાડીમાં લીલાં ઘાસ ને પાણી હતાં. કાળુ ખેસી ધાંધલના દરબારમાં આવી કહેવા લાગ્યો ! હે રાજા ! કાળનો ભાગેલો ને વખનો માર્યો તમારા આશ્રયે છું. મારા રાજયમાં તો ધરતીએ અમી, સ્ત્રીઓએ પોતાનાં બાળકો અને ગાયોએ પોતાના વાછરડાં છોડી દીધા છે. આવા કપરા કાળમાં કેમ જીવવું ? તમારા રાજયમાં તો સુકાળ છે, સીમ રળિયામણી છે તે ફૂલો પર ભમરા ગુંજે છે, ઝેઝણિયા ઝોડમાં ડોડિયો બરુ ખલ્લાટા મારે છે. મારી નવલાખ ગાયનું ધણ મરવા પડયું છે.

ધાંધલે કહયું ‘કાળુ, ખેંસી, તું તારી નવલાખ ગાયનાં ધણ લઈને ખુશીથી અહીં આવ. મારા ઘાસથી ભરેલાં ઝાઝણિયા ઝોડ, દિપાવલી નાડીઓનું પાણી તારાં છે.

કાળુ ખેંસી આભારવશ બન્યો અને ગુજણિયા ગઢના આશરે એણે દુકાળ વટાવ્યો. એના દેશમાં વરસાદ પડયો ત્યારે તે પાછો ફર્યો.

આ સમયે ગુજણિયામાં દૂબળો માળી અને મનસા માળણ વસતાં હતાં પતિ–પત્ની લાકડાં કાપીને માંડ પેટગુજારો કરી શકતાં. એક વખત ભગવાને સ્વપ્નમાં ફૂલવાડી કરવાનું અને પહેલા ફાલના ફૂલીન માળા ભગવાન શિવને પહેરાવવા જણાવ્યું. વાડી રાખી ફૂલ વાવ્યાં. પુષ્કળ ફાલ  આવતાં માળી–માળણ ખુશ થયાં ને પહેલા ફાલનાં પુષ્પોની માળા ભગવાન શિવને ચડાવવાનું ભૂલી ગયા ને પહેલી માળા રાજા ધાંધલને આપી. આથી શિવજી ગુસ્સે થયા અને વરાહનું રૂપ ધરીને વાડીનો નાશ કરવા લાગ્યા. આથી માળીએ રાજાને ફરિયાદ કરી. રાજા ધાંધલ એ સૂવરને મારવા ગયો. સૂવર ભાગ્યું દૂર દૂર. રાજા પાછળ ગયો ને ઘનઘોર જંગલમાં આવ્યો.

ધાંધલ રાજાની પાંખડીમાં મનસા માળણનો મહેણાને કારણે ધાંધલ રાજા બાગ ભેળીને ભાગેલા સૂવરને તેની પાછળ જાય છે. અને હીરાપથ અપ્સરાને પરણીને પાછો આવે છે. મોરચંગ રાણી ધાધલ રાજાને દારૂ પાઈને છાકટો કરે છે આથી રાજા હીરાપથ અપ્સરાનો ભેદ બતાવી દે છે અને વચન ભંગ થવાથી હીરાપથ સ્વર્ગમાં ઉડી જાય છે.

અળખુ વેવાણના ઉપાલંભથી પોતાનું વીરત્વ સિદ્ધ કરવા પ્રેરાયેલા પાબુ ચાંદો રાઠોડ વેરાઠનગરમાં જઈ આળખુના ભાઈ શૂરા અજમોલમાં માથાં કાપી, થાળીઓમાં મૂકી, થાળીઓ તેમની રાણીઓના ખોળામાં મૂકી જાયેરિયામાં તેમા બહેનના મામેરામાં અળખુ દ્વારા (સામૈયું) (સ્વાગત) કરાવવા માટે આવે છે.

તેમા બહેનની દહેજ મેળવવાની ઉશ્કેરણીથી જેંદરો ખેંસી સેન સાથે ગુજણિયાગઢ પર ચડાઈ કરે છે. પાબુજી પરણવા સોનગરા ગઢ ગયો હોવાથી, સૂનો ગુજણિયાગઢ છોડી સરદારો સાથે સાઢુ ભીમ ચારણના ભાગણિયાગઢમાં જાય છે. અફીણ નશામાં ચકચૂર પોતાના સાઢુ ભીમ ચારણ સાથે સાતવીસો (એકસો ચાલીસ) ચારણોને મારીને ભાગણિયોગઢ ભેળે છે. અને સવાલાખ ગાયો લઈને પંથે ચડે છે.

દેવોલ સોનગરાગઢના લગ્નમંડપમાં ફેરા ફરતા પોતાના ભાઈ પાબુને બનેવી જેંદરા ખેંસીએ પોતાના પતિ ભીમને મારવાના સમાચાર આપે છે. આથી પાબુજી મ્યાનમાંથી કટાર કાઢીને ગઠબંધન કાપે છે. કટાર પરથી તેજ લીસોટો ઊઠે છે. કુંવરીના પેટમાં પ્રવેશે છે અને તેને ગર્ભ રહે છે. પાબુ ચાંદો લગ્નમંડપમાંથી બહાર આવી કેશર કારમી ઘોડી અને ફૂલ વછેરા ઘોડા પર પસાર થઈ જેંદરા ખેંસીના આડા મારગે આવે છે. દારૂના નશામાં ફૂલ જેંદરા ખેંસના સરદારોનો કરચરણદાણ વાળી બનેવી જેંદરા ખેંસીને જીવનદાન આપી છોડી મૂકે છે.

માર્ગમાં જ કાકા પિતરાઈ ભાઈ કામે આવ્યા હોવાથી વિધવા કાકી ભાભીઓના મહેણાંનો ભોગ બેનલા જેંદરા ખેંસી મેળ (સંધિ) કરવાના બહાને સેના લઈને પુનઃ ગુજણિયા ગઢમાં જાય છે. સીમા પર સાળાબાબુ ચાંદાને આમંત્રીને દારૂના નશામાં ડૂલ કરી પાબુ. ચાંદાને હણી નાખે છે. લોહી તરસ્યો જેંદરો ખેંસી ગુજણિયા ગઢમાં પ્રવેશી રાઠોડ કુળનો નાશ કરી જાયેરિયામાં ફરી પ્રવેશ કરે છે.

સોનગરાથી નવવધૂ પતિ પાબુને મળવા ગુજણિયાગઢમાં મળવા આવતા રાઠોડ

વીરગતિ પામ્યાના સમાચાર જાણે છે. કટારથી પેટે ચીરીને ગર્ભ બહાર કાઢી નણંદ દેવોલને સોંપી પાબુ સાથે સતી થાય છે. જીલીને લીધો હોવાથી દેવોલ કુંવરનું નામ ઝળરો ધરાવે છે.

ઝળરાનો દડો છાણાં વીણતી ડોસીના ટોપલાને વાગતાં છાણાં વેરાઈ જાય છે. આથી ડોસી ઝળરાને ઉપાલંભ આપતી ‘વણબાપા’ વણકુટુંબના ! કહે છે. ઉપાલંભથી આહત જળરો કુંવર પોતાના રાઠોરકુંળનું પગેરુ મેળવવા ફોઈ દેવોલ પાસે આવે છે. દેવોલ તેના પિતા પાબુ અને કાકા ચાંદાના રાજમહેલ, રાજગાદી અને શસ્ત્રગાર બતાવે છે. કુળનું વેર લેવા ઉતાવળિયો બનેલો ઝળરો સાધુવેશે જાયેરિયાગઢની વાવને માથે આવે છે. તેની ફોઈ તેમાની દાસીઓ જળ ભરવા વાવના માથે આવે છે. તેની ફોઈ તેમાની સાધુવેશે જાયેરિયાગઢની વાવને માથે આવે છે. ઝળરાના રૂપથી મોહિત થયેલી દાસીઓ કુંવરના સમાચાર તેમને આપે છે. રૂપાળા કુંવરને જોવા આવેલી તેમા પાબુની મોકળાથી પોતાના ભત્રીજાને ઓળખે છે. તેમાં જળરાના પિતા–કાકા ને પોતાના ભાઈઓનું વેર વળાવવા તેને મનાવી પોતાના રાજમહેલમાં લાવે છે. તેમા પતિ જેંદરાને પોતાના ભત્રીજાનો પરિચય કરાવે છે. ફોઈ તેમા પતિ અને ભત્રીજા બંને વચ્ચે મેળ કરાવવાના બહાને લે ખાનાવાળી બતકમાંથી જેંદરાને દારૂ પાય છે. અને જળરાને જળ પાય છે. દારૂના નશામાં ચકચૂર બનેલા પોતાના ફુવા જેંદરાને મારીને ઝળશે પોતાના પિતા–કાકા ભાઈઓનું વેર લે છે.

અહીં તેમા જ પોતાના પિયર પક્ષના ભત્રીજાના પક્ષમાં રહીને પોતાના પતિને મરાવે છે. અહીં તેનો માતૃપક્ષ પુનઃ બળવાન બની જાય છે. ભીલો સાંપ્રત જીવનમાં પણ પોતાની દીકરી–બહેન–ફોઈને સાસરીમાં પીડવા કે દુઃખ દેવામાં આવે તો ચરેચરુ કરે છે અને તેમની ઘરવખરીનો નાશ કરી દંડે છે. તેમ છતાં કનડગત ચાલુ રહે તો તેમની દીકરી–બહેન–ફોઈ સમક્ષ તેમના પતિને હણતાં અચકાતા નથી. અહીં ભીલોમાં એક કાળે પ્રચલિત માતૃસતાક જીવન પ્રણાલીનાં દર્શન થાય છે.

પાબૂજી રાઠોડનું ચરિત્ર રૂપાંતરિત થઈને ભીલોની પરંપરામાં આવ્યા પછી એ ચરિત્રનું નિર્વહણ એક જ પ્રકારે થયું છે. એ ચરિત્રમાં પાઠાંતરો મળતાં નથી. કારણ કે જયારે ગાયક કથા ગીતો હોય ત્યારે તેની સન્મુખ હંમેશા શ્રોતાઓ રહે છે. ડૉ. ભગવાનદાસ પટેલ નોંધે છે. તેમ ભજનમાં આવતી કથાઓ, વર્ણનો, ઘટના અને છતી થતી પરંપરાઓથી શ્રોતા પરિચિત હોય

છે. કથાનાં પાત્રો અને પ્રસંગોનું તાદાત્મયીકરણ થયેલું હોય છે. આથી મુખ્ય સાધ આ પરંપરિત કથામાં ભળતું કે જુદું કોઈ પણ જોડે કે પોતાની કલ્પનાથી નવો પ્રસંગ કે ભજન બનાવે તો શ્રોતાઓનું માનસ તે બાબતનો સ્વીકાર પણ કરતું નથી. નિશ્ચિત સ્વરૂપનો પાક જ કંઠસ્થ પરંપરા દ્વારા ચાલે ને નવી નવી કડીઓ, ચરણો, ખંડો કે કથા ન ઉમેરાય તેવી ભીલોની આગવી શિસ્તને કારણે ચારિત્રનું એક જ સ્વરૂપ જોવા મળે છે.

# સંદર્ભ સૂચી


૧. રાઠોર વારતા—વીરતા પ્રધાન લોકમહાકાવ્ય : ડૉ. હસુયાજ્ઞિક પૃ.૧૯૨,૧૯૬,૧૯૩

૨. વનસ્વર – સંપાદક : ડૉ. બળવંત જાની પૃ.૧૭૨,૧૭૪,૧૭૬

૩. આદિવાસી, જાનપદ અને શિષ્ટ મહાકાવ્યોમાં નારી પૃ.૧૯૫,૧૯૮

૪. આદિજાતિ મહાકાવ્યો : સંપાદક ડૉ. ભગવાનદાસ પટેલ

૫. ગોપીચંદ ભરથરીની વારતા : ડૉ. ભગવાનદાસ પટેલ પૃ.૧૮,૨૨,૨૪

૬. ભીલોનું ભારથ : ડૉ. ભગવાનદાસ પટેલ પ્રથમ આવૃત્તિ ૧૯૯૭ પૃ.૧૮

૭. લોકગુર્જરી—૧૬ : બળવંત જાની પૃ.૨૪૨

૮. ડુંગરી ભીલોનો ગુજરાંનો અરેલો : પ્રથમ આવૃતિ માર્ચ ૧૯૯૩
ડૉ. ભગવાનદાસ પટેલ પૃ.૭૭,૫૨,૫૬,૫૯

૯. વનસ્વર : પ્રથમ આવૃત્તિ ૨૦૦૩ : ડૉ. બળવંત જાની
ડૉ. હસુ યાજ્ઞિકનો લેખ 'ગુજરાંનો અરેલો આદિવાસી લોકમહાકાવ્ય' પૃ.૧૯૫,૧૯૭

૧૦. રોમ—સીતમાની વારતા : ડૉ. ભગવાનદાસ પટેલ પૃ.૪૮૦,૫૦૩